# INDEX

SUBJECT : ગણિત (Mathematics)


| Activity No. | Title | Components★ of Creativity | Approach● | Page No. |
|---|---|---|---|---|
| ૧. | પ્રોત્સાહક કાર્યો (Encouraging Activities) | F, Fl, 0 | A | 1 |
| ૨. | ગાણિતિક ખ્યાલ-૧ (Mathematical Concepts -1) | F, Fl, 0 | A | 1 |
| ૩. | ગાણિતિક ખ્યાલ-૨ (Mathematical Concepts -2) | F, 0 | A | 2 |
| ૪. | સાંખ્યિક રમત (Number Game) | F, Fl, 0 | A | 3 |
| ૫. | ગાણિતિક ક્રિયાઓ (Mathematical Calculations) | F, 0 | A | 3 |
| ૬. | ગાણિતિક ક્રિયાઓની ચકાસણી (Checking of Mathematical Calculations) | F, 0 | A | 4 |
| ૭. | સમાન અંકોનો ઉપયોગ (Use of Similar Digits) | F, 0 | A | 4 |
| ૮. | વિશિષ્ટ અપૂર્ણાંકો (Unique Fractions) | F, 0 | A | 5 |
| ૯. | આકારોની રમત (Playing with shapes) | F, 0 | A | 5 |
| ૧૦. | દિવાસળીનો ખેલ (Interesting (games with match sticks) | F, 0 | A | 6 |
| ૧૧. | કોયડા ઉકેલ (Puzzle Solving) | F, 0 | A | 7 |
| ૧૨. | ભૌમિતિક અનુસંધાન (Geometrical Reference) | F, 0 | A | 8 |

| SUBJECT : ગુજરાતી (Gujarati) | | | | |
|---|---|---|---|---|
| Activity No. | Title | Components★ of Creativity | Approach● | Page No. |
| ૧૩. | શબ્દ રમત (Playing with Words) | F, Fl, 0 | A | 9 |
| ૧૪. | ભાષા વિહાર (Pleasure with Language ) | F, Fl, 0 | A | 10 |
| ૧૫. | ભાષા - કોયડો (Language- Puzzle ) | F, 0 | A | 11 |
| ૧૬. | વૈચારિક પ્રવાહ (Flow of Thoughts) | F, Fl, 0, E | A | 11 |
| ૧૭. | કવિ બનું હું શી રીતે ? (How can I become a Poet ?) | F, Fl, 0 | A | 12 |
| ૧૮. | કાવ્ય પૂર્તિ (Completion of Poem) | F, Fl, 0 | A | 13 |
| ૧૯. | એકમનું નાટ્યીકરણ (Dramatization of a lesson) | F, 0, E | W | 13 |
| ૨૦. | સ્ક્રીપ્ટ લેખન (એક પાત્રીય અભિનય) Script Writing (Monoacting) | F, 0, E | W | 19 |
| ૨૧. | મૂલ્ય આધારિત પ્રસંગ વાર્તા (Value based events) | F, 0 | A | 21 |
| ૨૨. | વાર્તા લેખન (Developing a Story) | F, Fl, 0, E | A | 25 |
| ૨૩. | બાલ-વાર્તા સર્જન (Story Writing for Children) | F, Fl, 0, E | W | 25 |
| ૨૪. | વાર્તા કથન (Story Telling) | F, Fl, 0, E | W | 42 |
| SUBJECT : પર્યાવરણ અભ્યાસ (Environmental Study) | | | | |
| ૨૫. | શૈક્ષણિક રમતો (Educational games) | F, Fl, 0, E | A | 53 |
| ૨૬. | જોડકણાં (Couplets) | F, Fl, 0 | A | 54 |
| ૨૭. | આવો કરીએ સર્જન ..... ! (Let us create .... !) | F, Fl, 0, E | W | 55 |

| Activity No. | Title | Components★ of Creativity | Approach● | Page No. |
|---|---|---|---|---|
| ૨૮. | ઉખાણાંની રચના (Riddles Writing) | F, Fl, 0, | A | 57 |
| ૨૯. | ગીત રચના (Lyric Writing) | F, Fl, 0, | A | 57 |
| | **SUBJECT : વિજ્ઞાન (Science)** | | | |
| ૩૦. | જૂથ બનાવવા (Group Making) | F, Fl, 0, | A | 58 |
| ૩૧. | ડીસ્કવરી (ડેમોન્સ્ટ્રેશન/લેબોરેટરી) લેસન પ્લાન (Discovery Demonstration/ Laboratory Lesson Plan) | F, Fl, 0, | W | 59 |
| | **SUBJECT : હિન્દી (Hindi)** | | | |
| ૩૨. | शब्द निर्माण और मुहावरे (Word Construction and idioms) | F, Fl, 0 | A | 66 |
| ૩૩. | चिन्तनात्मक विचार (Reflective Thinking) | F, Fl, 0, E | A | 67 |
| ૩૪. | संवाद पर आधारित शीर्षक (Titles to the given dialogues) | F, 0 | A | 67 |
| ૩૫. | संवाद लेखन (Dialogue Writing) | F, 0, E | A | 68 |
| ૩૬. | कहानी लेखन (Story Writing) | F, Fl, 0, E | A | 68 |
| ૩૭. | शीर्षक एवं शब्द विचार (Titles and words) | F, 0 | A | 68 |
| ૩૮. | काव्य पूर्ति (Completion of poem) | F, Fl, 0 | A | 69 |
| ૩૯. | काव्य लेखन (चित्र आधारित) (Picture based Poetry Writing) | F, Fl, 0 | A | 69 |
| ૪૦. | खेल – खेलमें (While Playing) | F, 0 | A | 70 |

| SUBJECT : અંગ્રેજી (English) | | | | |
|---|---|---|---|---|
| Activity No. | Title | Components★ of Creativity | Approach● | Page No. |
| ૪૧. | સ્પેલીંગ ગેઇમ (Spelling Game) | F, Fl, 0 | A | 71 |
| ૪૨. | શાબ્દિક વર્ણન (Verbal Description) | F, 0 | A | 71 |

| SUBJECT : સંગીત (Music) | | | | |
|---|---|---|---|---|
| ૪૩. | સ્વર સંયોજન (Compositions) | F, O, E | W | 72 |
| ૪૪. | ગીત સંગીત દ્વારા યોગ, સ્વાસ્થ્ય અને મૂલ્યલક્ષી શિક્ષણ (Education of yoga, physical education and value based education through music and songs) | F, 0, E | W | 79 |

| SUBJECT : ચિત્ર (Drawing) | | | | |
|---|---|---|---|---|
| ૪૫. | ભૌમિતિક આકારોનું સંયોજન (Combination of Geometrical shapes) | F, Fl, 0, E | W | 86 |
| ૪૬. | શબ્દો પણ અને ચિત્રો પણ (Words and pictures) | F, Fl, 0, E | W | 86 |
| ૪૭. | કલ્પનાશક્તિની તીવ્રતા (Flow of imaginative power) | F, Fl, 0 | W | 87 |
| ૪૮. | ચિત્ર વર્કશીટની રચના (Preparation of picture work sheets) | F, Fl, 0, E | W | 88 |
| ૪૯. | ચિત્રાત્મક અભિવ્યક્તિ (Pictorial presentation) | 0, E | W | 89 |
| ૫૦. | ચિત્રો અને સૂત્રો દ્વારા જાગૃતિ (Awareness through Pictures & Sloguns) | F, 0, E | W | 89 |

| Activity No. | Title | Components★ of Creativity | Approach● | Page No. |
|---|---|---|---|---|
| ૫૧. | ચિત્ર વાર્તા (Pictorial Story) | F, Fl, 0, E | W | 91 |
| ૫૨. | ટેનગ્રામ (Tangram) | F, Fl, 0 | A | 92 |


★ F - Fluency, Fl - Flexibility, O - Originality, E - Elaboration

● A -Activity based Approach, W - Workshop Approach

**CREATIVITY PROGRAMME**

[library stamp]

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૧** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- પ્રોત્સાહક કાર્યો (Encouraging Activities)**

**સંબંધિત વિષયો :-** પર્યાવરણ અભ્યાસ, વિજ્ઞાન, ગણિત, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-** નીચે આપેલી પ્રવૃત્તિઓ અંતર્ગત વિગતો તથા ઉદાહરણનો અભ્યાસ કરીને તે મુજબ નોંધ તૈયાર કરો.

૧. બાળકની આસપાસની દરેક પરિસ્થિતિ પ્રયોગશાળા છે. દરેકે દરેક પદાર્થ, વસ્તુઓ કે ઘટનાઓ તેમાં સાધન છે. આ બધાંના યોગ્ય ઉપયોગ દ્વારા બાળકો શીખે તે માટે તેમને કેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવા પ્રોત્સાહિત કરી શકાય, તે અંગેની યાદી તૈયાર કરો.

દા.ત. આસપાસ સાંભળવા મળતા અવાજો ઓળખવા.

૨. **"બાળક ગણતાં શીખે"** - તે માટે, વર્ગખંડ સિવાય રોજિંદા જીવનની અનેક પ્રવૃત્તિઓ ઉપયોગી બને, તેવી ક્રિયાઓ/પ્રવૃત્તિઓની યાદી તૈયાર કરો.

દા.ત. ડગલાં ચાલતો જાય અને ગણતો જાય.

૩. ગણિતને જીવન સાથે સંબંધ છે. વસ્તુઓ વચ્ચેના સંબંધો-ઓછું-વધારે, નાનું-મોટું, લાંબું-ટૂંકું, માપન, સમાનતાના આધારે જૂથનિર્માણ, તુલના, વસ્તુઓમાં ઉમેરો, ઘટાડો, વગેરે બાબતો ગણિત શિક્ષણ માટે પાયાની છે. આ બધી બાબતોને વ્યવહાર સાથે જોડવાની શકય તેટલી વિવિધ રીતોની યાદી ઉદાહરણ સહિત લખો.

દા.ત

**વાર્તા**

એક વીણા નામની છોકરી હતી. એને ફૂલ બહુ ગમે. એના બાપુજી એને માટે એક મોગરાનો છોડ લાવ્યા. એણે એ કૂંડામાં રોપ્યો. રોજ એને પાણી આપે ત્યારે જુએ કે ફૂલ આવ્યું ? એક સવારે એને નાની કળી દેખાઇ. એ દોડતી બા પાસે ગઇ. બાને કૂંડા પાસે લઇ આવી. બા એ કળી જોઇને કહ્યું, 'આ કળી છે, ૪ દિવસ પછી એનું ફૂલ થશે.' વીણા વિચારવા લાગી આજે મંગળવાર. ફૂલ કયા વારે આવશે? તમે કહો કે ફૂલ કયા વારે આવશે ?

૪. **'સંખ્યાજ્ઞાન'** - ના પ્રવૃત્તિલક્ષી શિક્ષણ માટે ઉપયોગમાં લઇ શકાય તેવી, સ્થાનિક પર્યાવરણમાંથી ઉપલબ્ધ હોય તેવી પ્રાપ્ય ચીજ-વસ્તુઓની યાદી તૈયાર કરો.

દા.ત. વનસ્પતિના પાંદડા

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૨** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- ગાણિતિક ખ્યાલ-૧ (Mathematical Concepts -1)**

**સંબંધિત વિષયો :-** ગણિત, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-** નીચે આપેલી પ્રવૃત્તિઓ અંતર્ગત વિગતો તથા ઉદાહરણનો અભ્યાસ કરીને તે મુજબ કાર્યની નોંધ કરો.

૧. ગણિતમાં વપરાતા અંક '**૧**' (એક) ની શક્ય તેટલી વધુ વિશેષતાઓ જણાવો.

દા.ત. કોઈપણ સંખ્યા ને ૧ વડે ગુણવાથી ગુણાકાર તે સંખ્યા જેટલોજ આવે છે.

જેમકે, ૩૫ X ૧ = ૩૫

**૨.** ૩૮૨ X ૯ = ૩૪૩૮

૬૭૪૮ X ૯ = ૬૦૭૩૨

૩૮૫૦૭ X ૯ = ૩૪૬૫૬૩

ઉપર દર્શાવેલ ૯ વડે ગુણાયેલી સંખ્યાઓના સંદર્ભમાં જોવા મળતી વિશેષતા તારવો.

**૩.** ૫૮ ÷ ૯ = ......

૭૫૭ ÷ ૯ = ......

૨૬૫૪ ÷ ૯ = ......

૬૧૨૪૫ ÷ ૯ = ......

ઉપર દર્શાવેલી સંખ્યાઓને ૯ વડે ભાગતાં રહેતી શેષ, આવા પ્રકારના ભાગાકારમાં રહેલી કઈ વિશેષતા બતાવે છે ?

૪. **'ગુણાકાર એ પુનરાવર્તિત સરવાળો છે.'** - વિધાનની સમજૂતિ માટેના શક્ય તેટલા વધુ ઉદાહરણો દર્શાવો.

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૩** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- ગાણિતિક ખ્યાલ-૨ (Mathematical Concepts -2)**

**સંબંધિત વિષયો :-** ગણિત, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-** નીચે આપેલી પ્રવૃત્તિઓ અંતર્ગત વિગતોનો અભ્યાસ કરીને કાર્ય કરો અને તેની નોંધ કરો.

૧. નીચે કોષ્ટકમાં આપેલી સંખ્યાઓના સાત જૂથમાંની પ્રત્યેક સંખ્યાને કોઈ એક ચોક્કસ એક અંકની સંખ્યા વડે નિઃશેષ ભાગી શકાય છે, તે કઈ સંખ્યા છે, તે જણાવો. તેમજ દરેક જૂથમાં તે સંખ્યા વડે નિઃશેષ ભાગી શકાય તેવી વધારે સંખ્યાઓ ઉમેરો અને તે માટેની સમજૂતિ / તારણ તારવો.

| જૂથ-૧ | જૂથ-૨ | જૂથ-૩ | જૂથ-૪ | જૂથ-૫ | જૂથ-૬ | જૂથ-૭ |
|---|---|---|---|---|---|---|
| ૭૦૭ | ૧૨૩૧૨૩ | ૧૦૧૦૧૦ | ૧૦૭૧૦ | ૧૦૦૧૦ | ૧૦૭૩૧ | ૧૦૦૩૧ |
| ૬૧૬ | ૫૨૩૫૨૩ | ૧૧૧૧૧૧ | ૧૧૭૧૧ | ૧૧૦૧૧ | ૫૫૭૬૨ | ૫૫૦૬૨ |
| ૫૨૫ | ૬૫૦૬૫૦ | ૧૨૧૨૧૨ | ૧૨૭૧૨ | ૧૨૦૧૨ | ૩૨૭૩૯ | ૩૨૦૩૯ |
| ૪૩૪ | ૯૭૩૯૭૩ | ૧૩૧૩૧૩ | ૧૩૭૧૩ | ૧૩૦૧૩ | ૧૫૭૮૫ | ૧૫૦૮૫ |
| . | . | . | . | . | . | . |
| . | . | . | . | . | . | . |

૨. **કોઈપણ સંખ્યા X ૦ = ૦ અને ૦ X કોઈપણ સંખ્યા = ૦**

ઉપરોક્ત બાબતની તર્કબધ્ધ સમજ કેવી રીતે આપી શકાય ? શક્ય ઉદાહરણોની મદદથી સમજૂતિ આપો.

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૪** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- સાંખ્યિક રમત (Number Game)**

**સંબંધિત વિષયો :-** ગણિત, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-**નીચે આપેલી પ્રવૃત્તિઓ અંતર્ગત વિગતોનો અભ્યાસ કરીને તે મુજબ કાર્ય કરો અને તેની નોંધ કરો.

૧. અંકો ૧,૨ અને ૩ નો ઉપયોગ કરીને શક્ય તેટલી વધુ સંખ્યાઓ બનાવો.

૨. ૧ થી ૫ સુધીના અંકોનો ઉપયોગ કરીને, બને તેટલા સરવાળા કરો કે જેમનો જવાબ ૬(છ) થાય.

૩. '૪' ને ગાણિતિક ક્રિયાઓના ઉપયોગ વડે શક્ય તેટલી જુદી જુદી રીતે દર્શાવો.

૪. ત્રણ આંકડાની બનેલી એવી સંખ્યાઓ લખો કે જેમને ઊંધેથી વાંચીએ તો પણ તેની તે જ વંચાય, તેમજ ત્રણેય અંકોનો સરવાળો ' ૯ ' (નવ) હોય.

દા.ત. ૧૭૧

૫. " ૧૬ " ને ગાણિતિક ક્રિયાઓ અને અન્ય ગાણિતિક ખ્યાલો ના સંદર્ભમાં વિવિધ રીતે લખો.

૬. એક સફરજનના બે સરખા ભાગ કરીએ તો મળતો એક અડધો ભાગ અપૂર્ણાંક માં કઈ રીતે લખાય ? આ જ અપૂર્ણાંકને અન્ય કેટલી રીતે લખી શકાય તે દર્શાવો.

૭. એવી સંખ્યાઓની શક્ય તેટલી વધુ જોડીઓ દર્શાવો કે જેમનો ગુણાકાર કરવાથી જવાબ ૧ મળે.

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૫** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- ગાણિતિક ક્રિયાઓ (Mathematical Calculations)**

**સંબંધિત વિષયો :-** ગણિત, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-** નીચે આપેલી પ્રવૃત્તિઓ અંતર્ગત વિગતોનો અભ્યાસ કરીને તે મુજબ કાર્ય કરો તેમજ આ પ્રકારની નવી ગાણિતિક પ્રવૃત્તિઓ વિકસાવો.

૧. ૧૦૦ ના ચાર એવા ભાગ કરો કે, એક ભાગમાંથી ૪ બાદ કરીએ, બીજા ભાગમાં ૪ ઉમેરીએ, ત્રીજા ભાગને ૪ વડે ગુણીએ અને ચોથા ભાગને ૪ વડે ભાગીએ તો જવાબ સરખો જ આવે.


૨. શૂન્ય (૦) થી નવ (૯) સુધીના બધાજ અંકોનો એક જ વાર ઉપયોગ કરીને વિવિધ ગાણિતિક ક્રિયાઓ વડે જવાબ ૧ મેળવો. શક્ય તેટલી વધુ રીતો દર્શાવો.

દા.ત. $\frac{૧૪૮}{૨૯૬} + \frac{૩૫}{૭૦} = \frac{૧}{૨} + \frac{૧}{૨} = ૧$

૩. અંકો ૧ (એક) થી ૯ (નવ) ને પ્રત્યેક એકજ વખત આવે તે રીતે, નીચેના ચોરસ ખાનાઓમાં એવી રીતે ગોઠવો કે આડી હાર અને ઊભા સ્તંભનો સરવાળો ૧૫ થાય.

| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |

૪. આપેલા વર્તુળમાં અન્ય આંકડાઓની ગોઠવણી પરથી વિચારો કે (?) વાળા ખાનામાં કયો આંકડો આવે ?




૫. શક્ય તેટલી વધુ, એવી સંખ્યાઓ શોધો કે જેમને એ જ સંખ્યા વડે ગુણ્યા-ભાગ્યા (ક્રમીક રીતે) કરવાથી, જવાબ એ જ સંખ્યા મળે.

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૬** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- ગાણિતિક ક્રિયાઓની ચકાસણી (Checking of Mathematical Calculations)**

**સંબંધિત વિષયો :-** ગણિત

**સૂચના :-** વિવિધ ગાણિતિક ક્રિયાઓ (સરવાળો, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર) સાચી રીતે કરવામાં આવી છે, કે નહી તેની ચકાસણી કરવાની (તાળો મેળવવાની) વિવિધ રીતો ઉદાહરણ સાથે દર્શાવો.

દા.ત.

$$\begin{array}{r} ૧૨ \\ -\ ૭ \\ \hline ૫ \end{array}$$

અહીં ૧૨ માંથી ૭ બાદ કરતાં જવાબ ૫ મળે છે, તેની ચકાસણી કરવા માટે બાદ કરવાની સંખ્યા મળતા જવાબમાં ઉમેરીએ તો મૂળ સંખ્યા મળે જેમ કે ,

$$\begin{array}{r} ૭ \\ +\ ૫ \\ \hline ૧૨ \end{array}$$

આથી કહી શકાય કે બાદબાકીની ક્રિયા સાચી રીતે કરવામાં આવી છે.

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૭** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- સમાન અંકોનો ઉપયોગ (Use of Similar Digits)**

**સંબંધિત વિષયો :-** ગણિત, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-** નીચે આપેલી પ્રવૃત્તિઓ અંતર્ગત વિગતોનો ધ્યાનથી અભ્યાસ કરો અને જવાબો મેળવો. આ પ્રકારની અન્ય પ્રવૃત્તિઓ વિકસાવો.

૧. ૧ થી ૯ અંકો પૈકીનો ગમે તે એક માત્ર અંક પાંચ વખત લઈને (દા.ત ૧,૧,૧,૧,૧) ગમે તે ગાણિતિક ક્રિયા વડે એવી રીતે લખો કે તેનો જવાબ ૧૦૦ આવે. જુદા જુદા અંકોની પસંદગી વડે શક્ય તેટલી રીતે જવાબો મેળવો.

દા.ત ૧૧૧-૧૧ = ૧૦૦ (અહી '૧' અંકનો પાંચ વખત ઉપયોગ કર્યો છે.)

૨. કોઈપણ ત્રણ સમાન અંકોનો ઉપયોગ કરી, ગમે તે ગાણિતિક ક્રિયાઓ દર્શાવીને પરિણામ ૨૪ મેળવો.

૩. પાંચ વખત અંક '૪' (ચાર) નો ઉપયોગ કરી, ગમે તે ગાણિતિક ક્રિયાઓ દર્શાવીને પરિણામ ૪૫૨ મેળવો.

૪. પાંચ વખત અંક ૯ (નવ) નો ઉપયોગ કરી, ગમે તે ગાણિતિક ક્રિયાઓના ઉપયોગથી પરિણામ ૧૦ મેળવો.

૫. ચાર એકડાનો ઉપયોગ કરીને મળતી સૌથી મોટી સંખ્યા કઈ રીતે દર્શાવશો ?

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૮** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- વિશિષ્ટ અપૂર્ણાંકો (Unique Fractions)**

**સંબંધિત વિષય :-** ગણિત

**સૂચના :-** નીચે આપેલ ઉદાહરણ અને તે સંબંધી વિગતનો અભ્યાસ કરીને સુચિત કાર્યની નોંધ કરો.

દા. ત. $\frac{૭}{૫} + \frac{૭}{૨} = \frac{૧૪ + ૩૫}{૧૦} = \frac{૪૯}{૧૦}$ અને $\frac{૭}{૫} \times \frac{૭}{૨} = \frac{૭ \times ૭}{૫ \times ૨} = \frac{૪૯}{૧૦}$

ઉપરના ઉદાહરણમાં બંને અપૂર્ણાંકોનો સરવાળો અને ગુણાકાર કરતાં જવાબ એકસરખો જ મળે છે. આવા શક્ય તેટલાં વધુ અપૂર્ણાંકોની જોડી બનાવો, તેમજ આવા અપૂર્ણાંકોનો સરવાળો અને ગુણાકાર કરવાથી જવાબ બદલાતો નથી ત્યારે તે અપૂર્ણાંકમાં જોવા મળતી નોંધપાત્ર બાબતો દર્શાવો.

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૯** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**


**શિર્ષક :- આકારોની રમત (Playing with shapes)**

**સંબંધિત વિષયો :-** ગણિત (ભૂમિતિ), શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**જરૂરી સામગ્રી :-** કાર્ડ પેપર / પૂંઠા, કાતર / કટર, માપપટ્ટી, પેન્સિલ

**સૂચના :-** તમને આપવામાં આવેલા કાર્ડ પેપર / પૂંઠા માંથી નીચે દર્શાવ્યા મુજબના આકારો બનાવી કટીંગ કરો. ત્યારબાદ તે આકારોને કેટલાંક અનિયમિત ભાગમાં કાપીને ટૂકડા કરી નાખો. હવે આ ભાગોને જુદી જુદી રીતે ગોઠવીને

શકય તેટલા નવા પ્રકારના ભૌમિતિક આકારો બનાવો અને તેમની નોંધ કરો.



---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૧૦** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**


**શિર્ષક :- દિવાસળીનો ખેલ** (Interesting games with match sticks)

**સંબંધિત વિષયો :-** શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ, ગણિત (ભૂમિતિ)

**સૂચના :-** નીચે આપેલી પ્રવૃત્તિઓ અંતર્ગત આકૃતિઓનો અભ્યાસ કરીને સૂચવ્યા અનુસાર કાર્ય હાથ ધરો.

**જરૂરી સામગ્રી :-** દિવાસળીઓ અથવા એક સરખા માપની સળીઓ

૧. બાર (૧૨) દિવાસળીઓની મદદથી નીચે બતાવ્યા મુજબની આકૃતિ બનાવો.



૧. આ આકૃતિમાં કેટલા ચોરસ છે ?

૨. આકૃતિમાંથી બે દિવાસળી એવી રીતે ઉઠાવો કે જેથી બે ચોરસ રહે/બને.


૩. આકૃતિમાંથી બે દિવાસળીઓ ઉપાડીને એવી રીતે ગોઠવો, જેથી કુલ સાત ચોરસ બને.

૪. આકૃતિમાંથી ત્રણ દિવાસળીઓ ઉપાડીને એવી રીતે ગોઠવો કે જેથી એક જેવા ત્રણ ચોરસ બને.

૫. આકૃતિમાંથી ચાર દિવાસળીઓ ઉપાડીને એવી રીતે ગોઠવો કે જેથી એક જેવા ત્રણ ચોરસ બને.


૬. આકૃતિમાંથી ચાર દિવાસળીઓ ઉપાડીને એવી રીતે ગોઠવો કે જેથી કુલ દસ ચોરસ બને.

**૨.** બાર (૧૨) દિવાસળીઓની મદદથી બતાવ્યા મુજબની આકૃતિ બનાવો.



આકૃતિમાંથી ચાર (૪) દિવાસળીઓ ઉપાડીને એવી રીતે ગોઠવો કે જેથી ત્રણ (૩) ત્રિકોણ બની જાય.

**૩.** કુલ ૧૮ દિવાસળીઓની મદદથી બતાવ્યા મુજબની આકૃતિ બનાવો. આ આકૃતિમાં કુલ કેટલા ત્રિકોણો બને છે તે જણાવો.



**પ્રવૃત્તિ ક્રમાંક :- ૧૧** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**


**શિર્ષક :- કોયડા ઉકેલ (Puzzle Solving)**

**સંબંધિત વિષયો :-** ગણિત, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ


**સૂચના :-** નીચે આપેલા કોયડાઓનો ઉકેલ મેળવો.

૧. ગાંધારીને એકજ પૂત્રી હતી - દુશ્શલા. કૌરવો - પાંડવોએ ગુરુ દ્રોણ પાસે ધનુર્વિદ્યા શીખવા માંડી ત્યારે દુશ્શલાની ઉંમર કરતાં તેની માતાની ઉંમર ત્રણ ગણી હતી. ૧૦ વર્ષ પછી દુશ્શલાની ઉંમર કરતાં ગાંધારીની ઉંમર બમણી થઇ હતી. તો કૌરવ - પાંડવો ધનુર્વિદ્યા શીખવા માંડ્યા ત્યારે દુશ્શલાની ઉંમર કેટલી હતી ?

૨. ઇંટો વડે ચણતર કર્યું હોય એવી આ આકૃતિની દરેક બાજુ કે રેખાખંડને એકજવાર છેદે તેવી સળંગ લીટી તમે દોરી શકો ? એક લીટી અથવા રેખાખંડ બે વાર ન છેદી શકાય. કરો પ્રયત્ન.



૩. અહીં દર્શાવેલાં ચાર સરખા માપના ચોરસ, એ ટાઇલ્સના આકારો છે . આ ચાર ટાઇલ્સને એવી રીતે ગોઠવો કે જેથી આ જ ચાર સરખા ચોરસની આકૃતિની સાથે સાથે / ઉપરાંત, પાંચ નાના ચોરસોની એક બીજી આકૃતિ પણ બને.



૪. એક વિદ્યાર્થીએ કુલ ૮ (આઠ) કરોળિયાં અને ભમરા એકઠા કર્યા છે, જેમનાં કુલ પગ ૫૪ થાય છે. તો વિદ્યાર્થીએ ભેગાં કરેલાં કરોળિયા અને ભમરા કેટલાં હશે ?

*(કરોળિયાને ૮ પગ હોય છે, જ્યારે ભમરાને ૬ પગ હોય છે.)

૫. અહીં દર્શાવેલાં બે સમીકરણોમાં એક માત્ર સીધી રેખા/ લીટી ઉમેરીને બંને બાજુઓને, દર્શાવ્યા મુજબ સરખી બનાવવાની છે. એટલેકે, ડા.બા. બરાબર જ.બા. સાબિત કરવાની છે.

**CREATIVITY PROGRAMME**

(૧) 5 + 5 + 5 = 550 (૨) VI = I

---


**પ્રવૃત્તિ ક્રમાંક :- ૧૨** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- ભૌમિતિક અનુસંધાન** (Geometrical Reference)

**સંબંધિત વિષયો :-** ગણિત (ભૂમિતિ) , અધ્યયન-અધ્યાપન સામગ્રી નિર્માણ અને ઉપયોગ સંબંધી ક્ષમતાઓ


**જરૂરી સામગ્રી :-** આલેખ પત્ર, કાતર, કોરોકાગળ, ગુંદર

**સૂચના :-** સૌ પ્રથમ આલેખપત્રમાંથી અનુક્રમે ૨,૩,૪ ....... ચોરસ ખાના ધરાવતી સ્ટ્રીપ કાપો. તે પૈકી નીચે દર્શાવ્યા મુજબ બે સ્ટ્રીપ અને નીચે બંને સ્ટ્રીપના કુલ ચોરસ ખાનાં ધરાવતી ત્રીજી સ્ટ્રીપ ગોઠવો.




- હવે આલેખ પત્રમાંથી ૧ X ૧, ૨ X ૨, ૩ X ૩, ૪ X ૪ ...... ચોરસ કટીંગ કાપો.


**દા.ત.**




- ઉપર મુજબ કાપેલા જુદા જુદા સમચોરસ કટીંગને નીચેની આકૃતિઓમાં દર્શાવ્યા મુજબ વિવિધરીતે એક કોરા કાગળ પર ચોંટાડો.



આકૃતિ- ૧



આકૃતિ- ૨



આકૃતિ- ૩

- ઉપરનું કાર્ય પૂર્ણ કર્યા બાદ નીચે દર્શાવેલા પ્રશ્નો અંગે વિચારો અને તેના જવાબો દર્શાવો.

  ૧. ઉપરની આકૃતિઓ -૧,૨,૩ નું અવલોકન કરીને, ત્રિકોણની ત્રણેય બાજુઓના માપ અંગે શું તારવી શકાય ?

  ૨. ઉપરની આકૃતિઓ -૧,૨,૩ અંતર્ગત બનતા ત્રિકોણના પ્રકારો અને ત્રિકોણની બાજુઓના માપ અંગે શું તારણો મળશે ?

  ૩. ઉપરની આકૃતિઓમાં બનતા ત્રિકોણો અંતર્ગત સૌથી મોટા ખૂણા સંદર્ભે કઇ કઇ બાબતો તારવી શકાય ?

---


**પ્રવૃત્તિ ક્રમાંક :- ૧૩** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- શબ્દ રમત (Playing with Words)**

**સંબંધિત વિષયો :-** ગુજરાતી, પર્યાવરણ અભ્યાસ, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ, અધ્યયન-અધ્યાપન સામગ્રી નિર્માણ અને ઉપયોગ સંબંધી ક્ષમતાઓ.

**સૂચના :-** નીચે આપેલી પ્રવૃત્તિઓ અંતર્ગત કોષ્ટક અને/અથવા સૂચનાનો અભ્યાસ કરીને તે મુજબ કાર્ય કરો. શબ્દોની નોંધ કરો તથા શબ્દ ભંડોળ વિકસાવવાના હેતુસર આ પ્રકારની વિવિધ શબ્દ રમતો વિકસાવો.

(૧.)




**સૂચના :-** ઉપર દર્શાવેલા લંબચોરસમાં મધ્યમાં '**૨**' અક્ષર લખ્યો છે. ખાલી ચોકઠામાં એવા મૂળાક્ષરો ભરો કે ઉપરના ભાગના શબ્દોમાં છેલ્લો અક્ષર '**૨**' આવે અને નીચેના ભાગના શબ્દોમાં પહેલો અક્ષર '૨' આવે.

(૨.) **"વાતાવરણ"** - શબ્દમાં આવતા અક્ષરોના ઉપયોગ વડે શક્ય તેટલા વધુ અર્થપૂર્ણ શબ્દો બનાવો.

(૩.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| બા | દાં | મ | સ | ટી | હો |
| ત | રી | ના | પા | ની | સ્તા |
| ચો | કા | ચ | ૨ | ઉ | દ |
| ઇ | ક | ન | ભ | મે | વા |
| ટ | ક | મ | ડ | ૨ | ચો |
| નિ | ૨ | સ | ત | ગ | ત |

**સુચના :** આપેલા કોષ્ટકમાંના અક્ષરોના ઉપયોગ વડે શક્ય તેટલા વધારે શબ્દો બનાવો. આડી, ઊભી, કે ત્રાંસી કોઇ પણ રીતે શબ્દ બનાવી શકાય.

**દા.ત.** '**નાપાસ**'જેમાં ના,પછી પા,પછી સ, આવા દરેક નવા શબ્દ માટે આ જ અક્ષરો વારંવાર વાપરી શકાય.

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૧૪** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- ભાષા વિહાર** (Pleasure with Language )

**સંબંધિત વિષયો :-** ગુજરાતી, પર્યાવરણ અભ્યાસ, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-** નીચે આપેલી પ્રવૃત્તિઓ અંતર્ગત વિગતો અને ઉદાહરણનો અભ્યાસ કરી તે મુજબ કાર્ય કરી નોંધ કરો તેમજ આ પ્રકારે ભાષા વિહાર દ્વારા ભાષા કૌશલ્ય વિકસાવી શકાય તેવી અન્ય પ્રવૃત્તિઓ બનાવો.

(૧) નીચેના ઉદાહરણોનો અભ્યાસ કરીને દૈનિક જીવનના શક્ય તેટલા વધારે શબ્દો માટે રમૂજ પડે તેવી ટૂંકી વ્યાખ્યા આપો.

દા.ત.
- કૂકડો :- ગામનું ઘડીયાળ
- જેલ :- ભાડા વગરનું ઘર

(૨) 'પાણી' - એક શબ્દના અનેક અર્થો આપતી, વિવિધ સંદર્ભોમાં કહેવતો, લોકગીતની પંક્તિઓ કે સૂત્રો લખો. શક્ય તેટલી વધુ યાદી બનાવતા જાવ.

દા.ત.
- પાણી - પાણી કરવું (ખુશ કરવું )
- જળ બચાવો, જીવન બચશે.

(૩) શક્ય તેટલી વધારે "વિરોધી કહેવતો" દર્શાવો.

દા.ત.
- ન બોલ્યામાં નવ ગુણ X બોલે તેના બોર વેંચાય

(૪) અનુસ્વાર (અક્ષર ઉપર મૂકાતાં મીંડા) મૂકવાથી અર્થ બદલાતો હોય તેવા શબ્દોની શક્ય તેટલી વધુ જોડીઓ લખો.

**દા.ત.**
- (ઢગલો) **ઢગ - ઢંગ** (વર્તન, રીતભાત)

(૫) અહીં આપેલા શબ્દો વાંચતાં જ તમારા મનમાં જે શબ્દો સૂઝે, તેવા શક્ય તેટલા વધારે શબ્દો લખો.

દા. ત. ફૂલ, - સુંદરતા, કોમળતા, હાર, ગુલદસ્તો

- પથ્થર
- ધૂમાડો

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૧૫** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- ભાષા - કોયડો** (Language- Puzzle )

**સંબંધિત વિષયો :-** ગુજરાતી, ગણિત, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-** અહીં આપેલી પ્રવૃત્તિ અંતર્ગત વિગતોના આધારે કોયડાનો ઉકેલ મેળવો તથા આ મુજબ બે-કે તેથી વધારે વિષયોનો અનુબંધ કરીને આવા પ્રકારની પ્રવૃત્તિઓ વિકસાવો.

૨,૨૫૦૫૩

આ આંકડાઓ કોઈ મહાનગરનો ટેલીફોન નંબર કે, કોઈ સ્થળનો પીન કોડ નંબર કે કોમ્પ્યુટરનો પાસવર્ડ નથી.

નીચે દર્શાવેલ કહેવતો, રૂઢિ પ્રયોગોને લગતી ખાલીજગ્યાના જવાબ લખો અને ઉપર દર્શાવેલા આંકડાઓ સાથે તેનો કોઈ સંબંધ છે, કે કેમ તે અંગે વિચારો.

૧. ________ ના બે ન થવું.

૨. એક કરતાં ________ ભલા.

૩. ________ ગાઉએ બોલી બદલાય.

૪. એક સાંધીએ ત્યાં ________ તૂટે.

૫. ________ હાથનું ચીભડું અને ________ હાથનું બી.

૬. જીવતો હાથી ________ નો અને મરે તો ________ નો.

---

**પ્રવૃતિ ક્રમાંક :- ૧૬** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- વૈચારિક પ્રવાહ (Flow of Thoughts)**

**સંબંધિત વિષયો :-** ગુજરાતી, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-** નીચે આપેલી પ્રવૃત્તિઓ અંતર્ગત વિગતોનો અભ્યાસ કરીને તે માટે આપના ચિંતનાત્મક વિચારો રજૂ કરો.

**(૧)** નીચે દર્શાવેલા શબ્દ પર આધારિત શક્ય તેટલા વધારે પ્રેરણાદાયક સુવિચારો લખો.

(૧) વિદ્યા (૨) શિક્ષણ (૩) પુસ્તક

**દા.ત.** નમ્રતા

- નમ્રતા જ્ઞાનનો માપદંડ છે.
- અભિમાન કરતાં નમ્રતા મોટી છે.

**(૨)** નીચે આપેલ પંકિતઓનો અર્થ વિસ્તાર કરો.

**CREATIVITY PROGRAMME**

**હસો, ખૂબ હસો, હજી સમય છે જરા લ્યો હસી,**

**પરંતુ હસવા સમી નવ બનાવશો જિંદગી.**

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૧૭** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- કવિ બનું હું શી રીતે ? (How can I become a Poet ?)**

**સંબંધિત વિષયો :-** ગુજરાતી, પર્યાવરણ અભ્યાસ, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-** અહીં આપેલી પ્રવૃત્તિઓ અંતર્ગત વિગતો અને ઉદાહરણનો અભ્યાસ કરીને તમારા મનમાં ઉદ્ભવતા વિચારોને કાવ્યાત્મક રીતે અભિવ્યક્ત કરવાનો પ્રયત્ન કરો.

**(૧)** "ઉનાળામાં સૂરજ આગના ગોળાની જેમ તપે છે."

"આભની હથેળીમાં સૂરજની ભમતી ભમરડી કોણે કરી ?"

ઉપરોક્ત વાક્ય અને પંક્તિમાં સૂર્ય માટેની કલ્પના અનુક્રમે 'આગના ગોળા' તથા 'ભમતી ભમરડી' જેવા રૂપે વ્યક્ત થયેલી છે. આ જ પ્રમાણે નીચે દર્શાવેલા શબ્દો માટે તમારી કલ્પના આધારે વિવિધ વાક્યો અને પંક્તિઓની રચના કરો.

(૧) પાણી (૨) નદી (૩) ફૂલ

**(૨)** નીચે દર્શાવેલા સોપાનો અનુસાર કાગળ પેન લઈને લખતા જાવ.

૧. પહેલી પંક્તિમાં પસંદગીના વિષય/વસ્તુનું નામ લખો.

૨. બીજી પંક્તિમાં તે વિષય/વસ્તુના બે ગુણોને વર્ણવતાં બે શબ્દો લખો. (વિશેષણો)

૩. ત્રીજી પંક્તિમાં તે વિષય/વસ્તુની ક્રિયા સૂચવતા ત્રણ શબ્દો લખો. (ક્રિયાપદો)

૪. ચોથી પંક્તિમાં તમે પોતે તે વિષય/વસ્તુ અંગે શું અનુભવો છો, તે અંગેના ચાર શબ્દો લખો. (અભિવ્યક્તિ)

૫. પાંચમી અને છેલ્લી પંક્તિમાં શીર્ષક વસ્તુને અભિવ્યક્ત કરે એવો એક શબ્દ લખો. (સમાનાર્થી)

દા.ત.

પતંગિયું

નાજુક, નમણું

ઊડે, પરખે, ચૂમે

જણાય નબળું પણ, નથી

સુંદર.

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૧૮** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

CREATIVITY PROGRAMME

**શિર્ષક :-** **કાવ્ય પૂર્તિ** **(Completion of Poem)**

**સંબંધિત વિષયો :-** ગુજરાતી, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-** નીચે આપેલી પંકિતઓમાં તમારી કાલ્પનિક વિચારધારા ઉમેરતા જાવ અને કાવ્ય પૂર્ણ કરો. કાવ્યપૂર્તિ કર્યા બાદ યોગ્ય શિર્ષક આપો.

આજે અચાનક નજર પડી

વહેલી સવારના સૂરજ ભણી

.........

.........

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૧૯** **અભિગમ :- કાર્યશાળા**

**શિર્ષક :-** **એકમનું નાટ્યીકરણ** **(Dramatization of a lesson)**

**સંબંધિત વિષયો :-** ગુજરાતી,ગણિત, પર્યાવરણ અભ્યાસ, સમાજ વિદ્યા, હિન્દી, અંગ્રેજી, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ, જીવનલક્ષી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સંબંધી ક્ષમતાઓ.

**અન્ય સામગ્રી :-** વાર્તાઓનું રેડિયો નાટ્યરૂપાંતર આધારિત 'આનંદપ્રદ શિક્ષણ' (જોયફૂલ લર્નિંગ) ની ઓડિયો કેસેટ. (પ્રાપ્તિ સ્થાન :- જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન : પ્રત્યેક જિલ્લાના)

**સૂચના :-** અહીં આપેલા નાટ્યીકરણ પ્રક્રિયાના ઘટકો, આવશ્યક સૂચનો અને ઉદાહરણરૂપ એકમના નાટ્યરૂપાંતરનો ધ્યાન પૂર્વક અભ્યાસ કરો. હવે ધો. ૧ થી ૭ ના વિવિધ વિષયોમાંથી કોઇ એક રસપ્રદ એકમ પસંદ કરીને તે એકમનું નાટ્યીકરણ કરો. એકમનું નાટ્ય રૂપાંતર કરતી વેળા આવશ્યક સૂચનો, ઘટકો અને નમૂના રૂપ એકમના નાટ્ય રૂપાંતર નો આધાર લો. પ્રાપ્ય ઓડિયો કેસેટના શ્રવણ દ્વારા સંવાદલેખન માટે જરૂરી બાબતોની નોંધ લઇ, નાટ્યરૂપાંતરને રસપ્રદ બનાવવાનો પ્રયત્ન કરો.

**નાટ્યીકરણ પ્રક્રિયા**

વાર્તા અને નવલકથાની જેમજ નાટકમાં પણ એક કથા અથવા ચોક્કસ વિષય-વસ્તુ હોય છે. જે જીવનના કોઇપણ પાસા, ઘટના અથવા પરિસ્થિતિ પર આધારિત હોય છે, જેની અસર વાચક અને પ્રેક્ષકના મન પર અમિટ છાપ અંકિત કરે છે. આ કથાને નાટકકાર જુદા જુદા દશ્યો અને અંકો (ભાગો) માં વહેંચી દે છે. જે નાટકમાં માત્ર એક જ અંક હોય તેને એકાંકી કહેવાય છે અને જેમાં એકથી વધારે અંકો હોય તેને નાટક કહેવામાં આવે છે.

નાટ્યીકરણ સામાન્યતઃ રંગમંચીય પ્રસ્તુતીકરણ માટે હોય છે. નાટ્ય કલાકારો પોતાની અભિનય કળાથી દર્શકોને આનંદ આપે છે. કલાકારો પાત્રોને અનુરૂપ વેશભૂષા, આચરણ, હાવ-ભાવ અને ભાષા વ્યવહાર કરે છે. નાટકમાં દરેક દશ્ય પરિવર્તનની સાથે સાથે કથા/વિષય-વસ્તુમાં પણ સ્થાન, સમય અને કાર્ય દષ્ટિમાં પરિવર્તન આવે છે. આ એક એવી ખાસ પ્રયુક્તિ છે જેમાં કુતુહલ, જીજ્ઞાસા અને વિસ્મયનું સર્જન થાય છે. પાત્રો વચ્ચે પરસ્પર વિરોધી વિચારોનો સંઘર્ષ, પ્રેમની લાગણી ઇત્યાદિ એટલી હદે અભિવ્યકત થાય છે કે કથા/વિષય વસ્તુની રજૂઆત ચરમ

સીમા પર પહોંચી જાય છે અને અંતે કોઇ યોગ્ય સમાધાનની ભૂમિકા સાથે નાટક સમાપ્ત થાય છે.

**નાટકનું સ્વરૂપ :-**

કોઈપણ નાટક અથવા એકાંકીમાં નીચે દર્શાવેલી છ મહત્વની બાબતો હોય છે.

| | | |
|---|---|---|
| ૧. કથા/વિષય વસ્તુ | ૨. પાત્ર અથવા ચરિત્ર ચિત્રણ | ૩. સંવાદ અને ભાષા શૈલી |
| ૪. દેશકાળ | ૫. અભિનેયતા | ૬. ઉદ્દેશ |

નાટ્યીકરણની પ્રક્રિયાના મહત્વના છ ઘટકો વિશેનું વિવરણ નીચે મુજબ છે.

**૧. કથા/ વિષય વસ્તુ** :- કથા/ વિષય વસ્તુ ભૂતકાળ, ભવિષ્યકાળ કે વર્તમાનકાળ પર આધારિત હોય છે. જે સામાન્યતઃ ઐતિહાસિક, રાજનૈતિક, સાંસ્કૃતિક, સામાજીક વિષય પર હોઈ શકે. નાટકમાં જીવનની ક્રિયાઓ સજીવ થાય છે અને તે દશ્ય સ્વરૂપે રજૂ કરવામાં આવે છે. નાટક એક જ બેઠકમાં બેસીને જોવાતું હોવાથી તેની સમય-મર્યાદા બે કે ત્રણ કલાકથી વધારે ન હોવી જોઇએ.

**૨. પાત્ર** :- નાટકમાં પાત્રોનું સ્થાન મહત્વપૂર્ણ હોય છે. નાટકની અભિવ્યક્તિ પાત્રોના વર્તન, વ્યવહાર અને સંવાદોથી થાય છે. આમાં મુખ્ય પુરૂષ પાત્ર 'નાયક' ના નામે અને મુખ્ય સ્ત્રી પાત્ર 'નાયિકા' ના નામે ઓળખાય છે. અન્ય સહયોગી અને વિરોધી પાત્રો પણ હોય છે. પ્રમુખ વિરોધી પાત્ર 'ખલનાયક' તરીકે ઓળખાય છે. નાટકના એક વિશિષ્ટ પાત્રને 'વિદૂષક' કહેવાય છે, જે પોતાના બેડોળ રૂપ અથવા રમૂજી સ્વભાવથી દર્શકોનું મનોરંજન કરી, નાયકનો મિત્ર બની નાટકમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

કેટલીક વાર કથા અથવા વિષય-વસ્તુના વિકાસ માટે જરૂરિયાત મુજબ કાલ્પનિક પાત્રોનો સહારો પણ લઈ શકાય છે.

નાટકના વિકાસ માટે જરૂર પૂરતાં જ પાત્રો હોવા જોઇએ, જેથી રંગમંચ પર વધુ પડતી ગિર્દી ના દેખાય.

**૩. દેશકાળ** :- એકાંકી અથવા નાટકમાં ઘટનાનું વર્ણન નથી હોતું પણ તે પ્રત્યક્ષ રજૂ કરવામાં આવે છે. જેથી નાટ્યીકરણ કરતી વેળા આ બાબત ખાસ લક્ષમાં રાખવી પડે છે. કથા /વિષય-વસ્તુમાં જે સમય, સમાજ, પરિસ્થિતિ નો ઉલ્લેખ થયેલો હોય, તે દર્શકો સમક્ષ સાકાર થવી જોઇએ. એટલેકે, તત્કાલીન સમયનું વાતાવરણ, સભ્યતા, સંસ્કૃતિ, આચાર-વિચાર, રીતિ-રિવાજ, રહેણી-કરણી અને વિચારોની જીવંત અનુભૂતિ નાટય પ્રસ્તુતિના માધ્યમથી થાય તે પ્રકારે નાટયીકરણ પ્રક્રિયા હાથ ધરાવી જોઇએ. સાથે જ તેની પ્રાસંગિકતા અને વિશ્વસનીયતા પણ પ્રસ્થાપિત થવી જોઇએ.

**૪. સંવાદ અને ભાષાશૈલી** :- નાટ્યીકરણમાં ભાષાનું સ્થાન અતિ મહત્વનું હોય છે. અહીં ભાષાના મૌખિક રૂપની જરૂર હોય છે, જે દર્શક તરતજ સારી રીતે સમજી શકે. ભાષા સાર્થક-અર્થપૂર્ણ અને પ્રભાવશાળી હોવી જોઇએ. ગંભીર બાબત પણ સહજતાથી એવી રીતે રજૂ કરવાની હોય છે કે જેમાં બોલચાલની લય તૂટે નહિ. ટૂંકમાં, ભાષા પાત્રોના ગુણ, સ્વભાવ, શિક્ષા-દીક્ષા, સામાજીક ધોરણ, માનસિક સ્થિતિ ને અનુકૂળ હોવી જોઇએ તેમજ સમય અને સમાજ પ્રમાણે હોવી જરૂરી છે.

કોઈપણ વાત રજૂ કરવાની રીત શૈલી (**style**) કહેવાય છે. આમાં બે બાબતો મહત્વ પૂર્ણ છે :

| | |
|---|---|
| ૧. લેખકનું સ્વ-વ્યક્તિત્વ | ૨. પસંદ કરેલ વિષય |

વિષયને અનુરૂપ શૈલી ગંભીર, વિવેચન યુકત, વિશ્લેષણાત્મક, વિવરણાત્મક, વ્યંગાત્મક હોઈ શકે. લેખક એકી સાથે ઘણી રીતનો ઉપયોગ કરી શકે છે.

સંવાદ નાટકનો પ્રાણ હોય છે. સંવાદ લેખકની વાતને દર્શક સુધી પહોંચાડે છે. પાત્રોનું ચરિત્ર વ્યકત કરવામાં સંવાદની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. નાટ્યીકરણની પ્રક્રિયામાં સંવાદ રચના એક કસોટીપૂર્ણ કામ હોય છે. સંવાદો મૌખિક રીતે બોલાતી વેળાયે અસ્વાભાવિક ન લાગવા જોઈએ.

પરિવાર, શાળા, કચેરી, સાર્વજનિક સ્થળ, મિત્ર-મંડળી .... માં ઉપયોગ થતી ભાષાના આધારે સંવાદ લખાવા જોઈએ. અધ્યાપક, રાજકારણી, સંગીતકાર, સાહિત્યકાર, રાજા, ન્યાયાધીશ, દાર્શનિક જેવા જુદા જુદા વ્યકિતઓ સાથે વાત કરતી વખતે ધ્યાનમાં રખાતી ભાષાના આધારે સંવાદ રચના થવી જોઈએ.

**૫. અભિનેયતા :-** નાટકની પૂર્ણતા રંગમંચ પર પહોંચ્યા પછી જ થાય છે. કલાકાર સંવાદની સાથે શારીરિક હાવ-ભાવ, વેશભૂષા, શણગાર વગેરેની પૂર્તતા કરીને અભિનય કરે છે. આ સમસ્ત બાબતોની પૂર્તતા થાય તે હેતુસર લેખક નાટકના પાત્રો, મેક-અપ મેન, લાઈટ ઈફેકટસ્ આપનાર, સંગીત નિર્દેશક, મંચ વ્યવસ્થાપક વગેરેને જરૂરી સૂચનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપે છે.

**૬. ઉદ્દેશ :-** કોઈપણ નાટ્ય કૃતિમાં લેખકની રચના-દષ્ટિ પ્રતિબિંબિત થતી હોય છે. લેખકના અનુભવો, માનવીય મૂલ્યો અને સંવેદનાઓને નાટ્યકૃતિમાં વણીને સમાજના મહત્વપૂર્ણ પ્રશ્નો અને સમસ્યાઓ દર્શકો સુધી પહોંચાડે છે. આજ તેનો મુખ્ય ઉદ્દેશ હોય છે.

પ્રાથમિક શિક્ષણમાં વિવિધ પધ્ધતિઓ દ્વારા શિક્ષણ આપવાથી બાળકોની રૂચિ જળવાઈ રહે છે અને સરળતાથી જે - તે વિષયો સમજાવી શકાય છે. વિષય શિક્ષણ એ માત્ર કથન પધ્ધતિનો વિષય નથી. તેમાં આપણે વિવિધતા લાવવા માટે નાટ્ય પધ્ધતિનો ખૂબ જ સુંદર રીતે ઉપયોગ કરી બાળકો દ્વારા સંવાદો અને શક્ય હોય તો વેશભૂષા દ્વારા પાઠોનું શિક્ષણ અપાય તો એક જ વખત શીખવેલો પાઠ કે વિષયવસ્તુ તેના પર સદાય છાપ છોડી જાય છે. અને બાળકોની ધારણ શક્તિ પણ વધે છે. કારણકે રસ અને ધ્યાન બન્ને એક જ સિક્કાની બે બાજુઓ છે. તે નિયમ પ્રમાણે નાટક દ્વારા શ્રવણેન્દ્રિય તથા કર્ણેન્દ્રિય બન્ને કામ કરતાં હોવાથી ધારણ શક્તિમાં લગભગ બમણો વધારો થાય છે. આમ, નાટ્ય પધ્ધતિ દ્વારા ધોરણ ૧ થી ૭ માં અનેક વિષયાંગો સમજાવી શકાય તેમ છે. તેમાં વળી કોઈ કાવ્યનું શિક્ષણ પણ આપવું હોય તો - તે વિષયાંગને સમજાવવા ખૂબ જ ઉપયોગી થઈ પડે છે. દા.ત. રમેશ પારેખ વિરચિત કાવ્ય "ચપટી વગાડતા આવડી ગઈ" એ કાવ્ય ગીતિ-નાટ્ય દ્વારા ખૂબ જ સુંદર રીતે સમજાવી શકાય તેમ છે. એક બાળક અભિનય સાથે આ કાવ્ય બોલે, બીજા બાળકો, મુન્ની રમાડવાનો, બંદૂક ફોડવાનો, ધોકા વડે કપડાં ધોવાનો અભિનય કરે તો ગમ્મત સાથે જ્ઞાન મળી શકે. તેવીજ રીતે પાઠને પણ નાટ્યરૂપાંતર દ્વારા ખૂબ જ સારી રીતે આત્મસાત્ કરાવી શકાય છે. અને બાળકોને શિક્ષણમાં રસ પડે છે તે બાબત તો નિર્વિવાદ છે. .....

## એકમનું નાટ્ય રૂપાંતર

**ધોરણ - ૭** **એકમ : દિકરાનો મારનાર** **વિષય : ગુજરાતી**

**મુખ્ય પાત્રો** : (૧) મંદોદરખાન (૨) ચારણ (મહેમાન)

**ગૌણ પાત્રો** : (૧) ઘૈરૈયો-૧ (૨) ઘૈરૈયો-૨ (૩) ઘૈરૈયો-૩ (૪) ઘૈરૈયો-૪ (૫) ગ્રામજન -૧

(૬) ગ્રામજન - ૨ (૭) ગ્રામજન - ૩

**(દશ્ય - ૧)**

(સ્થળ : દેવળીચા ગામનું પાદર. ઘૈરૈયાઓ હોળી રમી રહ્યાં છે. સહુ રંગોની મસ્તીમાં ગરકાવ છે. )

**દૂહો : (નેપથ્યમાંથી)**

*"કાઠિયાવાડમાં કોક દી તું ભૂલો પડ્ ભગવાન;*

*તારાં મોંઘેરા કરું સનમાન, તને સ્વર્ગ ભૂલાવું શામળા. "*

| | | |
|---|---|---|
| ઘૈરૈયો-૧ | : | એલા આજ તો હોળીનો પડવો છે ! રમો રમો રંગે રમો ! |
| બધા ઘૈરૈયા | : | હોળી રે હોળી ભાઇ રમો ભાઇ હોળી. રંગોને સૌને રંગાઓ રંગમાં; રમોને હોળી; ખેલોને હોળી; ...... |
| ઘૈરૈયો-૨ | : | (અચાનક જ) એલા ભાઇઓ ?! કો'ક ઊજળે લૂગડે મે 'માન વચો આવે છે ! |
| ઘૈરૈયો-૩ | : | એલા મે'માનને કોઈ રોળશો મા ! જાવા દ્યો એને ...... |
| ઘૈરૈયો-૪ | : | અરે ! મે'માનને કાંઇ રોળ્યા વગર મૂકાય ? મે'માન ક્યાંથી હાથ આવે ? |
| ઘૈરૈયો-૧ | : | સાચું ; સાચું. મે'માનને રોળો, ગોઠય માગો ગોઠ ...... |
| | | ('રોળો, મે'માનને રોળો', અવાજો સંભળાય છે. ) |
| | | (સૌ મે'માન તરફ જાય છે.) |
| ચારણ | : | મને રોળશો મા ! મને છાંટશો મા ! તમારે પગે લાગું ! ભલા થઇને રહેવા દ્યો ?! |
| ઘૈરૈયાઓ (બધા) | : | રોળો, રોળો, મે'માનને રોળો. |
| ઘૈરૈયો-૨ | : | હા, ખબરદાર ! મે'માનને ઓળખાચા જેવા ન રહે એવા ચીતરી મે'લો ! લાવો મેશ ને ગારો. |
| ચારણ | : | (પાછો હઠતો) જાળવી જાવ, જાળવી જાવ, મને રહેવાદ્યો. (જૂવાનો આંબી જાય છે.) |
| ચારણ | : | (તલવાર મ્યાન સોતી જ ફેરવવા માંડે છે.) રે'વા ધો; રે'વા ધો ! મને જાવા ધો' ભાઇ ! |
| ઘૈરૈયા | : | રોળો મે'માનને રોળો. ચીતરી મૂકો મેશથી ને ગારાથી .... (તલવારમાંથી મ્યાન ફેંકાઇ જાય છે. તલવાર રાજકુંવરને વાગે છે. કુંવર નીચે ઢળે છે.) ( ચારણ ભાગે છે.) |
| ઘૈરૈયો-૧ | : | અરે ગજબ થયો ! ગજબ થયો ! કુંવર પડ્યાં ! કુંવરને વાગ્યું ! કુંવર જોખમાણા ! |
| બધા ઘૈરૈયા | : | કુંવરને વાગ્યું ! ગજબ થયો. ગજબ થયો. |
| ઘૈરૈયો-૧ | : | મે'માને કુંવરને તલવાર મારી. પકડો, પકડો મહેમાનને ઝાલજો, ઝાલજો ..... (મંદોદરખાનનો પુત્ર પડ્યો છે. લોહીનું ખાબોચીયું ભર્યું છે. છાતીમાં તથા ગળામાં વાઢ પડ્યો છે.) |
| ગ્રામજન-૧ | : | (આવીને ) આ શું થયું । |

ઘૈરૈયો-૧ : પણ અમારાથી બચવા અને પોતાનાથી અમને છેટા રાખવાં એ મે'માન તલવાર વીંઝતો'તો ને આ કુંવર ..... (ગળે ડૂમો ભરાઇ જાય છે.)

**(દશ્ય - ૨)**

(મંદોદરખાનનો દરબાર ; બધાં ટોળે વળ્યાં છે. સૌના મુખ પર ગમગીની છે. )

ઘૈરૈયો-૧ : મહારાજ કુંવરને માર્યો .....

મંદોદરખાન : કોણે !?

ઘૈરૈયો-૧ : કો'ક મુસાફરે !

મંદોદરખાન : ખોટી વાત ! આજે કોનો દી ફર્યો છે ?

ઘૈરૈયો-૨ : અરે બાપુ ! આ મારીને જાય ઊભે મારગે. ઉઘાડી તલવારે .....

મંદોદરખાન : (ગુસ્સાથી) અરે હં ! કોણ છે એ ? લાવ મારી ઘોડી ! એક જ ઝાટકે તેનું માથું વધેરી નાખું. (મંદોદરખાન જાય છે. પડદો પડે છે.)

**(દશ્ય - ૩)**

(ચારણ આમથી તેમ દોડે છે. ત્યાં જ મંદોદરખાન દૂરથી આવતા દેખાય છે.)

ચારણ : હવે તો કાળ આવી પૂગ્યો. મારી વાત થોડો ઇ સાંભળવાનો છે ? જેવી ધણીની મરજી ! (ચારણ પોતાની જ તલવાર પોતાનાં ગળા પર માંડે છે.)

મંદોદરખાન : (વિચારતાં) અરે કોઈ લાગે છે તો ત્રાગુ વરણ ! નહીં તો આમ પોતાની ડોકે તલવાર નો મૂકે. (ચારણને ઉદ્દેશીને) અરે એઇ કોણ છો ?

ચારણ : ચારણ છું.

મંદોદરખાન : શા માટે આવ્યો' તો ?

ચારણ : કાળનો બોલાવ્યો ! ભેંસુ બધી મરી ખૂટી, છોકરાં છાશ-રાબ વગર રોવે છે. નોં'તો આવતો પણ ચારણ્યે પરાણે મોકલ્યો. ને આ મંદોદરખાનની વાસના માથે ..... (તૂટક તૂટક બોલે છે.)

મંદોદરખાન : કુંવર ને તે માર્યો ?

ચારણ : ઇશ્વર જાણે (આકાશમાં બે હાથ ફેલાવીને ) મને ખબર નથી. હું તો એટલું જ જાણું છું કે મારે ડેલીએ આવવું હતું. ચીંથરાં પહેર્યા હશે તો ભૂંડો લાગીશ. એમ માની ભેળી લૂંગડાની એક જોડ્ય પણ નાખી તી. તે ગામ બહાર બદલાવી. ઘૈરૈયાઓ મને રોળવા આવ્યાં. મેં એનાંથી ઉગરવા મ્યાન બિડેલી તલવાર વીંઝવા માંડી. મ્યાન ક્યારે નીકળ્યું તેની ધૂળની આંધીમાં ખબર નથી રહી. (પાછળથી ગામ લોકોનો અવાજ - નેપથ્યમાંથી સંભળાય છે. "મારો, મારો ધો, ધો". )

ચારણ : હવે તો મારો કાળ આવી પૂગ્યો બાપ !

મંદોદરખાન : (તલવાર ફગાવીને ઘોડા સામે આંગળી ચીંધતા ) અરે ગઢવા ? અહીં આવ ! આ લે ....

ચારણ : શું ?

મંદોદરખાન : આ મારી ઘોડી આપું છું ચડીને ભાગવા માંડ.

ચારણ : શું બોલો છો !?

મંદોદરખાન : વાત કરવાની વેળા નથી ? જોયું આ ગામ આખું હલક્યું છે. તેં એનાં કુંવરને મારી નાખ્યો છે. આ લોકો આંબ્યા ભેળાં તારાં ટૂકડા થઇ ગયા જાણજે.

ચારણ : અરે ! પણ ભાઇ તમે !

મંદોદરખાન : હું !? મારી ઓળખાણ અટાણે નહીં. અટાણે તો ભાગી નીકળ ...નીકર તારાં છોકરાં રઝળી પડશે. ગામલોક તમામાં ને તમામાં મારાં રોક્યા નહીં રહે.

ચારણ : પણ બાપ તારું નામ ?

મંદોદરખાન : અરે નામ લે ખૂદાનું !

(પડદો પડે છે. ચારણ ભાગી જાય છે. )

**(દશ્ય - ૪)**

(મંદોદરખાન રંગભૂમિ પર વિષાદ ચહેરે આમથી તેમ ફરે છે.)

ગામલોકો : (આવીને) કાં બાપું ?

મંદોદરખાન : માળો, લોઠકો આદમી ! મને જીતવા તો ન દીધો. ને તલવારને ઘોડી બેઉં લઇ ગયો.

ગ્રામજન-૧ : અરે રાખો બાપુ રાખો ! જો ફણીધરને માંથેથી મણી લઇ શકાય તો જ મંદોદરખાનની રાંગમાંથી રોઝડી લઇ શકાય. ઠાલા મુરખ શું બનાવો છો અમને ? સાત ખોટનો એક જ દીકરો ને એના મારનારને ઉલટાનો ભગાડ્યો ?

મંદોદરખાન : લ્યો હવે વાત જાતી કરો.

ગ્રામજન-૨ : જાતી શું કરે ? એને પાતાળમાંથી પણ ગોતી કાઢશું ?

મંદોદરખાન : ભાઇ ! તમે તો કંઇ દીવાના થયા ? એણે શું મારાં દીકરાને જાણી બૂઝીને માર્યો 'તો ? એને ઘેર તો એવાં કેટલાયે દીકરા ભૂખ્યે મરે છે. ઇ વાત જાણો છો ?

ગ્રામજન-3 : પણ બાપુ

મંદોદરખાન : અરે મારી વાત તો સાંભળો ! કોડભર્યો એ મારી ડેલીએ આવ્યો અને દૈવગતિએ એણે મારા દીકરાને માર્યો. એતો ભગવાનની મરજી. આપણાં કિસ્મતમાં નહીં હોય એટલે જ પડી ગયો.

પણ એટલાં સારું હું આજ આ ઊજળે દાડે મારા સીમાડે સામી હત્યા કરું ? તો 'તો મારું કૂળ લાજે !

ગ્રામજન-૨ : પણ, બાપુ આમ હત્યારાને જાવા દેવાય ? એને તો ત્યાં જ પૂરો કરી દેવાય.

મંદોદરખાન : અરે ભાઇ ! તો તો મારી ખાનદાની લાજે. અરે કાઠિયાવાડની મે'માનગીરી લાજે ! હાલો હવે ભેળા મળીને બેટાની મૈયત કાઢીએ ......

( સૌ બાપુની પાછળ જાય છે. ) (પડદો પડે છે.)

દૂહો : (નેપથ્યમાંથી)

*"દેવળીયાને બારણે; ચારણ આવ્યો આજ.*

*લીધાં દીકરાનાં પ્રાણ; તોય જાવાં દીધો મંદરા ......"*

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૨૦** **અભિગમ :- કાર્યશાળા**

**શિર્ષક :- સ્ક્રીપ્ટ લેખન (એક પાત્રીય અભિનય)** - **Script Writing (Monoacting)**

**સંબંધિત વિષયો :-** ગુજરાતી, સમાજ વિદ્યા, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-** અહીં દર્શાવેલ **એકલવ્ય** - પાત્ર પર આધારિત એક પાત્રીય અભિનય માટેની સ્ક્રીપ્ટની વિશેષતાઓનો અભ્યાસ કાળજીપૂર્વક કરો, અને તેના આધારે ઘો. ૧ થી ૭ ના પાઠ્યક્રમમાં આવતા વિવિધ પાત્રો કે જે પાઠના સમગ્ર વિષય-વસ્તુ તરીકે કેન્દ્ર સ્થાને હોય, તે પૈકી એકની પસંદગી કરીને આ પ્રમાણે એકપાત્રીય અભિનય માટેની સ્ક્રીપ્ટ લખો અને તેનો અભિનય દૈનિક પ્રાર્થના સંમેલનમાં કરો.

સ્ક્રીપ્ટ લેખન કરતી વેળા, લેખન અંતર્ગત તમારા મૌલિક વિચારો આધારિત સંવાદો લખવા જોઇએ, પરંતુ સાથે સાથે સમગ્ર વિષય-વસ્તુનુ હાર્દ જળવાઇ રહે તે રીતે પ્રસ્તુત થવું ઘટે. નમૂનારૂપ પાત્રો નીચે મુજબના હોઇ શકે.

- સરદાર વલ્લભભાઇ પટેલ
- રવિશંકર મહારાજ
- ઠક્કર બાપા
- સુભાષચંદ્ર બોઝ
- માદામ કામા
- શિબિ રાજા
- અપાલા
- સમ્રાટ અશોક
- ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ
- છત્રપતિ શિવાજી

**એકલવ્ય**

**(એકલવ્ય તીરંદાજી કરતો પ્રવેશે છે. થોડીવાર પછી ધનુષ્યબાણ ગુરુમૂર્તિ સમક્ષ મૂકી વંદન કરે છે.)**

હું એકલવ્ય, શૂદ્ર છું છતાં શા માટે ક્ષત્રિય ન બની શકું ? ગુરુ દ્રોણે મને વિદ્યા દેવાની ના પાડતાં કહ્યું હતું : "શૂદ્રને દીધેલી વિદ્યા વાંઝણી રહે ."

અને ત્યારથી આ સુંદર જંગલની સાક્ષીએ મેં શપથ લીધા છે કે ગુરુદેવે જે વિદ્યા દેવાની ના પાડી છે, તે જ વિદ્યા તેમની માનસી મૂર્તિ પાસે મારે શીખવી - બસ શીખવી જ.

આવો - આવો જંગલના વૃક્ષો અને જંગલનાં પશુ-પંખીઓ, તમારા મિત્ર જેવા આ એકલવ્યને તમે જ તો સાથ આપ્યો છે. આ નિર્જન જંગલમાં ધનુર્વિદ્યામાં રસ લેતાં તમે મને શીખવ્યું છે. આ વૃક્ષ, વેલી અને પશુપંખી, ઝરણાં, સરોવર, નદી અને આકાશ. આહ ! જ્યારે હું કંઇક પણ સુંદર જોઉં છું ત્યારે મને મારી મા સાંભરી આવે છે. છેવટની રજા લીધી ત્યારે તેણે મને કહ્યું, "ભાઇ આપણે શૂદ્ર. આપણો ધર્મ સેવાનો" અને એટલું કહીને એ રડી પડી. સ્વજનો જેવા ભૂતકાળના દિવસો મને આજે પણ યાદ છે.

**(થોડા વિરામ પછી)**

હું શૂદ્ર, મારો અધિકાર સેવાનો, પરંતુ મારું અંતર મને સાદ કરી કરીને ક્ષત્રિયધર્મ સ્વીકારવા કહેતું હોય, ત્યારે મારે સાચો ધર્મ કયો માનવો ? પરશુરામ બ્રાહ્મણ થઇ ને ક્ષત્રિય બન્યા, વિશ્વામિત્ર ક્ષત્રિય થઇ ને બ્રાહ્મણ બન્યા, તો હું એકલવ્ય શૂદ્ર છું છતાં ક્ષત્રિય શા માટે બનું ?

**(પુનઃ ધનુર્વિદ્યામાં પરોવાતાં )**

ઓહ ! આ કૂતરો મારા અભ્યાસમાં વિક્ષેપ ઊભો કરી રહ્યો છે. મારે તેનું મોં બંધ કરવા પૂરતું બળ વાપરવું જોઇએ. તીરને એટલા જ વેગથી છોડું કે તેમ થાય. આજ્ઞા આપો , ગુરુદેવ !

પોતાના જ્ઞાન અને બળ ઉપર જેટલો જોઇએ તેટલો સંયમ જે માણસ હરઘડીએ રાખી શકે તે ખરો વિદ્વાન, તેજ સાચો યોદ્ધો. આજે મારા બાણ પર મારે સંયમ રાખવો રહ્યો.

**(ગુરુવંદના અને બાણ છોડવાનો અભિનય)**

બસ એનું ભસવાનું જ હવે તો બંધ થઇ ગયું. અરે આ તો જતો રહ્યો !

અરે તમે ! હા, એ કૂતરાનું મોં બાણોથી મેં જ બંધ કરી દીધું. શું કહો છો ? મારી ચપળતા જોઇ તમે ખુશ ખુશ થઇ ગયા ? પણ જુઓ, હું કોઇને ખુશ કરવા માટે ધનુર્વિદ્યા શીખતો નથી.

આ પ્રતિમા ?

એ ગુરુ દ્રોણની - મારા ગુરુદેવની છે. હા, ગુરુ દ્રોણે મને શિષ્ય તરીકે સ્વીકાર્યો છે. મેં પ્રશ્નો પૂછયાં છે, અને એમણે ઉત્તરો વાળ્યાં છે. અષાઢની મેઘલી રાત્રિમાં જળબિંદુ ને વીંધી નાખવાનો મર્મ મને એમણે જ બતાવ્યો છે અને કહ્યું છે, "વત્સ, જીવન પૂરું થાય છે, વિદ્યા પૂરી થતી નથી." એમણે તો મને વિદ્યાનું ખરું રહસ્ય શિખવાડયું, વિદ્યા જન્મે છે, અપાતી નથી. ઊંઘમાંથી ઊઠીને ફેંકેલું બાણ, મેઘલી જામી હોય તેવી અંધારી રાત્રે આગિયાને વીંધી નાખે ત્યારે ધનુર્વિદ્યા સાધ્ય થઇ કહેવાય.

પણ .... પણ આ બધું તમે મને પૂછયું ? તમે ? પણ તમે કોણ છો ? શું કહ્યું ? મહાપ્રતાપી પાંડુ રાજાના પુત્ર બાણાવળી અર્જુન,-ગુરુ દ્રોણના પ્રિય શિષ્ય અને તમે તો ગદાધારી ભીમ ! હા, બરાબર.

ના, ના, મારી વિદ્યા તો હજી પાશેરામાં પહેલી પૂણી. હં, શું વાત કરો છો ! દ્રોણાચાર્ય પોતે અહીં આવી રહ્યા છે ?

**(સામે દોડી જઇ પ્રેમથી )**

પ્રણામ ગુરુદેવ ! હા, ગુરુદેવ, તમારી માનસી પ્રતિમા મેં પૂજી છે. તમે હંમેશા હાજર છો અમે માનીને મેં સાધના કરી છે. પ્રશ્નો પૂછયાં છે અને ઉત્તરો મેળવ્યાં છે. જ્યારે ભૂલ કરી છે ત્યારે લાગણીભરી નિશાનીઓથી તમે એ સુધારી

છે. ગુરુદેવ, તમારી તો મારા પર અસીમ કૃપા છે. હરઘડી ખાલી આકાશમાંથી તમારી નિશાની મને માર્ગદર્શન આપે છે. જાણે તમે ઊભા છો, એટલા જ આગ્રહી છતાં પ્રેમભર્યા, એવા જ દઢ છતાં દયાભર્યા. હા, હા, ગુરુદેવ, ધનુર્વિદ્યા મેં છાની રીતે ગ્રહણ કરી છે, અને તમે મને એકાંતમાં છાની રીતે શીખવી છે.

જાણે આકાશમાંથી શબ્દ રૂપે,

ફૂલમાંથી સુંગધ રૂપે,

પવનમાંથી પ્રતિમા રૂપે

બધે જ તમે મને અનેક નિશાનીઓ વડે સમજાવતા રહ્યા, શીખવતા રહ્યા.

**(પગમાં પડે છે. ગદ્ગદ થઈ)**

ગુરુદેવ, જ્યાં જ્યાં ન આવડયું ત્યાં ત્યાં પ્રતિમા સામે જોયું અને પ્રતિમાએ આંખના ઈશારાથી સઘળું સમજાવ્યું. છતાં ન સમજાયું ત્યારે મારા હૃદયમાં વાંચી શકાય એવા સ્પષ્ટ શબ્દો તમે લખ્યા છે. (ઊભા થઈ) ગુરુદેવ, આ તમારી પ્રતિમા પાસેથી હું બધું શીખ્યો - મેં એને અંતરમાં ઉતારી છે. એણે જ મને કહ્યું કે દુનિયામાં નિરુત્સાહ કયાંય નથી, નિરુત્સાહ હૃદયમાં છે. નિરાશા કયાંય નથી, નિરાશા માત્ર અંતરમાં છે. પ્રતિમાએ જ મને કહ્યું છે કે અખંડ અભ્યાસીને અસાધ્ય એવું કાંઈ જ નથી. બસ. તે પ્રમાણે જ હું વર્ત્યો છું.

હા, હા, ગુરુદેવ ! હું તમારો શિષ્ય છું. આપે મને વિદ્યા આપી (સજળ નેત્રે) બોલો, ગુરુદેવ ! પ્રાણનો ખપ હોય તો પ્રાણ આપું ! શું આપું ? ... (સ્તબ્ધતાથી) બીજું કંઈ નહિ, માત્ર મારા જમણા હાથમો અંગૂઠો !?

**(તરત જ ધરી દે છે. પુનઃ શાંતિથી )**

બીજું કંઈ ? મારો હાથ આપું ? આપની માનસી મુર્તિએ કયારનો મને આશીર્વાદ દઈ દીધો છે, પ્રભુ ! મારી આટલી નાની ભેટથી પણ જાણે આપનું અંતર હસ્યું એ જ મારે મન ઘણું છે. (ફરીથી હાથ જોડી) ગુરુદેવ ! આશીર્વાદ આપો. આ ડાબો હાથ કહે છે, ગુરુદેવને પ્રણામ કરીને મને કામમાં લો. ગુરુદેવ ! આજ્ઞા !.

ગુરુદેવાય નમો નમઃ

ગુરુદેવાય નમો નમઃ ! (ધનુષ્યબાણ સાથે પ્રસ્થાન)

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૨૧** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- મૂલ્ય આધારિત પ્રસંગ વાતો (Value based events)**

**સૂચના :-** નીચે દર્શાવેલા સંક્ષિપ્ત પ્રસંગો વાંચો અને તેમાંથી ફલિત થતાં મૂલ્યોની યાદી બનાવો, તેમજ દરેક પ્રસંગ માટે અનુરૂપ શક્ય તેટલા વધારે શિર્ષકોની નોંધ કરો. આ પ્રવૃત્તિના આધારે ધો. ૧ થી ૭ ના પાઠ્ય પુસ્તકોમાંથી મૂલ્યો તારવી તે આધારિત પ્રસંગ વાતો એકત્રિત કરો અથવા નિર્માણ કરો.

**(૧)**

એક વાર સ્વામી વિવેકાનંદ ને એમના એક શિષ્યએ પોતાના ઘેર જમવા બોલાવ્યા. શિષ્ય જાતે મોચી હતો.

સ્વામીજીએ એના ઘેર જમવા જવાનું સ્વીકારી લીધું. નક્કી કરેલા સમયે તેઓ શિષ્યના ઘેર પહોંચી ગયા. સ્વામીજી જમતા હતા ત્યારે એમના એક ધનવાન મિત્રે એમને જોઇ લીધા. એ મિત્ર ઊંચી જાતિનો હતો. એણે તરત જ સ્વામીજીને કહ્યું, "છી .... છી.... સ્વામીજી મોચીના રોટલા ખાવ છો." આ સાંભળી સ્વામીજી હસીને બોલ્યા, "ભાઇ, તમે ધ્યાનથી જુંઓ, આ રોટલો મોચીનો નહીં, પરંતુ બાજરીનો છે અને બહુ સ્વાદિષ્ટ છે."

આ સાંભળી પેલા મિત્રની આંખો ખૂલી ગઇ, પશ્ચાતાપ સ્વરૂપે એ ત્યાં એમની સાથે બેસીને જ ભોજન કરવા લાગ્યો.

(૨)

અમેરિકાની ફોર્ડ મોટર કંપનીના માલિક હેનરી ફોર્ડની રહેણીકરણી બહુ સીધીસાદી હતી. એક દિવસ એમના સેક્રેટરીએ એમને કહ્યું, "સર, તમારો કોટ જૂનો થઇ ગયો છે. નવો સીવડાવી લો ને."

ફોર્ડે હસીને કહ્યું "નવા કોટની શી જરૂર છે ? આ કોટને જ સરખો કરાવી લઇશું."

સેક્રેટરીએ કહ્યું "તમારો ફાટેલો કોટ જોઇને લોકો શું કહેશે ?"

"શું કહેશે, અમેરિકામાં બધા મને ઓળખે છે કે હું હેનરી ફોર્ડ છું" ફોર્ડે જવાબ આપ્યો.

સેક્રેટરી ચૂપ થઇ ગયો. થોડા દિવસ પછી ફોર્ડે ઇંગ્લેન્ડ જવાનું હતું. એ વખતે સેક્રેટરીએ કહ્યું, "સર, તમે વિદેશ જઇ રહ્યાં છો, હવે તો નવો કોટ ખરીદી લો."

ફોર્ડે કહ્યું "નવો કોટ ખરીદવાની શી જરૂર છે, ઇંગ્લેન્ડમાં કોને ખબર છે કે હું હેનરી ફોર્ડ છું ?"

(૩)

એક વાર રુઝવેલ્ટના એક મિત્રે એમના ગુણોનાં વખાણ કરતાં પૂછ્યું, "જીવનમાં સફળ થવા માટે શું વ્યક્તિમાં અસાધારણ યોગ્યતા હોવી જરૂરી છે ?"

રુઝવેલ્ટે ગંભીરતાથી જવાબ આપ્યા, "બહુ સમજી વિચારીને મને લાગ્યું છે કે જીવનમાં સફળ અથવા મહાન બનવાના બે ઉપાય છે. પહેલો તો એ કે એ કામ કરવું, જે અસાધારણ યોગ્યતા ધરાવતા લોકો જ કરી શકે. પરંતુ એવા લોકોની સંખ્યા ઓછી છે, એટલે ભાગ્યે જ કોઇ એવી સફળતા મેળવી શકે છે. બીજો ઉપાય એ કામ કરવું, જે દરેક માણસ કરી શકે છે, પણ કરતો નથી. મારામાં પણ કોઇ અસાધારણ પ્રતિભા નથી. જીવનમાં સફળતા મેળવવા માટે એવા સાધારણ ગુણોની જ જરૂર છે, જે દરેક માણસમાં હોય છે."

(૪)

એક વાર એક માણસને કામકાજ વગરનો ફરતો જોઇને એક ધનવાન માણસે એને પોતાના આંબાવાડિયાના રખેવાળ તરીકે નોકરીએ રાખી લીધો. પેલો માણસ વર્ષો સુધી મહેનત અને ઇમાનદારીથી રખેવાળી કરતો રહ્યો.

એક વાર ધનવાન માણસને ઘેર કેટલાક મહેમાન આવ્યા. એણે રખેવાળને કેટલીક મીઠી કેરીઓ તોડી લાવવાનુ કહ્યું. રખેવાળ ધનવાનને કેરીઓ આપી આવ્યો. મહેમાનોએ કેરી ખાધી તો બધી કેરી ખાટી નીકળી. આમ થવાથી ધનવાન માણસ બહુ નારાજ થયો. તેણે કહ્યું, "શું તને ખાટી અને મીઠી કેરીઓ ઓળખતા નથી આવડતું."

રખેવાળે કહ્યું, "મને એ વિશે કંઇ પણ જ્ઞાન નથી."

ધનવાને એનું કારણ પૂછ્યું તો રખેવાળે કહ્યું, "માલિક, તમે મને આજ સુધી ક્યારેય કેરી ખાવાનું નથી કહ્યું."

આ સાંભળી ધનવાને કહ્યું, "તું આખો દિવસ આંબાવાડિયામાં રહે છે. તું તો ઇચ્છે ત્યારે ખાવી હોય એટલી કેરી ખાઇ શકતો હતો. એમાં મારે તને કંઇ કહેવાની શી જરૂર હતી ?"

રખેવાળે કહ્યું, "તમે મને રખેવાળી માટે રાખ્યો છે. હું બીજાઓને ચોરી નથી કરવા દેતો, તો પછી હું પોતે કેવી રીતે ચોરી કરી શકું ? તમારી આજ્ઞા વગર કેરી લઉં તો એ ચોરી જ કહેવાય."

આ જ વ્યક્તિ આગળ જઇને મહાત્મા ઇબ્રાહીમના નામે પ્રસિદ્ધ થયો.

## (૫)

એક મહાત્મા ફરતાં-ફરતાં જઇ રહ્યા હતા. તેમને રસ્તામાં એક રૂપિયો મળ્યો. તેમણે તે રૂપિયો કોઇ ગરીબને આપવાનું નક્કી કર્યું. થોડાક દિવસો ગરીબને શોધવામાં પસાર થઇ ગયા, પરંતુ મહાત્માજીને કોઇ ગરીબ માણસ ન મળ્યો.

એક દિવસ તેમણે જોયું કે રાજા પોતાના લશ્કરને લઇને બીજા રાજ્ય પર ચડાઇ કરવા જઇ રહ્યા હતા. તેમણે તે રૂપિયો રાજા ઉપર ફેંકી દીધો. આથી રાજા ગુસ્સે થયા. મહાત્માએ કહ્યું, "મહારાજ, એક દિવસ મને રસ્તામાં એક રૂપિયો મળ્યો ત્યારે મેં નક્કી કર્યું હતું કે તે હું કોઇ ગરીબને આપી દઇશ, પરંતુ મને તમારા જેટલી ગરીબ વ્યક્તિ કોઇ મળી નહીં. કારણકે જે આટલા મોટા રાજ્યનો રાજા હોવા છતાં પણ બીજા રાજ્ય પર ચડાઇ કરવા જતો હોય અને તે માટે યુદ્ધમાં ખૂબ સંહાર કરવા માટે તૈયાર હોય, તેનાથી વધારે ગરીબ બીજું કોણ હોય ?"

આ સાંભળી રાજાનો ગુસ્સો શાંત થઇ ગયો અને તેઓ પોતાની ભૂલનો પસ્તાવો કરતા પાછા ફર્યા.

## (૬)

મહાત્મા ગાંધીજી સાબરમતી આશ્રમમાં રહેતા હતા. અંગ્રેજો સામે આઝાદી કાજે આંદોલન શરૂ કર્યું હતું.

આ સમયે રોજ રાત્રે તેઓ સૂતી વખતે નાનકડી લોટીમાં પાણી ભરીને મૂકી રાખે. અને એ નાનકડી લોટી ઓશિકા પાસે મૂકીને સૂઇ જાય. સવારે વહેલા ઊઠે ત્યારે એ લોટીના પાણીથી કોગળા કરે, ખોંખારીને મોઢું સાફ કરે.

મહાત્મા ગાંધીજીના નજીકના પરિચિત મિત્રએ એમની આવી દિનચર્યા જોઇને એમણે બાપુને એક દિવસ મજાકમાં કહ્યું, "બાપુ, તમે તો સાબરમતી નદીના કિનારે બેઠા છો. જોઇએ તેટલું પાણી નદી આપે તેમ છે, છતાં પાણીની આટલી બધી કંજૂસાઇ શું કરવા કરો છો ?"

મહાત્મા ગાંધીજીએ કહ્યું , "જુઓ ભાઇ, આ નદીનું પાણી શું મારા એકલા માટે છે ? મારા જેવા કેટલાંય માણસોને પાણીની જરૂર છે. તેઓ આ નદીના પાણીનો ઉપયોગ કરે છે. પશુ-પંખી અને જીવજંતુઓ પણ નદીનું પાણી પીએ છે. આથી નદીના પાણી પર એક લોટી જેટલો હક્ક જ મારો. વધુ નહીં."

પેલા પરિચિત મિત્રએ કહ્યું, "અમે તો મોઢું ધોવા માટે ખાસ્સો એક લોટો પાણી વાપરીએ છીએ."

મહાત્મા ગાંધીજીએ એને તત્કાળ કહ્યું, "તમારે તો ઢોળવા માટે પાણી જોઇએ છે, મોઢું ધોવા માટે નહીં."

(૭)

સ્વામી રામતીર્થ પોતાની જાતને હંમેશા બાદશાહ કહે. આમ તો પોતાની પાસે માત્ર બે લંગોટી અને એક લોટો હોય છતાં સદા પોતાને સમ્રાટ કહે. તરસ લાગે તો કહે કે બાદશાહ રામને તરસ લાગી છે. જરા પાણી લઈ આવો. ભોજન વેળા થાય તો કહે કે બાદશાહ રામના ભોજનનો સમય થઈ ચુક્યો છે, ઘટતી વ્યવસ્થા કરો.

એમણે એક પુસ્તક લખ્યું એનું નામ રાખ્યું : 'બાદશાહ રામના છ હુકમો'

બધાને આ વિચિત્ર લાગે, સાધુ થઈને પોતની જાતને બાદશાહ કેમ કહે ? બાદશાહ ને તો પોતાનું સામ્રાજ્ય હોય; જ્યારે સ્વામીજી પાસે તો કશું નહોતું .

સ્વામી અમેરિકા ગયા. ત્યાં તો વળી એમની પોતાની જાતને બાદશાહ તરીકે સંબોધવાની ટેવ બહુ વિચિત્ર લાગી !

અમેરિકા પ્રમુખ સાથે એમનો મેળાપ થયો. મુલાકાત વખતે અમેરિકાના પ્રમુખે કહ્યું પણ ખરું.

'સ્વામીજી, બીજું બધું તો ઠીક, પણ એક વાત સમજાતી નથી. તમારી જાતને કઈ રીતે બાદશાહ કહો છો ? તમારી પાસે તો કશું નથી !'

સ્વામી રામતીર્થે જવાબ આપ્યો, બસ આ માટે જ મારી જાતને બાદશાહ કહું છું. મારે કશી જરૂર નથી. મારી કોઈ માગણી નથી, કોઈ ઇચ્છા નથી, કોઈ અભાવની પીડા નથી. હું પૂરેપૂરો સમૃધ્ધ છું. માટે મારી જાતને બાદશાહ કહું છું.

(૮)

ગુલાબ જેવા છત્રપતિ શિવાજી ! કંટક જેવો એમને એક પુત્ર. નામ સંભાજી, સ્ત્રી-રૂપનું પતંગિયું.

એક સ્ત્રીની ઇજ્જત કાજે પિતાએ એને કેદ કર્યો. સચ્ચરિત્ર પિતાને દુશ્ચરિત્ર પુત્રનું જીવનભર દુઃખ રહ્યું. છત્રપતિ શિવાજી અવસાન પામ્યા. સંભાજી ગાદીએ આવ્યો.

કંટકે કંટકપણું ન છોડ્યું. પ્રજા માટે રાજ કાંટાની પથારી બન્યું. એકાએક બાદશાહ ઔરંગઝેબે હલ્લો કર્યો. કિલ્લો સર કરીને સંભાજીને કેદ કર્યો.

પ્રજાએ માન્યું કે ટાઢે પાણીએ ખસ ગઈ !

કેદી રાજાને દિલ્હી દરબારમાં ખડો કરવામાં આવ્યો. બાદશાહે કહ્યું, "સંભાજી ! ઇસ્લામ કબૂલ કરી રાજપાટનો સ્વામી બની જા. નહિ તો આ જલ્લાદની તલવાર નીચે તારી ગરદન મુકવા તૈયાર થા. સારું એ તારું."

કેદી સંભાજી ગર્જના કરતો બોલ્યો : "રાજા ! હિંદુત્વ વેચીને મેળવેલાં તારા રાજપાટ મારા માટે કાણી કોડીનાં છે. સંભાજી હિંદુ છે. હિંદુ તરીકે એ મૃત્યુ માણવા માગે છે. !"

આ જવાબે બાદશાહને ખસિયાણો પાડી દીધો.

જલ્લાદની તલવાર ઊંચકાઈ. સંભાજીએ મૃત્યુ આણ્યું !

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૨૨** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- વાર્તા લેખન** (Developing a Story)

**સંબંધિત વિષયો :-** ગુજરાતી, પર્યાવરણ અભ્યાસ, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ, જીવનલક્ષી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સંબંધી ક્ષમતાઓ.

**સૂચના :-** નીચે આપેલી વિવિધ પ્રવૃત્તિઓ અંતર્ગત જુદા જુદા સંદર્ભમાં રજૂ કરેલી વિગતોના આધારે વાર્તાનું લેખન કરો.

**૧.** નીચે આપેલા મુદ્દાઓ પરથી અત્યંત રસપ્રદ વાર્તા લખો. વાર્તા લેખનને અંતે વાર્તાને શક્ય તેટલા વધુ શિર્ષક આપવાનો પ્રયત્ન કરો. અને વાર્તામાંથી ફલિત થતો બોધ સંક્ષિપ્તમાં લખો.

વિકાસ અને અબ્દુલ મિત્રો - વૅકેશન-ફરીને પાછા આવવું - ચૂંટણી પ્રચારકોની રેલી - કોમી તોફાનો થવા - અબ્દુલને ગંભીર ઇજા - વિકાસનું બ્લડ ગ્રુપ મળતું આવવું - અબ્દુલને નવજીવન.

**૨.** અહીં આપેલો પૅરેગ્રાફ ધ્યાનથી વાંચો. જે એક વાર્તાનો ભાગ છે. હવે આ પૅરેગ્રાફ સાથે સાતત્ય જળવાય તેવી રીતે તમારી કલ્પના અને મૌલિક વિચારોના આધારે પ્રસંગ-વાતને આગળ વધારતા જાવ. એક રસપ્રદ અને કોઇ સંદેશ આપતી વાર્તાની રચના કરી તેને અનુરૂપ શક્ય તેટલા વધુ શિર્ષકો ની નોંધ કરો. વાર્તા લેખનમાં અન્ય કોઇએ વિચાર્યું ન હોય તેવા અવનવા વિચારો રજૂ કરવાનો પ્રયત્ન કરો.

એક ગામ હતું. તેમાં મનુ નામે છોકરો રહેતો હતો. તેને ગામની પાદરે આવેલું વડનું ઝાડ બહું ગમે. તડકામાં છાંયો આપે, વરસાદથી ભીંજાતા બચાવે, વડવાઇઓ પર હિંચકા ખવાય, આબંલી - પીપળી, સંતાકૂકડી - થપ્પો રમાય, વડના ટેટા ખવાય. આવું ઝાડ કોને ન ગમે ? ........................

**૩.** નીચે આપેલા કેટલાક શબ્દોનો ઉપયોગ કરીને તમારી આત્મસૂઝ અને કલ્પનાશકિત વડે રસપ્રદ વાર્તા લખો. અહીં તમે કેવા પ્રકારનો સંદર્ભ લઇને શબ્દોનો ઉપયોગ કરો છો તે ઘણીજ મહત્વની બાબત છે. તેથી, વાંચનારનો રસ જળવાઇ રહે તે બાબતને મહત્વ આપીને સુંદર વાર્તાની રચના કરો.

ઘોડો, શિકારી, ઝરણું , હરણાં, ફળ, નાનો બાળક, ડુંગર, રાજકુમાર, જંગલ.

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૨૩** **અભિગમ :- કાર્યશાળા**

**શિર્ષક :- બાલ-વાર્તા સર્જન** (Story Writing for Children)

**સંબંધિત વિષય :-** ગુજરાતી, પર્યાવરણ અભ્યાસ, ગણિત, વિજ્ઞાન, હિન્દી, અંગ્રેજી

**સૂચના :-** **'બાલ વાર્તા સર્જન'** - આધારિત અધ્યયન સામગ્રી અને નમૂના રૂપ પર્યાવરણ અભ્યાસ પર આધારિત બાલવાર્તા 'ઊંગો ઊંદરડો' નો કાળજીપૂર્વક અભ્યાસ કરો. બાલવાર્તા સર્જન પ્રક્રિયાની વિશેષતાઓ અને સોપાનોને ધ્યાનમાં રાખીને પસંદગીના વિષયક્ષેત્રમાં આપના કાલ્પનિક વિચારોના આધારે રસપ્રદ અને જે તે વિષય-શિક્ષણ સંબંધી માર્ગદર્શન મળી રહે તેવી એક બાલવાર્તા લખો.

## બાલવાર્તા સર્જન

## બાલવાર્તાનું વસ્તુ અને તેની ગૂંથણી

"ખબર છે ? એક વાર એવું બન્યું ને કે ....." - આમ શરૂ કરીને જે કંઇ કહેવાય તે સાંભળવાને માટે સૌના કાન સદાય તૈયાર ! માણસને પોતાની અંગત બાબતોમાં જ રસ હોય, પોતાના સગાં-સંબંધી કે મિત્રોની બાબતોમાં જ રસ હોય એ સાચું; સાથોસાથ માણસને એમનીય બાબતોમાં રસ કે જેમને એણે જોયા કે જાણ્યા ન હોય; જેમને એ મળ્યા ન હોય ને મળી શકવાનાય ન હોય; જેમની હકીકતે કદી હયાતી હતી નહીં, છે નહીં ને હોવાની ય નહીં ! આમ છતાં તેમના વિશે "ખબર છે ? એક વાર એવું બન્યું ને કે ....." આમ શરૂ કરીને જે કંઇ કહેવાય તે સાંભળવાને માટે સૌના કાન સદાય તૈયાર ! આનું રહસ્ય છે, માણસનો વાર્તા-રસ. બે વરસનું બાળક હોય કે નેવું વરસનાં નાનીમા-સૌને ભાવે વાર્તારસ.

વાર્તા એ બાળકનો વિશિષ્ટ ખોરાક છે. વાર્તા સાંભળવા કે વાંચવા મળે તો એ ખુશખુશાલ. એટલું ખરું કે વાર્તા રસ જગાવે અને રસ જળવાઇ રહે તે રીતે કહેવાયેલી કે લખાયેલી હોવી જોઇએ. વાર્તા પૂરી ન થાય ત્યાં સુધી કુતૂહલ રહ્યા કરે અને પૂરી થાય ત્યારે આનંદ આનંદ અનુભવાય : આટલું બન્યેથી બાળક- જાણે બાદશાહ !

બાળકને વાર્તા કહેવા માટે કે તેના માટે વાર્તા લખવા માટે વસ્તુની જરૂર પડે; જેમ ઘડો બનાવવા માટીની જરૂર, મૂર્તિ બનાવવા પથ્થરની જરૂર; શીરો બનાવવા લોટની જરૂર તેમ વાર્તા રચવા માટે વસ્તુની જરૂર રહે.

મોટેરાં માટે વાર્તા રચવા માટે વસ્તુનું ફલક અતિ વિશાળ હોય એ સમજી શકાય તેવું છે; પરંતુ બાળવાર્તા માટે વસ્તુની કંઇ ઓછપ નથી હોતી. બાળવાર્તા માટે વસ્તુની ખોજ કરવા માટે ફરી બાળક થવું પડે, બાળકને નજર સમક્ષ રાખવું પડે, બાળકનાં વય - જૂથ જાણીને તેમનાં રસ-રુચિના કેન્દ્રોની ગોત કરવી પડે, તેમની સામાજિક - સાંસ્કૃતિક ભૂમિકા ધ્યાનમાં લેવી પડે. આવી નજર ધરાવતા બાળવર્તાકારને વસ્તુ સહજમાં મળી રહે છે. બાળકના જીવનમાંથી પણ વસ્તુ મળી રહે; તેમને થયા કરતી અડચણો અને અનેકવિધ અનુભવોને પણ વાર્તાનું વસ્તુ બનાવી શકાય. ઉંદર-બિલાડીને વેર કેમ ? સાંજ પછી સૂરજ ક્યાં સૂએ છે ? ઝાડ કેમ ચાલતાં નથી ? - આવી અસંખ્ય બાળ જિજ્ઞાસાઓનું શમન કરવા જતાં પણ પૂરતું આકર્ષક વસ્તુ મળી રહે.

લોકકથાઓ, પુરાણો, ઇતિહાસ, ચરિત્રો વગેરે ઉપરાંત સમાજના સાંપ્રત પ્રવાહોમાંથી બાલવાર્તાનું વસ્તુ મળી શકે છે. જે પાર્યાવરણ વચ્ચે બાળક જીવે છે, તે તો વાર્તા - વસ્તુના ખજાના સમાન છે. આ પર્યાવરણમાં પરિવાર, મિત્ર, સગાં, શાળા, ગામ, પંખી, પ્રાણી, ઝાડ-પાન વિવિધ ધંધાદારીઓ, જાહેરાતો, રેડિયો-ટીવી વગેરે પણ સમાવિષ્ટ છે. તે બધા બાળવાર્તા માટે ઉપર્યુકત વસ્તુ બની શકે કે આપી શકે.

બાળવાર્તા માટેના વસ્તુનું ચયન સવિવેક થાય તે જરૂરી છે. વસ્તુ એવું હોવું જોઇએ કે જેથી બાળકોને છેવટે ખેદ નહીં પણ ખુશી અનુભવાય; તેને ગમ્મત સાથે જ્ઞાન મળે; જેમાંથી આદર્શ પ્રતિમા મળી રહે; જેમાંથી ડંખ વિનાનો વિનોદ મળી રહે; જેમાં વિજાતીય આકર્ષણની છાંટ ન હોય; પ્રેમ, હીંમત, વિનય, ઔદાર્ય, સમભાવ જેવાં વિધાયક અને સનાતન જીવન-મૂલ્યોની પ્રેરક ઝાંખી થાય.

બાળવાર્તાના વસ્તુમાં કવિન્યાય જળવાય તે જરૂરી છે; એટલે કે તેમાં દુષ્ટ તત્વ દંડાય અને શુભ તત્વો સલામત રહે ને સુખી થાય તે જરૂરી છે. વસ્તુ વિખરાયેલું ન હોતાં ક્રમિક હોવું ઘટે છે; વસ્તુ ખંડિત ન હોતાં અખંડ હોવું ઘટે છે. વાર્તા વસ્તુમાં પાત્ર-સંખ્યા સીમિત હોય તે પણ જરૂરી છે.

બાળવાર્તા માટે એવું વસ્તુ-પસંદ કરવું ઇચ્છનીય છે કે જેનાથી રચાયેલી વાર્તા સાંભળી-વાંચીને બાળકને ઉમંગ વરતાય, તેનામાં અનુકૂલન કરવાની આવડત વિકસે, જીવનમાં આવી પડેલા કે આવનારા સંઘર્ષ સામે ઝૂઝવા-ઝઝૂમવાને તેનામાં શક્તિ-સંચાર થાય.

બાળવાર્તા દ્વારા શિષ્ટ સાહિત્ય જગતમાં અનાયસ પ્રવેશે તેવું વસ્તુ પસંદ કરવું યોગ્ય ગણાય. આથી બાલવાચક પણ કશું રચનાત્મક કે સર્જનાત્મક કાર્ય કરવા પ્રેરાય તેવું બની શકે. વિશ્વનાગરિક થવાની ભૂમિકા રચતું વસ્તુ પણ આજની જરૂરિયાત છે. તરત કે લાંબેગાળે બાળકનું હિત સાધવામાં સહાયરૂપ થાય તેવું વાર્તા-વસ્તુ અવશ્ય વરણીય : આમ છતાં તે હોવું જોઇએ હળવું ફૂલ !

વસ્તુ-પસંદગી કર્યા પછી બાળવાર્તાકારે તે વસ્તુજગતમાં ખોવાઇ જવાનું રહે છે; વસ્તુની પુષ્ટિ માટે બાળવાર્તાકારે જરૂરી મુલાકાતો, વાચન અને અવલોકન પણ કરવાનાં રહે છે. આમ કરવાથી વાર્તાનું વસ્તું આત્મસાત્ થવા પામે છે. અને રચાતી વાર્તામાં ચેતના ધબકી રહે છે.

વસ્તુ આત્મસાત્ થયા પછી બાળવાર્તાકાર માટે વસ્તુગૂંથણીનો તબક્કો આવે છે. વન-ઉપવનમાંથી ફૂલો વીણ્યા પછી જો તે બધાં માળારૂપે ગૂંથાવા ન પામે તો તે વેરવિખેર થાય, આથડે ને સડે. વળી, ગૂંથણી પણ સૂઝપૂર્વક કરવાની રહે; જો તેમ કર્યા વિનાની વાતોની રજૂઆત કરી હોય તો ?

- તો આવી ફરિયાદો સાંભળવા મળે ! વાર્તા જામતી નથી; સમજાતી નથી; એકધારી ચાલતી નથી; વગર કામની બાબતોનાં બોજથી વાર્તા દબાઇ ગઇ છે; વાર્તા ધીમી છે; કંટાળો આવે છે; તેમાં રસ-સાતત્ય જળવાતું નથી; આમાંનું કશું યાદ રહે તેવું નથી; બીજાને સંભળાવવી ગમે તેવી આ વાર્તા નથી, નથી ને નથી !

આવી સંભવિત ફરિયાદોથી પોતાની વાર્તાને બચાવવા માટે બાળવાર્તાકારે આત્મસાત્ કરેલા વસ્તુને ધીરજપૂર્વક ગૂંથવાની કાળજી લેવી જોઇએ. વસ્તુ એ કાચોમાલ છે. તર્કબદ્ધ આયોજન કરીને પસંદિત વસ્તુને રસાળ વાર્તારૂપે ઢાળવું તે વસ્તુગૂંથણી છે. સફળ વસ્તુગૂંથણી કરવાથી વેરવિખેર વાર્તા - વસ્તુમાંથી ચોક્કસ આકૃતિ ઊપસી આવે છે, સુંદર ભાત ઊપસી આવે છે.

વસ્તુગૂંથણી એવી ઢબે થવી જોઇએ કે બાળવાચકના ચિત્તમાં 'પછી શું, પછી શું' થયા કરે અને વિસ્મય જ માત્ર નહીં, ઉત્તેજનાનો પણ સતત અનુભવ થતો રહે ને છેવટે બાળકને અખંડ આનંદનો અનુભવ થાય.

બાળવાર્તાની વસ્તુગૂંથણી કરતી વખતે બાળમાનસને સતત લક્ષમાં રાખવું જોઇએ. તે અધીર હોય છે. આથી વાર્તાના આરંભમાં ભાવાવરણની જમાવટ કરવાની લાલચમાં પડ્યા વિના યથાશીઘ્ર મુખ્ય પાત્રોનો પરિચય કરાવી દેવો ઘટે છે; વાર્તાના મધ્ય ભાગે પરાકાષ્ઠા સિદ્ધ થવાની સાથે અંતનો આરંભ પણ કરી દેવાનો રહે છે; અને અંતભાગે વાર્તા-ઘટનાનું પરિણામ આપવું અનિવાર્ય ગણાય. વાર્તાના અંતની કલ્પના બાળવાચક પર છોડી દઇ શકાય નહીં કે પરિણામના સંકેતથી બાળવાચકને સંતુષ્ટ કરી શકાય નહીં. બાળવાર્તા વસ્તુની ગૂંથણીમાં મુખ્ય પ્રવાહ ગૌણ પ્રવાહ હોઇ શકે નહીં. એક જ પ્રવાહમાં ક્રમિક ઢબે ગતિપૂર્વક વાર્તા વહેતી રહે તે ઇચ્છનીય છે. વસ્તુગૂંથણીમાં વિપયાંતર કે વર્ણનની અતિશયતા બાળવાચકને થકવે છે. તેમાંથી બનાવટ કે બેતાલ હોવાપણું તેને ખટકે છે.

બાળકોને મોંએ ચડે તેવા ગમતીલાં જોડકણાં બાળવાર્તામાં યથાસંભવ ગૂંથવા જેવાં ખરાં; શબ્દોની પસંદગી પણ બાળકક્ષાને અનુરૂપ હોવી ઘટે છે. વસ્તુગૂંથણીમાં સચોટ અને સહજ સંવાદો ખૂબ સહાય કરે છે. તેનાથી વાર્તા સાચુકલી કે જીવંત બને છે. લેખકે જાતે વાર્તામાં ગૂંથાવાને બદલે પાત્રોનું હેતુલક્ષી સર્જન કરવું તે ઇચ્છનીય થશે.

વસ્તુગૂંથણી કરતી વખતે બાળકોને વિશેષ આકર્ષક અનુભવાતા રસો પણ કૂનેહપૂર્વક સંયોજવા ઘટે છે. બાળવાચકને સવિશેષ અદ્‌ભૂત રસ, હાસ્યરસ, અને વીરરસ વિશેષ આકર્ષે છે. વાર્તામાં રસવૈવિધ્ય સંભવી શકે છે...... ગમતો રસ ટપકતો જ નહીં, તાલબદ્ધ વહેતો રહેતો હોય તો તેમાં બાળક ખોવાઇ જઇને માણે છે આનંદ : ખાસ તો ખુશીનો ખજાનો હૈયાવગો થયો ને તેનો !

## બાળવાર્તાઓની રચનાપ્રક્રિયા

બાળવાર્તા - લેખનમાં નીચેના મુદ્દાઓ લક્ષમાં રાખવા જેવા છે.

**(૧) નવી નવી વાર્તા જોડી કાઢવા માટે કલ્પના શક્તિની સજ્જતા જોઇએ**

બાળકો રોજ નવી વાર્તા માંગે છે. દરિયો ખારો કેમ ? પોપટને ગળે કાંઠલો કેમ ? મોરને માથે કલગી કેમ ? બિલાડી ઉંદરને મારે છે કેમ ? - આવાં પ્રશ્નો પૂછીને તેની ઉપર તેઓ વાર્તા માંગે છે તેથી તેઓ જે કાંઇ પૂછે તેને વિષે રસપ્રદ વાર્તા જોડી કાઢતાં આવડવું જોઇએ.

**(૨) બાળવાર્તા રચવામાં શાસ્ત્રીયતાની જરૂર**

શ્રી ઉમાશંકર જોશીએ બાળવાર્તા લખવા કરતાં તો નવલકથા લખવી સહેલી છે તેમ કહેલું. કારણકે ગાત્ર કથાથી બાળવાર્તા બનતી નથી, તેમાં કસબ પણ જોઇએ. વાર્તા સરળ હોય છતાં સામાન્ય ન હોય તેનો ખ્યાલ રાખવો પડે.

**(૩) લાઘવની જરૂરિયાત**

બાળકોને સાંભળવી હોય છે લાંબી વાર્તા પણ વાંચવી હોય છે ટૂંકી વાર્તા. તેથી બાળવાર્તા ટૂંકી હોવી જોઇએ. તેમાં ફકરા પણ ટૂંકા ટૂંકા હોવા જોઇએ.બાળવાર્તામાં લાઘવ એક બીજી રીતે પણ આવવું જોઇએ. પદાવલિ રસપ્રદ હોય, કલ્પના રસપ્રદ હોય તે પણ એક પ્રકારનું લાઘવ છે. લાઘવનો બીજો અર્થ ચપળતા, કુશળતા એવો થાય છે.

**(૪) સાવ નાની તેમજ બહુ લાંબી- બન્ને પ્રકારની વાર્તાઓની જરૂર છે**

બે થી ત્રણ વર્ષનાં બાળકોની ધીરજ ચણીબોર જેવડીજ હોય છે. તેથી તેમને સાવ નાનકડી, બે મિનિટ ચાલે તેવડી જ વાર્તા કહેવાય અને તે વાર્તા તેમની બુદ્ધિને નહીં, પણ તેમની ઘ્રાણેન્દ્રિય, દર્શનેન્દ્રિય, સ્વાદેન્દ્રિય, શ્રવણેન્દ્રિય, સ્પર્શેન્દ્રિયને સ્પર્શે તેવી હોવી જોઇએ. ઘટના કે બોધ ગ્રહણ કરવાની તેમની ત્રેવડ નથી અને તે તેમને કામના પણ નથી.

ત્રણ થી પાંચ વર્ષનાં બાળકોની ધીરજ ચણીબોરથી થોડીક મોટી, જમરૂખ જેવડી છે. તેથી તેમની વાર્તા પાંચ છ મિનિટ ચાલે તો તેઓ સહી શકશે. હવે તેઓ બાલમંદિર જતાં પણ થયાં છે તેથી તેમની સમજશક્તિ વધી છે.

પાંચ થી આઠ વર્ષના બાળકો તો વાંચતાં લખતાં પણ થયાં હોય છે. પણ તેમને લાંબું વાંચવું ગમતું નથી તેથી દોઢ કે બે પાનાથી વિશેષ લાંબી તેમની વાર્તા ન હોવી જોઇએ.

આઠ થી બાર વર્ષના બાળકોને તો ક્રમશઃ વાળી લાંબી વાર્તાઓ પણ સાંભળવી છે. તેથી ઘણાં

દિવસે પૂરી થાય તેવી વાર્તાઓ તેઓ સાંભળી-વાંચી શકે છે.

**(૫) સજીવારોપણ જરૂરી**

પશુપક્ષીઓને કે જીવજંતુને યા નિર્જીવ પદાર્થોને મનુષ્યની જેમ વર્તન કરતાં દેખાડવાં તેનું નામ સજીવારોપણ. આપણે જેને સજીવારોપણ કહીએ છીએ તે બાળકોને મન વાસ્તવિકતા છે. તેમને બહુ રસ પડતો હોય છે.

**(૬) બાળવાર્તામાં રવાનુકરણ જરૂરી**

કોઈ અવાજની નકલ કરવાનું અને નકલ થતી સાંભળવાનું બાળકોને બહુ ગમે છે તેથી તબડક તબડક ઘોડો, કીવી કીવી કીવી કાબર, લે-લે-લે-લે લેલાં- આમ વિશિષ્ટ અવાજો સાથે વાર્તા કહેવાવી જોઈએ. કબૂતર ભરરર્ ઊડે, પતંગ સરરરર્ ઊડે, ચકલાં ફરરરર્ ઊડે. અવાજોનો આ સૂક્ષ્મ તફાવત બાળકોને સમજાવી શકાય. વાર્તામાં એટલી હદે રવાનુકરણ આવવું જોઈએ કે વાર્તા સાંભળતા બાળકો વાર્તા કહેનારની જોડે રવાનુકરણમાં ભાગ લેવા માંડે.

**(૭) બાળવાર્તા પ્રવૃત્તિપ્રેરક જોઈએ**

બાળકો શ્રોતા ન બની રહે તેથી વચમાં પ્રશ્નો પૂછવા તથા કોઈ વાક્ય પ્રશ્નાત્મક રીતે અધૂરૂં મૂકવું કે જે તે લોકો પૂરું કરી શકે. વચમાં વચમાં અભિનય કરી શકે, ખડખડાટ હસી શકે તેવો પણ અવકાશ હોવો જોઈએ. થોડી સંવાદાત્મકતા લાવવી જેથી તેઓને ભજવવાનું મન થાય.

**(૮) બાલવાર્તાની શૈલી કુતુહલપ્રેરક હોવી જોઈએ**

"પછી શું થયું ? - ખબર છે ?", "અરે પછી તો ભારે થઈ, પછી તો એવું થયું ને, ભાઈ કે, ....." - આમ મોણ નાખતાં જવું તેથી તેમની ઉત્કંઠા વધે.

**(૯) બાળવાર્તામાં જોડકણાં જરૂરી**

એકાદ જોડકણું પ્રસંગાનુરૂપ વારંવાર આવવું જોઈએ કે જેથી તે બાળકોને મોંઢે રહી જાય. અને વાર્તા પૂર્ણ થયે પણ બાળકો તેને ગાતાં રહે. આમ કરવાથી બાળકોને વાર્તારસ અને કાવ્યરસ બન્ને મળે છે. જોડકણાં વાળી વાર્તાઓ બાળકો અધિક રસથી સાંભળે છે ને જ્યારે જ્યારે તે જોડકણું આવે ત્યારે તેઓ તે સાથે સાથે ગાય છે. આવી વાર્તાઓમાં બાળકો પણ રસ લેતાં થાય છે.

**(૧૦) બાળવાર્તામાં પાત્રો તરીકે આવતાં પશુ-પક્ષી, જીવડાં વગેરેને વ્યક્તિવાચક નામો દેવાં જરૂરી**

એમ કરવાથી આ પાત્રો બાળકોને પોતાનાં મિત્રો જેવા નિકટ લાગે છે. બાળકો પર્યાવરણ-પ્રેમી બની શકે છે. પણ એ નામો એવાં રાખવાં કે જેવાં કોઈ બાળકનાં ન હોય, નહીંતર એ નામે બાળકો અન્ય બાળકને ખીજવવા માંડશે જેમ કે દેડકાનું નામ દામજીભાઈ રાખીએ કે હાથીનું નામ હીરજીભાઈ રાખીએ તો કોઈ દામજી નામના અને હીરજી નામના છોકરાનું આવી બને. તેથી દડિયાભાઈ દેડકા અને હીપુજી હાથી એવું વિચિત્ર નામ રાખવું. કારણકે બાળકોના મનોરંજન માટે બનાવાયેલી વાર્તાઓ કોઈપણ જગ્યાએ બાળકોના મનોભંજનનું કારણ ન બનવી જોઈએ.

**(૧૧) બાળવાર્તામાં પાત્રો બાળકોના પર્યાવરણમાંથી જ લેવાં**

જેથી તેમને દષ્ટિકલ્પન અને શ્રુતિકલ્પન માણવામાં સુગમતા રહે. સર્ગકલ્પન કરતાં સ્મૃતિ કલ્પનો સહેલાં પડે છે. તેથી બાળકોએ જોયાં હોય તેવાં પશુ-પક્ષીને પાત્રો તરીકે લેવાં. કોઇ વિશિષ્ટ કાર્યસિદ્ધિ માટે આ નિયમની બહાર પણ જરૂર નીકળી શકાય પણ મોટેભાગે પાત્રો બાળકોની જાણીતી દુનિયામાંથી લેવાં.

**(૧૨) બાળકોને પોતાને વાર્તામાં પાત્રો તરીકે ગોઠવીએ તો તેમને વિશેષ આનંદ આવે**

બાળકો સેલ્ફ સેંટર્ડ હોય છે તેથી તેમને પાત્રો તરીકે ગોઠવીએ તો તેમને બહુ ગમે છે, પણ એવું કરતી વખતે એક વાત ખાસ લક્ષમાં રાખવી કે બાળકોનું નામ માનાર્થે બહુવચનમાં જ પ્રયોજવું - આપણે તેમને માનથી બોલાવશું તો આડકતરી રીતે તેમને વિનય અને વિવેકનું શિક્ષણ મળી શકશે. તદુપરાંત તેમને વહાલ દર્શાવવાની આ એક સુંદર રીત છે, "મનન આવ" આ તોછડું લાગે. પણ "મનનભાઇ ! આવો" - આ લાડસભર લાગે છે.

**(૧૩) રાજા અને પરીનાં પાત્રો ભલે આવે**

આપણાં રાજકારણમાં રાજાશાહી નથી રહી છતાં રાજા મનપસંદ પાત્ર છે. તેને સ્થાને નેતા કે વડા પ્રધાન મૂકવાની જરૂર નથી. રાજાની જે સર્વોત્કૃષ્ટ તરીકેની કલ્પના બાળકો પાસે વાર્તાઓ સાંભળી સાંભળીને ઊભી થયેલી છે તે સાંપ્રત નેતાઓ નિભાવી શકે તેમ નથી. રાજાની છાપ પ્રેરક રહે છે. તેથી વાર્તાઓમાં રાજા હંમેશા ઉત્તમ જ રાખવો. અને જો કનિષ્ઠ રાજા ચીતરીએ તો એને હેરાન થતો શિક્ષા ભોગવતો પણ ચીતરવો જોઇએ. આવી વાતો બાળકોને પરોક્ષ રીતે ઉત્તમ નેતા બનવાની પ્રેરણા આપે છે.

પરીઓ અદ્ભુત રસની નિષ્પત્તિમાં બહુ કામ લાગે છે. બાળકોને એ રસ બહુ ગમે છે.

**(૧૪) કલ્પનાના દોરથી બાળવાર્તાનો પતંગ ચગાવવો**

બાળવાર્તાનો પ્રથમ હેતુ બાળકોની કલ્પના સમૃદ્ધ બનાવવી અને તેમનું મનોરંજન કરવું તે છે તેથી ભલે તેમાં ડુંગરા ડોલે, વાદળાં ડોલે, મોરલા શરણાઇ વગાડે; ભલે ફૂલો પતંગિયાં બને અને ભલે પાંદડાં પોપટડાં બને.

**(૧૫) બાળવાર્તા બાળકોને રડાવે, કકળાવે, બિવડાવે એવી ન જ હોવી જોઇએ**

વાર્તાનો મુખ્ય હેતુ બાળકોના મનોરંજનનો છે. તેઓ આપણી પાસે મનોરંજનાર્થે વાર્તા સાંભળવા આવે છે. માબાપો પણ આપણી પાસે બાળકો રોવા - કકળવા માટે નથી મૂકી જતાં. તેથી વાર્તા કદી કરુણાંત ન કહેવી.

સમાજમાં ભલે ધર્મીને ધાડ અને અધર્મીને ઓચ્છવ હોય પણ બાળકો માટેની વાર્તામાં તો ભલા પાત્રોને જ ઇનામ મેળવતાં અને બૂરાં પાત્રોને સજા મેળવતાં દર્શાવવા. તેમ કરવાથી બાળકોને મૂલ્યનિષ્ઠાનું શિક્ષણ આપવાનું અગત્યનું કાર્ય થશે.

વળી દુષ્ટ પાત્રોને થતી સજા પણ ક્રૂર સજા કે મોતની સજા ન હોવી જોઇએ, કારણ કે તેવી સજા બાળકોને ધિક્કારની અને હિંસકતાની પ્રેરણા આપે છે. શ્રી રમણભાઇ સોનીએ કહ્યું છે કે, "બાળમન મૂલ્યોનું મૂલ્ય સમજતું થાય એ બાળસાહિત્યકારે જોવાનું છે."

**(૧૬) બાળવાર્તામાં ભૂતપ્રેતનો પ્રવેશ તદ્દન નિષિદ્ધ**

મોટાં થઈ બાળકો ભલે ટી.વી.માં હોરર શો જોવાનાં હોય, પણ આપણે તેમને અત્યારથી હૃદયના ફફડવાની કે હૃદય એકાદ ધડકન ચૂકી જાય તેની તાલીમ આપવી આવશ્યક નથી. કેટલાંક એવી દલીલ કરે છે કે "બાળકોને થોડી બીક લાગે, થોડું રડવું આવે - તેવી વાર્તા કરવી કારણ કે જીવનની વાસ્તવિકતા લાગે, ભલે તે લોકો પણ તે જાણે" - પણ એ વિચારણા ભૂલ ભરેલી છે. એમ તો બાળક મોટું થઈને એક વખત મૃત્યુ પણ પામવાનું છે. એટલે કાંઈ આપણે તેને રોજ રોજ મરવાનો અનુભવ કરાવીએ છીએ ? મોટું થઈને કદાચ તે ગરીબાઈ ભોગવવાનું છે તો શું આજથી આપણે તેને રોજ છતે ભોજને ભૂખે મરવાનો અનુભવ આપીએ છીએ ? બાળવાર્તામાં બાળકોના દિલની કોમળતાનું જતન કરવાનું છે. જો આપણે તેમ ન કરીએ તો બાળકો વાર્તા સાંભળવાની મજા ન લઈ શકે. બાળવાર્તાઓ સુખદ અને સુખાંત જ હોવી જોઈએ.

હા, ક્યારેક ભૂતની વાત મનોરંજક બની શકતી હોય, બીક લગાડે તેવી ન રહેતી હોય તે કરી શકાય. પણ બાળકોને બિવડાવે એવી વાર્તા તો ન જ કહેવાય.

**(૧૭) અદ્ભુત રસ જરૂરી, હાસ્યરસ પણ જરૂરી**

સપનાંની વાર્તાઓ અદ્ભુત રસની વાહક બની શકે છે. જાદુગર, પરી, દેવ, સુપરમેન આ બધાં બાળકોનાં પ્રિય પાત્રો છે. તેમનાં પરાક્રમો અદ્ભુત રસ નિષ્પન્ન કરે છે.

**(૧૮) બાળવાર્તામાં પ્રગટ, પ્રત્યક્ષ બોધ નહીં દેવાવો જોઈએ**

કારણ કે પ્રત્યક્ષ બોધથી બાળકોને વાર્તા સાંભળવાનો કંટાળો આવશે અને બોધ ગ્રહણ કરવાને બદલે તેનો વિરોધ કરશે. વળી, બાળકોમાં આવતી કાલના આદર્શ નાગરિકનું ઘડતર તો કરવાનું જ છે તેથી બોધવાર્તાઓ આવશ્યક ખરી. પણ શરત એ કે તે મનોરંજન અને સુખદ કલ્પનાથી ભરીપૂરી હોય અને તેનાથી બોધ પરોક્ષ રીતે નિર્ઝરવો જોઈએ. બોધકથાનો વિનિયોગ એમાં એવી રીતે થવો જોઈએ કે બાળકો આપમેળે કશી પ્રેરણા મેળવી લે. આપણે સીધો ઉપદેશ નહીં આપવાનો.

**(૧૯) બાળકો સાથે રસબસ થવાથી બાળ સાહિત્ય સહેલાઈથી સમજી શકાય છે**

ગુલાબને જેમ નવી ડાળી નીકળે કે તરત તેમાં કળી બેસે છે, મોગરાને નવી ડાળી નીકળી કે તરત તેની ઉપર કળીઓ બેસે છે તેમ બાળકોની દોસ્તી કરીએ તો તેમને મોટાંનાં ગીતો - વાર્તાઓ તો જાણે મન પારણે મૂકે છે. તેમને કેવું ગમે, તેઓ કેવું ઝીલી શકે તેની સાચી સમજ તેમની સાથે તેમની જેવડાં થઈ રમીએ - ભમીએ તો જ મળી શકે.

**(૨૦) બાળવાર્તામાં તરંગોનાં ટોળેટોળાં બરોબર નથી**

કલ્પના જરૂરી છે, પણ વાસ્તવિકતાથી જોજનો દૂર બાળકોને લઈ જવાથી કશું હાંસલ થતું નથી. વાર્તાઓ સાવ ગપ્પાંબાજી જેવી ન બનાવી દેવી.

**(૨૧) બાળવાર્તામાં સરળતા જોઈએ**

સામાન્યતા ન આવી જાય તેવી રીતે સરળતા જાળવવી. જેમ બને તેમ ટૂંકા વાક્યો, સરળ શબ્દો, સમજાય તેવો ભાવ આ બધું જોઈએ, પણ વાક્યોનું ટૂંકાણ લીટી ગણીને જાળવવાની જરૂર નથી.

આવશ્યકતાનુસાર વાક્યો લાંબાં પણ હોઈ શકે. જોડાક્ષરો વિહીન વાર્તા લખવાનું પણ જરૂરી નથી, કારણ કે વાર્તા દ્વારા ભાષા શિક્ષણ પણ પરોક્ષ રીતે થતું હોય છે. તેથી જોડાક્ષરો વિના લખીએ તેવી પ્રતિજ્ઞા લેવાની જરૂર નથી. સરળતા અને ટૂંકાણ પ્રત્યે જડતા દાખવવાની જરૂર નથી. વાચન શિક્ષણ પણ ઉદ્દિષ્ટ છે તેથી "બહુ સહેલું બહુ સહેલું" એવો આગ્રહ જરૂરી નથી. શક્ય હોય તેટલું સરળ લખવું - બસ એટલું જ.

**(૨૨) મોટાં બાળકોની વાર્તોમાં અલપઝલપ જ્ઞાનની વાતો આવી શકે**

૮ થી ૧૨ વર્ષનાં બાળકોમાં થોડા નવા શબ્દો કે જે તેમને કઠિન પડે. પાદટીપમાં તેનો અર્થ પણ દર્શાવવો. બાળકોને કશું નવું શીખવા મળે - તે પણ જરૂરી છે. "આ એટલે શું ?" - એવા પ્રશ્નો આવશ્યક છે કારણકે પરિપ્રશ્નો જ જ્ઞાન - મંજુષા ખોલવાની તાલિકાઓ છે.

**(૨૩) વાર્તામાં બાળકોના જમાનાનું જ વાતાવરણ જોઈએ**

એટલે કે હવે આઠ આના, ચાર આના નહીં, પણ ૨૫ પૈસા ૫૦ પૈસા બોલવું જોઈએ. હવે શેર બશેર નહીં, કિલોગ્રામમાં વાત કરાય. ટી.વી., કોમ્પ્યુટર, રોબોટ - આ બધાં બાલવાર્તામાં પસંદગીનાં પાત્રો ઠરે તેવાં સમર્થ લાગે છે.

**(૨૪) બાળવાર્તામાં ભારોભાર શિષ્ટતાની આવશ્યકતા**

ઉત્સર્ગ પ્રક્રિયા તદ્દન વાસ્તવિક છે છતાં છી અને પીની વાતો બાલવાર્તામાં નહીં આવવી જોઈએ. બાળકો એવી વાતોમાં હસતાં હોવા છતાંય તે નિર્મળ હાસ્યરસ નથી જ. ગાળોનો પ્રયોગ પણ વાર્તામાં નહીં હોવો જોઈએ. બાળવાર્તાઓને અનૌચિત્યથી બચાવવી જ જોઈએ કારણકે વાર્તાઓ દ્વારા પરોક્ષપણે બાળકોની સુરુચિ ઘડવાનું પણ કાર્ય કરવાનું છે. બાળવાર્તાનો પ્રથમ હેતુ ભલે મનોરંજન રહ્યો પણ તેનો દ્વિતીય હેતુ અને હંમેશનો હેતુ શિક્ષણ તો છે જ.

**(૨૫) બાલવાર્તામાં વિગત-દોષ કે વિચાર-દોષ પણ ન ચાલે**

કશું ખોટું ન શિખવાડાઈ જાય તેની જાગૃતિ જરૂરી છે.

**(૨૬) બાળકો માટે પદ્યવાર્તાઓ પણ લખી શકાય**

આવી સંગીતવાર્તાઓ નૃત્યનાટિકા તરીકે ભજવી શકાતી હોય છે. આવી વાર્તાઓ લખવા માટે પ્રાસ-આયોજન, તાલભાન, લય-સૂઝ, ગાન-પ્રાવીણ્યની લેખક પાસે આવશ્યકતા રહે છે. તેમાં લેખકનાં બે સ્વરૂપ હોય છે : એક ગીતકારનું અને બીજું વાર્તાકારનું. તેમાં વાર્તાકાર ગીતકારને અને ગીતકાર વાર્તાકારને મદદ કરે છે. બાળકોને આ જુગલબંધી બહુ રસપ્રદ લાગે છે.

**(૨૭) ભાષાશુદ્ધિ જાળવવી જરૂરી**

બાળકો વાર્તા-વાચન અને વાર્તા- શ્રવણ દ્વારા પરોક્ષ રીતે ભાષા પણ શીખતાં હોય છે તેથી લેખકોને ભાષા-શુદ્ધિનો સંપૂર્ણ ખ્યાલ હોવો જોઈએ.

**(૨૮) બાળવાર્તા લખ્યા પછી વિવેચકની નજરે તેને તપાસી લેવી જરૂરી**

પક્ષિણી જેમ ઈંડું સેવે છે તેમ આપણે વાર્તા સેવવી જોઈએ. ક્યાંય કચાશ ન રહી જાય તે તપાસવા

માટે વાર્તા જાણે કોઇકની છે આપણે તેની ભૂલ કાઢવા બેઠાં છીએ એવા અભિનિવેષ સાથે વાર્તા તપાસી લેવી અને જરૂર જણાય ત્યાં સુધારી લેવી જરૂરી.

**(૨૯) અભિવ્યંજનાત્મક ઉદ્‌ગારોનો ઉપયોગ જરૂરી**

ભાષાને જેમ રવાનુકરણ ચિત્રાત્મક બનાવે છે તેમ કેટલાક ઉદ્‌ગારો અભિવ્યંજનાત્મક બનાવે છે. બાળકોને તેવા કેવળપ્રયોગી અવ્યયો સાંભળવા વાપરવા ગમે છે. વિસ્મય, ક્રોધ, આનંદ વગેરેની બોધકતા વ્યકત કરતા ઉદ્‌ગારો વાર્તામાં જરૂર પ્રમાણે વાપરવા જેમ કે અરે રે ! ; ઓહો ! ; વાહ ! ; બાપ રે !; ઓય માં ! ; અરરર ; આહા હા હા ! ; હોય હોય ! વગેરે.

**(૩૦) વસ્તુગૂંથણીમાં સરળતા જરૂરી**

ક્યારેક મોટાઓની વાર્તાઓમાં ફ્લેશબેક આવે છે તે બાળવાર્તામાં ન મૂકવો. બાળકોને તે સમજવામાં મૂંઝવણ થાય.

પ્લોટની અંદર સબપ્લોટ હોય તેવું પણ બાળવાર્તામાં વ્યાજબી નથી કારણ કે તે પણ બાળકોને કઠિન પડે.

મોટાઓની વાર્તામાં દસમે ક્રમે બનતો પહેલો મૂક્યો હોય અને પછી ૧ થી ૯ એક ક્રમિકતા શરૂ થતી હોય અથવા ઘણી વખત ૫-૬-૪-૩-૧-૨-૭-૮-૯-૧૦- એમ પ્રસંગો ક્રમિકતા વગર રજૂ થતાં હોય છે પણ અજાણ્યા મનમાં સીધે ક્રમે જ ગોઠવાઇ જતાં હોય છે. વસ્તુ સંકલનની આ રીત બાળવાર્તામાં ન પ્રયોજવી. તેમાં તો એક હતા બાબાભાઇ કે એક હતું જંગલ કે એક હતી પરી - એમ સરળ શરૂઆતથી ક્રમિકપણે જ ઘટનાઓ ગોઠવવી.

વાર્તા કદી 'બાયફોકલ' ન બનવા દેવી. શરૂઆતથી જે એક બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે તેને જ અંત સુધી પકડી રાખવી. અંતમાં વળી કાંઇ નવી જ વાત કરવી તેવું ન કરવું. વાર્તાને બે કેન્દ્રો હોય તો વાર્તા વેરવિખેર થઇ જાય. તેથી એક વાર્તા એ જ લક્ષ્ય હોઇ શકે. કોઇ વાર્તામાં આપણે સિંહને પોતાનું રાજ્ય દર્શાવી રહ્યાં છીએ તો પછી એ જ દેખાડો, છેલ્લે પછી તેનાં લગ્નનાં વાજાં વગડાવીએ તો વાર્તાનું આ નવું કેન્દ્ર ફૂટી નીકળ્યું કહેવાય. વાર્તાનો એક જ હેતુ હતો - રાજા કેવો હોવો જોઇએ. તેથી અંતે આ સિવાયનું બીજું નહીં આવવું જોઇએ.

**(૩૧) ડિટેકટીવ વાર્તાઓ બાળ-વાર્તા તરીકે ન આવી શકે**

કારણકે તેમાં ક્રાઇમ સંકળાયેલાં છે. ગુના સિવાયની કશી અન્યની જાસૂસીની વાત હોય તો ભલે આવે.

## બાળવાર્તામાં સંવાદોનું સુપેરે નિરૂપણ

તમે કોઇ રડતાં બાળકને એમ કહો કે - 'છાનો રહી જા. જો હું તને એક વાર્તા કહું.' તો આ વાક્યની તેના પર જાદુઇ અસર થશે. વાર્તા વાંચવા કરતાં વાર્તા સાંભળવાની સહુ કોઇને મજા આવે છે. બાળકને વાર્તા સાંભળવાની વિશેષ ગમે છે. વાર્તાનો પ્રારંભ કઇ રીતે કરવો અને સંવાદો તથા જોડકણાં ગૂંથતાં, વાર્તાને રમાડતાં રમાડતાં કઇ રીતે સુખદ અંત તરફ લઇ જવી એમાં તો વાર્તાનું શાસ્ત્ર સમાયેલું છે. આ વાર્તાનું શાસ્ત્ર જાણ્યા વગર કદાચ સારી વાર્તા ન

કહી શકાય.

સારી બાળવાર્તામાં નીચેનાં લક્ષણો હોવા જોઇએ :

૧. વાર્તાનો સીધો ઉપાડ

૨. કથાવસ્તુમાં તત્કાલ પ્રવેશ

૩. બાળકોને સમજાય તેવું સીધું સાદું કથાવસ્તુ

૪. બનાવો (પ્રસંગો)ની પરંપરા

૫. સંવાદોની રમઝટ કે જોડકણાં અને પુનરુક્તિઓ

૬. પાત્રોની લાક્ષણિકતા

૭. કવિન્યાય મુજબનો સુખદ અંત

અહીં બાળવાર્તાનાં અન્ય પાસાઓનો વિચાર કરવાનો નથી, પરંતુ બાળવાર્તામાં સંવાદોનું સુપેરે નિરુપણ કઇ રીતે કરી શકાય તે ઉદાહરણ દ્વારા પ્રસ્તુત છે.

## એક પ્રયોગ : વાર્તા એક, રજૂઆત જુદી

એક પ્રયોગ કરવા જેવો છે. કોઇ એક વાર્તા પસંદ કરો. એ વાર્તા બિલકુલ સીધીસાદી રીતે, એક પણ જોડકણા વગર, એક પણ સંવાદ વગર બાળકોને કહો. બાળકો પર તેની અસર થાય છે તે જુઓ. પછી બીજે દિવસે અથવા તો તે જ દિવસે એ જ વાર્તા જરૂરી સંવાદો અને જોડકણાં ઉમેરીને કહો. શો ફરક પડે છે ? બાળકનાં મોઢાં મલકે છે ખરાં ? બાળકો પણ તમારી સાથે જોડકણાં ગાવામાં જોડાય છે ખરાં ?

આપણે એક નમૂના દ્વારા આ હકીકત સમજીએ. 'દલા તરવાડી' ની વાર્તા પ્રથમ આપણે સંવાદ કે જોડકણાં વગર કહીએ.

## દલો તરવાડી

એક હતા દલા તરવાડી. તેમની પત્નીને એક વાર રીંગણાં ખાવાની ઇચ્છા થઇ. દલા તરવાડીને વાત કરી. તરવાડી તો થેલી લઇ ઉપડ્યા. ગામના વશરામ ભૂવાની એક વાડી હતી. વાડીમાં રીંગણાં વાવ્યાં હતાં. તરવાડી તો વાડીએ ગયા. વાડીમાં કોઇ નહતું. ધીરેથી અંદર ગયા. વાડીને રીંગણાં લઉં કે નહિ તે વિશે પૂછ્યું. વાડીએ કોઇ જવાબ ન આપ્યો. દલા તરવાડીએ રીંગણાં લીધાં. ઘેર ગયા. ગોરાણી ખુશ થયાં. આમ રોજેરોજ દલા તરવાડી વાડીએ જઇ રીંગણાં લઇ આવે.

વશરામ ભૂવાને વહેમ પડ્યો કે વાડીમાંથી કોઇ રીંગણાં ચોરી જાય છે. એક વાર સંતાઇ ગયા. તરવાડી આવ્યા ને પકડાઇ ગયા. વશરામ ભૂવાએ તરવાડીને દોરડા વડે બાંધ્યા. કુવામાં ઉતાર્યા અને બે-ચાર ડૂબકાં ખવરાવ્યાં. તે પછી દલા તરવાડી રીંગણાં ચોરવાની ખો ભૂલી ગયા.

ઉપર જે વાર્તા લખી છે, તેમાં એક પણ સંવાદ મૂક્યો નથી. બાળકોને ઉપરની વાર્તા સાંભળવાની મજા પડશે ખરી ? હવે આજ વાર્તા સંવાદો અને જોડકણાં ઉમેરીને કહીએ :

## દલો તરવાડી

એક હતા દલા તરવાડી. તેમની પત્નીને રીંગણાં બહુ ભાવે. એકવાર ગોરાણી કહે :

'તરવાડી, રીંગણાંનું શાક ખાવાની ઇચ્છા થઇ છે.'

'ભલે, તો આ ઉપડ્યો.'

ને દલા તરવાડી હાથમાં થેલી લઇ નીકળી પડ્યા. ગામના વશરામ ભૂવાની વાડીમાં રીંગણાં વાવેલાં. તરવાડી તો વાડીએ પહોંચ્યા. વાડીમાં કોઇ ન હતું. તરવાડી ને થયું કે કોઇને પૂછ્યાં વગર રીંગણાં ન લેવાય એટલે એમણે વાડીને પૂછ્યું : 'વાડી રે વાડી !'

પણ વાડી કંઇ બોલે ? એટલે તરવાડી પોતે જ અવાજ બદલીને બોલ્યા : 'શું કહો છો દલા તરવાડી ?'

પાછા તરવાડી બોલ્યાં : 'રીંગણાં લઉં બે ચાર ?'

તરત જ અવાજ બદલીને પોતે બોલ્યા : 'લો ને દસ-બાર !'

ને તરવાડી તો ખુશ થઇ ગયા. પછી થેલી ભરીને રીંગણાં લઇને પોતાને રસ્તે પડ્યા.

ગોરાણીને તો રીંગણાંનું શાક ખૂબ ભાવ્યું. બીજા દિવસે પાછાં એ કહે : 'તરવાડી, રીંગણાં તો દાઢે વળગ્યાં.'

તરવાડી હસીને બોલ્યા : 'ભલે, રીંગણાં લઇ આવું.'

તરવાડી ફરી વાડીએ ગયા ને ફરી એમ જ પૂછ્યું :

'વાડી રે વાડી !'

'શું કહો છો દલા તરવાડી ?'

'રીંગણાં લઉં બે-ચાર ?'

'લો ને દસ-બાર !'

ને દલા તરવાડી હોંશે-હોંશે રીંગણાંની થેલી ભરીને ઘેર આવ્યાં.

પછી તો આ એમનો રોજનો ક્રમ થઇ ગયો.

વશરામ ભૂવાને વહેમ પડ્યો કે 'વાડીમાં કોઇ રીંગણાં-ચોર આવે છે. આજે તો એને પકડવો પડશે.'

વશરામ ભૂવા ઝાડની પાછળ સંતાઇ ગયા. થોડી વારે તરવાડી આવ્યાને વાડી ને પૂછવા લાગ્યાં :

'વાડી રે વાડી !'

તરવાડી  જ બોલ્યા : 'શું કહો છો દલા તરવાડી ?'

'રીંગણાં લઉં બે-ચાર ?'

ફરી અવાજ બદલીને બોલ્યા : 'લો ને દસ-બાર !'

ને તરવાડી રીંગણાં લેવા લાગ્યાં. વશરામ ભૂવા તરવાડીની ચાલ સમજી ગયા.

વશરામ ભૂવાએ તરવાડીને પકડ્યા. દોરડા વડે બાંધ્યાને પછી કુવામાં ઉતાર્યા. તરવાડી તો બૂમો પાડતા જ રહ્યા : 'ભૈસા'બ, મને છોડી દો. હું તમારી ગાય. હવે કદી નહીં આવું !' પણ માને તો એ વશરામ ભૂવા શેના ?

કુવામાં લટકાવી ભૂવાએ કુવાને પૂછ્યું : 'કુવા રે કુવા ?'

પણ કુવો તે કંઇ બોલે ? એટલે ભૂવા જ બોલ્યાં : 'શું કહો છો વશરામ ભૂવા ?'

ભૂવા ફરી બોલ્યાં : 'ડૂબકાં ખવરાવું બે-ચાર ?'

કુવો ન બોલ્યો એટલે ભૂવા જ અવાજ બદલીને કહે : 'ખવરાવો ને દસ-બાર !'

ને વશરામ ભૂવાએ તરવાડીને ઠંડાં પાણીમાં ડૂબકાં ખવરાવ્યાં. આજની ઘડી ને કાલ નો દિ'. તરવાડી કદી વાડી નજીક ઢૂકયા પણ નહીં !

અહીં વાર્તા ટુંકાવીને લખી છે. આ વાર્તા હજીય વધારે લંબાવીને કહી શકાય. જો કે વધારે ખેંચવાથી વાર્તા-રસ ન પણ જળવાય એવું પણ બનવા સંભવ છે.

### જોડકણાનું મહત્વ

બાળવાર્તામાં જોડકણાં અનિવાર્યપણે આવવાં જોઈએ. જોડકણાં ગાવાં અને સાંભળવાં બાળકોને ગમે છે. વારંવાર બેવડાતાં જોડકણાં પણ વાર્તાનું ભાવ જગત ઘડી આપે છે. જોડકણાં તો વાર્તાનો પ્રાણ છે. જે વાર્તામાં જોડકણાં નહીં હોય તે વાર્તા બાલમાનસમાં લાંબો સમય નહીં ટકે. બાળક વાર્તા સાંભળ્યા પછી તે કઇ હતી ને કેવી હતી તે કદાચ ભૂલી જશે પણ એમાં આવતાં જોડકણાં એને કાયમ યાદ રહી જશે. એનું કારણ એ છે કે જોડકણાંમાં આવતાં રમતીલા, લયબદ્ધ, સાદાને સરલ શબ્દો અને પ્રાસરચના વગેરે બાળકોમાં પ્રિય થઇ પડે છે. ગિજુભાઇની કેટલીક વાર્તાઓમાં આવતાં જોડકણાં કેટલાં પ્રચલિત છે ! કેટલાંક ઉદા. લઇએઃ

આ જોડકણું જુઓ :

ખડબડ ખડબડ ખોદત હૈ
લાંબી ડોકે જોવત હૈ
કુકડ મુકડ બેઠત હૈ
ધડબડ ધડબડ દોડત હૈ

ને આ જોડકણું પણ એટલું જ પ્રચલિત છે :

ઠાગોઠૈયા કરું છું
ચાંચુડી ઘડાવું છું.
જાવ, કાબરબાઇ ! કાલ્ય વે'લો આવું છું.

બાલવાર્તામાં જોડકણાં બે રીતે પ્રયોજાય છે.

(૧) કથા વસ્તુના વર્ણનરૂપે (૨) સંવાદરૂપે

કથા-વસ્તુને આગળ ધપાવવા વચ્ચે વચ્ચે જોડકણાં પ્રયોજી શકાય છે. ગિજુભાઈની વાર્તાનું જોડકણું જુઓ :

જૂકા પેટ કુટ્યાં, નદી લોહી લોહી
કાગડો કાણો, બાવળ વાંકો
સુથાર ઠૂંઠો ને વાણિયો બે'રો

એજ રીતે સંવાદરૂપે આવતું આ જોડકણું જુઓ :

'દીકરીને ઘેર જાવા દે,
તાજીમાજી થાવા દે,
પછી મને ખાજે.'

ટૂંકમાં કહીએ તો જોડકણાં વાર્તાના પાત્રોના વિવિધ મનોભાવો અને સ્વભાવ રજૂ કરે છે. થોડામાં ઘણું કહેવાની તાકાત આ જોડકણાંમાં રહેલી છે.

## રવાનુકરણનું મહત્વ

બાળવાર્તામાં એકના એક સંવાદો કે જોડકણાં વારંવાર આવે તો તે દોષ નહીં ગણાય. બાળવાર્તામાં પુનરુક્તિ આવે તે ખૂબ જરૂરી છે. બાળકોને એ ગમે પણ છે. ઘણી વાર બાળકો જે વાર્તા કહેનારની સાથે સાથે સૂર પુરાવી ગાવા લાગે છે.

ધીરૂબહેન પટેલની 'બતકનું બચ્ચું' વાર્તામાં મા પોતાના બચ્ચાને કહે છે : 'ચાલ, તને તરતાં શીખવું.'

બચ્ચું કહે : 'નાહ્ય કોણ ? તરે કોણ ?
ઠંડા પાણીમાં પડે કોણ ?
હું તો નહીં તરું !'

મા બચ્ચાને પહેલાં નદીએ લઇ ગઇ પછી તળાવ કાંઠે લઇ જાય છે. ત્યાંથી ખાબોચિયે અને છેવટે વાવ પાસે લઇ જાય છે. દર વખતે મા બચ્ચાને ઉપર મુજબ પૂછે છે ને જવાબમાં બચ્ચું ઉપરનું જોડકણું ગાય છે. છેવટે બચ્ચું તરતાં શીખે છે ને તે સમયે બચ્ચું ગાય છે :

'તરવાની મજા !
નાહવાની મજા !
ઠંડા ઠંડા પાણીમાં પડવાની મજા !'

નાના બાળકોને કેવી રીતે કહી શકાય તેનો ઉત્તમ નમૂનો આ વાર્તા છે એમ કહીએ તો પણ ખોટું નથી. વાર્તાના સંવાદો રમૂજી હોય તો બાળકોને તો વાર્તા સાંભળવાની કે વાંચવાની મજા પડે છે. દલપતસિંહ પઢિયારની 'છોગાળા હવે છોડો !' વાર્તામાં આવા સંવાદો સુપેરે નિરૂપાયા છે. સસલીનાં બચ્ચાં રસ્તા વચ્ચે રમતાં હોય છે. ત્યાં થઇને એક હાથી પાણી પીવા રોજ પસાર થાય છે. હાથી બચ્ચાંને કહે છે કે 'તમારી માં હોય તો બે બોલ કહેતો જાઉં' એ વાત બચ્ચાં માને કરે છે ત્યારે મા કહે છે :

'એ મગતરા જેવો હાથીડો સમજે છે શું ? કહેવા દો તમારા બાપાને. જુઓ પછી એની શી વલે કરે છે ?'

ને પછી સસલીબાઇ કેવી રીતે ફરિયાદ કરે છે તે જુઓ :

સસલીબાઇ કહે : 'છેલ છોગાળા રાણાજી !'

સસલાભાઇ કહે : 'શું કહો છો છેલછબીલાં રાણીજી !'

વાર્તાનો અંત પણ કેવો રમૂજી છે ! હાથીની પાછળ સસલાભાઇ તણાયે જાય છે. સસલી ને એમ લાગે છે કે સસલો છોડતો નથી એટલે કહે છે : 'છોગાળા, હવે તો છોડો !'

એટલે હતું એટલું જોર એકઠું કરી સસલાભાઇ બોલે છે : 'છોગાળા તો છોડે, પણ સૂંઢાળા ક્યાં છોડે છે?'

અહીં 'પણ' શબ્દ મૂકી, આગળ-પાછળના વાક્યાંશનો જે વિરોધાભાસ ઊભો કર્યો છે, તેનો રણકો તરત જ પરખાય છે. વળી વાર્તા આ સંવાદ સાથે જ પૂરી થાય છે. આમ વાર્તામાં રમૂજપ્રેરક સંવાદો પ્રયોજવાથી વાર્તારસ સોળે કળાએ ખીલી ઊઠે એમાં બેમત નથી.

## જોડકણાંમાં અંત્યાનુપ્રાસ

બાળવાર્તામાં જોડકણાંની ભાષા સરળ હોવી જોઇએ. જોડકણાં ગાઇ શકાય તેવા પ્રાસવાળાં હોવાં જોઇએ. જોડકણાંમાં અંત્યાનુપ્રાસ આવે તો બાળકને ગાવાની મજા પડે છે. જો કે બધાં જ જોડકણાં આવાં ન પણ હોઇ શકે.

આપણાં જાણીતા લેખક શ્રી દુર્ગેશ શુકલની કેટલીક સુંદર નાની બાળવાર્તાઓ પૈકી 'કીડીબાઇનું ખેતર' વાર્તામાં નાની કીડી કઇ રીતે ખેતરમાં ખેતી કરે છે. તે કોની કોની પાસે મદદ માટે જાય છે, તેનું બાળસહજ શૈલીમાં સરળતાથી નિરૂપણ થયું છે. તે મકોડાભાઇ પાસે જઇ કહે છે :

મકોડાભાઇ, ખેતર ખેડો,  
પહેરાવું સોનાનો તોડો.

'ખેડો' ,સાથે 'તોડો' નો અનુપ્રાસ સહજ ખોડંગાય છે, છતાં ચાલી જાય તેવો છે. અહીં 'ખેડો' સાથે મેડો, વેડો, છેડો, વગેરે શબ્દો આવે તો સહજ લાગે.

ચકલાભાઇ પાસે જઇ કીડી કહે છે :

ચકલાભાઇ, વેરોને ચણ,  
બાજરી દઇશું પૂરી મણ,

આ જ લેખકની 'નહીં લડીએ' વાર્તામાં અન્ય ઉદાહરણો જોવા મળે છે. ખિસકોલી સસલાભાઇના કાન ખેંચીને કહે છે :

'સસલા, તારા કાન કેવા ?  
સડી ગયેલા પાન જેવા !'

તે દેડકાને જઇને કહે છે :

'દેડકા, તારી ફાંદ મોટી,  
સસલાની ના વાત ખોટી.'

આમ, બાળવાર્તામાં આવતા જોડકણાં બાળકને ઝટ યાદ રહી જાય તે રીતે પ્રયોજવાં જોઇએ.

## બાલ વાર્તા : 'ઊગો ઊંદરડો'

એક ઘર હતું.

ઘરમાં બે-ચાર દર હતાં.

દરમાં ઊંદરડાં રહેતાં હતાં.

રાત પડે ને બહાર નીકળે, દોટંદોટા કરે.

કપડાં કાપે, કાગળ કાપે.

એક રાત્રે બધાં કહે : 'ચાલો આપણે સંતાકૂકડી રમીએ.'

અને પછી શરૂ થઇ રમત.

એક ઊંદર 'ડાહો' બન્યો. બીજો બન્યો : 'ડાહીનો ઘોડો.'

અને ચાલ્યું : 'એન ઘેન ડાહીને ઘોડો.'

બધા ઊંદર સંતાઈ ગયા.

કોઈ ખાળમાં સંતાયો, કોઈ ડબ્બા પાછળ તો કોઈ કબાટ નીચે.

એક ઊંદર બારણા પાછળ સંતાયો.

એમાં રાત્રે બબીબહેન બાથરૂમ જવા ઊઠ્યા અને તેમણે ઘરનું બારણું ઉઘાડ્યું.

બારણા પાછળ સંતાયેલા ઊંદરની પૂંછડી બારણામાં ભીંસાઇ ગઇ.

'ઓય વોય ચૂં ચૂં, ઓય વોય ચૂં ચૂં' થઇ પડ્યું.

રંગમાં ભંગ પડ્યો. રમત અટકી ગઇ.

બધા ઊંદર ભેગા થયા. 'એલા, કોણ રડે છે ?'

બારણા પાછળ સંતાયેલો- ઊગો !

ઊગાની પૂંછડી કપાઇ ગઇ એટલે રડતો હતો.

બધાએ જોયું : ઊગાની પૂંછડી કપાઇ ગઇ છે, પણ સાવ તૂટી તો નથી જ. સંધાઇ જાય તેવી તો છે જ.

રડતો રડતો ઊગો ચાલ્યો. પાછળ એની પૂંછડી પણ ચાલી.

અડધી પૂંછડી ટટ્ટાર અમને અડધી નીચે લબડે.

બધા હસી પડ્યા : 'એય, ઊગો લબડ પૂંછડિયો !'

ને પછી ઊગો લબડ પૂંછડિયો બની ગયો. 'એન ઘેન' ને બદલે 'લબડ પૂંછડિયો' ચાલ્યું.

બધા 'લબડ પૂંછડિયો' એમ બોલે ને ઊગો એમને મારવા દોડે.

આખી રાત બધાંએ ઊગાને ખીજવ્યો. જે ખીજવે તેને ઊગો પકડવા દોડે પણ આખી પૂંછડીવાળા મોટો કૂદકો મારી છટકી જાય.

ઊગાની પૂંછડી તૂટેલી એટલે મોટો કૂદકો મારી ન શકે.

સવાર પડી ત્યાં તો ઊગો થાકી ને ટેં થઇ ગયો.

એને થયું કે આ પૂંછડી આમ લબડ્યા કરશે તો બીજા ઊંદર ખીજવ્યા કરશે. માટે એને સાંધી લેવી તો પડશે જ. રોયા કરવાથી કે ઓય વોય કરવાથી કાંઇ નહીં વળે.

સવારે ઊગો પૂંછડી સંધાવવા નીકળ્યો.

રસ્તામાં કુંભારનું ઘર આવ્યું. કુંભાર પાસે માટીનો મોટો બધો પીંડો ને પીંડો ચાકડે ચડાવી કુંભાર માટલા ઘડે.

ઊગો કુંભાર ને કહે : 'કુંભારકાકા, કુંભારકાકા, મારી આ પૂંછડી તૂટી ગઇ છે. તમારો આ ગારો લઇને સાંધી આપશો ?'

કુંભારે ઊગાની પૂંછડી જોઇ : અડધી કપાયેલી, પણ ગારાથી કેમ સાંધવી ?

કુંભાર કહે : 'ઊગાજી, તમારી પૂંછડીએ ગારો લગાવું તો પૂંછડી સંધાય તો જાય પણ તમે પાણીમાં પડો કે વરસાદમાં નહાવા નીકળો તો મારો ગારો ધોવાઇ જાય ને પૂંછડી પાછી એવી ને એવી થઇ જાય - એટલે ગારાથી સાંધવી બરાબર નહીં.'

ઊગો ગયો સુથારની કોંઢે. સુથાર ખીલી ઠોકી લાકડાં સાંધે. ખુરશી બનાવે, ખાટલા બનાવે.

ઊગો કહે : 'સુથારભાઇ, આ લાકડાં સાંધો છો તો તમે મારી આ પૂંછડી પણ સાંધી આપો ને.'

સુથારે ઊગાની પૂંછડી જોઇ. અડધી લબડે. ઊગો ચાલે ત્યારે પાછળ પૂંછડી ઢસડાય.

સુથાર કહે : 'ઊગા, પૂંછડીને ખીલી ન મરાય. ખીલા-ખીલી તો લાકડાંમાં મરાય. તારી પૂંછડી તો જીવતી છે. એમાં ખીલી મારીએ તો વેદના થાય. નહીં ભાઇ, જીવતી વસ્તુને સાંધવાનું મારું કામ નહીં.'

ઊગો ત્યાંથી ગયો લુહારની કોંઢમાં. લુહાર લોખંડના સળીયા સાંધે-વેલ્ડિંગ કરે.

ઊગો કહે : 'લુહારભાઇ, મારી આ પૂંછડીને વેલ્ડિંગ કરીને સાંધી આપોને !'

લુહાર કહે : 'ઊગાજી પૂંછડીને વેલ્ડિંગ ન થાય. વેલ્ડિંગ કરીએ તો પૂંછડી બળી જાય. ના ભાઇ, પૂંછડી આ રીતે ના સંધાય !'

ઊગો બજારમાં થોડો આગળ ચાલ્યો, ત્યાં તેણે મોચીની દુકાન જોઇ. મોચી બેઠોબેઠો ચામડાં સીવે. સીવીસીવીને ચંપલ બનાવે, બૂટ બનાવે.

મોચીને જોઇને ઊગાએ વિચાર કર્યો : 'આ મોચીભાઇ ચામડાં સીવે છે એટલે મારી પૂંછડી ચોક્કસ સીવી દેશે. પૂંછડી પણ ચામડાંની જ કહેવાય ને ?'

ઊગો મોચી પાસે જઇને ઉભો રહ્યો. મોચીની નજર તેની પર પડી.

'કેમ ઊગા ? કેમ આવવાનું થયું ? '

ઊગાએ રડમસ ચહેરે તૂટેલી પૂંછડી બતાવી અને તેને સાંધી દેવા આજીજી કરી.

મોચી કહે : 'ઊગા, હું ચામડાં સીવું છું એ વાત સાચી પણ ચામડાંમાં જીવ ન હોય. તારી પૂંછડી છે ચામડાંની, પણ જીવતી છે. એ મારાથી ન સીવાય. પૂંછડીમાં સૂચો ખોસું તો તારી રાડ ફાટી જાય. ના ભૈ, એ કામ મારું નહીં.'

મોચીએ ના પાડી એટલે ઊગો નિરાશ થઇ ગયો. પૂંછડી નહીં સંધાય તો રાત્રે બધાં 'લબડ પૂંછડિયો' કહીને ખીજવશે એની ચિંતા થવા લાગી. આગળ ચાલ્યો ત્યાં દરજીની દુકાન આવી. દરજી સંચા ઉપર કપડાં સીવે. બે તૂટેલાં કપડાં ને કરરર કટ્ કરીને ભેગાં કરી દે. કપડાં સંધાતા જોઇ ઊગો રાજીના રેડ થઇ ગયો. દરજી પાસે જઇને ઊગો કહે : 'દરજીભાઇ, આ કપડાં સાંધો છો તેમ મારી પૂંછડી પણ સાંધી આપોને -'

દરજીએ ઊગાની પૂંછડી જોઇ. અડધી પૂંછડી લબડતી હતી.

દરજી કહે : 'ઊગા, આ સંચાથી તારી પૂંછડી ન સંધાય. એને સિલાઇ મારી ન શકાય. ટેભા લઇએ તો તને પીડા થાય ને ટેભા તૂટે તો પાછું ઇનું ઇ. એના કરતાં તું ડૉક્ટર પાસે જા. એ તારી પૂંછડી સરસ રીતે સાંધી આપશે.'

ઊગો દવાખાને ગયો. ડૉક્ટર બહુ ભલા હતા. ખુરશીમાં બેઠાબેઠા દર્દીને તપાસતા હતા. તેમણે ઊગાને જોયો.

ડૉક્ટર કહે : 'કેમ ઊંદરજી, કેમ આવ્યા છો ?'

ઊગાએ પોતાની લબડતી પૂંછડી બતાવી. પછી કહે : 'દાક્તર સાહેબ, આ સાંધી આપશો ?'

ડૉક્ટર કહે : 'ચડી જા ટેબલ ઉપર ! તૂટેલા અંગ જોડતાં તો અમને આવડે. આવી જા.'

ઊગો તો ઠેકડો મારી ટેબલ પર ચડી ગયો.

ડૉક્ટરે ઊગાને ચૉકલેટ આપી. પછી પૂંછડી પર ઠંડી ઠંડી દવા લગાડી. પછી તૂટેલી પૂંછડી ભેગી કરી ટાંકા લીધા ને ઉપર નાનકડો પાટો બાંધ્યો. ઊગાને જરાય ન દુખ્યું !

ડૉક્ટરે કહ્યું, ' શાબાશ ઊગા ! તું છે ઘણો બહાદૂર ! સોય અડાડી તોય ઉહકારો ન કર્યો. જા, હવે બે દિવસ પછી પાટો બંધાવવા આવજે.'

ઊગો ભલા ડૉક્ટરનો આભાર માની ઘેર ગયો. બે દિવસ દવા લગાડી ને પાટો બાંધ્યો ત્યાં તો પૂંછડી સાજી થઇ ગઇ ! હતી એવી ને એવી ! ટક્કાર !

તેને જોઇ બીજા ઊંદરડા કહે : ''બહાદૂર છે આ ઊગો ! દાક્તર પાસે એકલો ગયો અને પૂંછડી સંધાવી લાવ્યો ! શાબાશ ! ઊગા શાબાશ !' ને રાત્રે પાછી સંતાકૂકડી શરૂ થઇ : 'એન ઘેન ડાહીનો ઘોડો' પણ આ વખત ઊગો બારણા પાછળ નહીં, ખાળમાં સંતાયો હતો. બધા આખી રાત ખૂબ રમ્યાં. પછી કપડાં કાપ્યાં, લાકડા કાપ્યાં ને કાગળ પણ કાપ્યાં ! - ને ખાધું, પીધું ને મજા કરી !

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૨૪** **અભિગમ :- કાર્યશાળા**

**શિર્ષક :- વાર્તા કથન (Story Telling)**

**સંબંધિત વિષય :-** ગુજરાતી, પર્યાવરણ અભ્યાસ, ગણિત, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ, જીવનલક્ષી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સંબંધી ક્ષમતાઓ.

**સૂચના :-** અહીં બાલવાર્તા-કથન અભિવ્યકિત માટે ધ્યાનમાં રાખવાની વિગતો દર્શાવતી અધ્યયન સામગ્રી તેમજ બાળકો પર અજમાયશ કરીને પસંદ કરેલી પાંચ બાળવાર્તાઓ પ્રસ્તુત છે. આ બાળવાર્તા પૈકી એક અથવા અન્ય આપની પસંદગીની બાળવાર્તાનું કથન વર્ગમાં યોગ્ય રીતે બાળકો સમક્ષ કરો. બાળવાર્તાનું કથન કરતી વખતે આવશ્યક બાબતોને ધ્યાનમાં રાખવાનો પ્રયત્ન કરો.

## બાલવાર્તાનું ટચુકડું શાસ્ત્ર

શેરીઓમાં રમતાં કે શાળાઓમાં ભણતાં ભૂલકાંઓને આપણી શાળાઓની કે શેરીઓની સૃષ્ટિ સાંકડી પડે છે. એમના મનોરથો આપણી આ દુનિયામાં સમાતાં નથી. એમના તરંગો આકાશ-પાતાળને બાથ ભરવા મથે છે. પણ આપણી શિસ્તના ખ્યાલો એમના મનોરથોને રૂંધે છે. આપણા નિયમો તેમના તરંગોને ખાળે છે. આથી બાળકો મૂંઝાય છે. હિજરાય છે, માવતર પણ મૂંઝાય છે. આવા સમયે માવતરને બાળકને, અને શિક્ષકને એમની મૂંઝવણમાંથી ઉગારે છે વાર્તા.

વાર્તાએ એક એવું નજરાણું છે કે જે રોતાંને છાનાં રાખે છે, રખડુને નિયમિત બનાવે છે, તોફાનીને શિસ્તમાં રાખે છે અને કંટાળેલાંને રસતરબોળ કરે છે.

બાળકને મન વાર્તા તે ગગનચૂંબી ઉડ્ડયનો માટેનું પ્લેટફોર્મ બને છે. રંગીન કલ્પનામાં નહાવા માટેનો રસફૂવારો બને છે.જીવનની રૂંધામણો વહેવડાવવા માટેનો ઢાળ બને છે. એક અદ્‌ભુત, રમ્ય અને સ્વકીય દુનિયામાં દોરી જનાર દોસ્ત બને છે.

કલ્પના વિહાર એ માનવીની દોલત છે. સત્ય જગતને ખેડતાં ખેડતાં કલ્પના જગતમાંથી પ્રાણબળ મેળવવું તે માનવીની પ્રકૃતિ છે. આ જગતના રણસંગ્રામમાં ઝૂઝવાનું જોર માણસને કલ્પના જગતમાંથી જ મળે છે. બાળકને માટે તો કલ્પના જગત એ જીવાદોરી જેવું છે. જીવન જળ એમને કલ્પના સૃષ્ટિમાંથી જ મળે છે. એટલે વાર્તાઓ તો બાળકોને માટે જીવન જીવવાની જડીબુટ્ટી જ બને છે.

બાળકોની દુનિયામાં પ્રવેશ કરવાનો માર્ગ તરંગોની દુનિયામાંથી જ પસાર થાય છે. બાળક કોઇ દિવસ આ આપણી કહેવાતી દુનિયામાં સીધું પ્રવેશ કરી શકતું જ નથી. અને કરે છે તો વાસ્તવિક દુનિયામાં તે અજાણ્યા જેવું જ બની રહે છે.

બાળકોને મન વાર્તા એ જીવનનો એક નવીન જ અનુભવ છે. શબ્દોની પરંપરા દ્વારા ઊભી થતી સૃષ્ટિને વારંવાર જોઇને તે આનંદ પામે છે. અને એ આનંદ સાથે તે જીવનયાત્રામાં આગળ વધે છે.

વાર્તા તે માનવ જીવનનો અજર અમર વારસો છે. વાર્તાઓમાં માનવહૃદયના કૂણા અને કઠોર ભાવો, ધીંગું ડહાપણ અને પ્રકૃતિપ્રેમ ગુંથાયા હોય છે. વાર્તામાં વાર્તારસ તો હોય જ છે પણ સાથે સાથે જીવનનું કંઇક અને કંઇક રહસ્ય એમાં ગર્ભિત રીતે ગુંથાયેલું હોય છે. વાર્તાઓ જીવનનું આ રહસ્ય બાળકો સમક્ષ પ્રત્યક્ષ કરે છે.

બાળવાર્તાઓ કહેવી તે કરતાં રચવી તે મુશ્કેલ કામ છે. બાલહૃદયમાં સૂક્ષ્મ સંવેદનોને ઝીલી શકે તેવાં સૂક્ષ્મ ચિત્તતંત્રવાળો કોઇક સર્જક જ બાલવાર્તાઓનું સર્જન કરી શકે. બાળકોના દુર્ભાગ્યે આજે આવા સર્જકોની ખોટ છે,

છતાંય બાળકોનું એક એવું સદ્‌ભાગ્ય છે કે પરાપૂર્વથી ચાલતી આવતી વાર્તાઓ પણ અપરંપાર છે. આ વાર્તાઓમાંથી પાણીદાર વાર્તાઓ વીણીને શિક્ષક કે માબાપ બાળકો પાસે રજૂ કરે તો પણ પૂરતું છે.

આપણું વાર્તાધન હજુ એમને એમ પડ્યું છે. દટાયેલી વાર્તાઓને કોઇક મેઘાણીએ, કોઇક ગિજુભાઇએ કે કોઇક જુગતરામભાઇએ ખોદી કાઢવાનો પુરુષાર્થ કર્યો છે ખરો, પણ એ ખજાનો હજુ જાણે કે ઉપયોગમાં આવ્યા વગર એમ ને એમ પડી રહે તેના જેવું મોટું દુર્ભાગ્ય બીજું શું હોઇ શકે ?

વાર્તાવૈભવ તો વાપરવાથી વધે છે, વહેંચો તેમ વધુ સમૃદ્ધ થાય છે.

આપણને-માબાપ તેમજ શિક્ષકોને જો બાળકો પ્રત્યે ખરેખર પ્રેમ હોય તો તેમના મનોરાજ્યને સમૃદ્ધ કરવા આપણે તેમને વાર્તાઓ કહેવી જ જોઇએ. બાળકોને પીપરમીંટની બક્ષિસ કરતાં વાર્તાની બક્ષિસ વધુ સમૃદ્ધ બનાવશે.

બાળકો પાસે નવી નવી વાર્તાઓ લઇ જવાનું તથા બાળકોને એમાં રસતરબોળ કરવાનું આપણે જો સ્વીકારવું હોય તો એ વાર્તાઓ કહેવાની કેટલીક નીતિ-રીતિ આપણે સમજી લેવી પડે.

વાર્તા કહેવાની પણ એક કલા છે. એમાંયે બાળકો પાસે વાર્તા મૂકવાની તો ખાસ કળા છે. બાળકો વાર્તા સાંભળે છે ત્યારે તે સંગીત, તાલ, ચિત્ર, ભાષા, ભાવ, અભિનય, ગતિ એ બધાંયે કળાનાં અંગોને આત્મસાત કરવા મથતાં હોય છે.

એટલે વાર્તા કહેનાર માત્ર બનાવોનું વર્ણન કરે તો બાળકો વાર્તાને પ્રત્યક્ષ નહીં કરી શકે. કારણ કે એ માત્ર બનાવો નથી પણ વાર્તાનું આદિ અને અંતથી બાંધેલું સંપૂર્ણ શિલ્પ છે. ઘાટ છે, ભાવ છે, ભાષા છે અને તે બધામાંથી પ્રગટ થતો એક અર્થ છે.

વાર્તા કહેનાર પાસે આ બધાં અંગો વિશેની સમજ હોવી જોઇએ. તે આ અંગેના સૌંદર્યથી પ્રભાવિત થયો હોવો જોઇએ.

આપણે જે વાર્તા કહીએ છીએ તેનું ચિત્ર બાળક પોતાની કલ્પનાની સૃષ્ટિ સામે ખડું કરતું જાય છે. સંસારના અનુભવો બાળકોને ચિત્રપટ નિર્માણ કરવામાં સહાયભૂત થાય છે. એટલે જો બાલવાર્તાનું મંડાણ બાળકોના અનુભવના પ્રદેશ ઉપર થયેલું હશે તો તેઓ એક સુંદર કલ્પનાસૃષ્ટિ ખડી કરી શકશે ને માણી શકશે. એટલે બાળકોને આપણે જે વાર્તા કહીએ તે તેમની સૃષ્ટિ ફરતી ગૂંથવી જોઇએ.

વાર્તા સુંદર હોય છતાંય જો કહેવાની ઢબ બરાબર ન હોય, શબ્દોની પસંદગી તથા ભાષા કક્ષા અનુરૂપ ન હોય તો સારી વાર્તાય મરી પરવારે છે એટલે વાર્તાની અભિવ્યક્તિ યોગ્ય રીતે થવી જોઇએ. આ માટે વાર્તા કહેનાર માબાપે કે શિક્ષકે નીચેની વિગતો ધ્યાન પર લેવી જોઇએ :

(૧) વાર્તા ગોખીને તૈયાર ન કરવી પણ તેમાં રહેલી વિગતો અને રસોત્પાદક મર્મસ્થળો બરાબર સમજી લેવાં જોઇએ. આ બધું વાર્તા કહેનારની બુદ્ધિમાં બરાબર બેસી જશે તો તેમના કથનમાંથી સુંદર વાર્તા આકાર પામશે.

(૨) વાર્તાનો શબ્દેશબ્દ તોળી તોળીને વાપરવો જોઇએ. તેની અંદર ભાવ અને કલા પૂરેપૂરાં સજાવીને અને મઠારીને પૂરવાં જોઇએ. વાર્તાને વારંવાર રટીને, શુદ્ધ, સુંદર અને સુરુચિપૂર્ણ બનાવવી જોઇએ.

(૩) મોટા વિદ્વાન બનીને વાર્તા ન કહેવી, વચ્ચે વચ્ચે જ્ઞાન આપવા લાગી ન જવું.

(૪) વાર્તાને અંતે ઉપદેશ તારવવો નહીં. વાર્તાને વાર્તા જ રહેવા દેવી. બાળકોના મન ઉપર જાણે-અજાણે વાર્તામાં ગુંથાયેલા ભાવની અસર પડે છે.

(૫) વાર્તા કહેનાર એક ટેપરેકોર્ડર ન બને. તટસ્થ રહીને વાર્તા ન કહેવી. વાર્તા કહેનાર વાર્તા-રસમાં નહાતો જાય અને નવરાવતો જાય.

(૬) હાવભાવ અને અવાજથી વાર્તાને જીવતી-જાગતી કરવી જોઇએ. વાર્તામાં જે પાત્રો આવે તે બાળકોને પોતાની નજર સામે પ્રત્યક્ષ થવાં જોઇએ. અને જે પ્રસંગો આવે તે જાણે ખરેખર ભજવાતાં હોય તેમ લાગવું જોઇએ.

(૭) બાલવાર્તા કહેનારે બાળકોની બોલીના શબ્દો, લય અને લહેકા હસ્તગત કરવા જોઇએ.

(૮) વાર્તામાં ગુંથાતા શબ્દો બાળકોના સમજની કક્ષાના હોવા જોઇએ. નવા શબ્દો કે શબ્દપ્રયોગો વાર્તારસને મંદ કરે છે. કોઇ શબ્દ કે શબ્દપ્રયોગ જો અઘરો (નવો) હોય છતાં જો વાક્યના સંદર્ભમાં અર્થ સ્પષ્ટ થાય તેવી રીતે મુકાયો હોય તો તે નવો શબ્દ કે શબ્દપ્રયોગ બાળક પકડી લે છે અને તે દ્વારા તેની શબ્દસમૃધ્ધિ આપોઆપ વધે છે.

(૯) બાળસ્વભાવને અનુરૂપ વાર્તા કહેવી.

(૧૦) વાર્તામાં આવતા રસસ્થાનોને કલ્પનાની રંગપૂરણીથી પૂરેપૂરાં ખિલવવાં.

(૧૧) વાર્તામાં પદ્યખંડો (જોડકણાં) ગુંથાયાં હોય તો વાર્તા રસમય બને. આ પદ્યખંડોનું વાર્તામાં પુનરાવર્તન થતું હોવું જોઇએ. બને તો બાળશ્રોતાઓ એ પદ્યખંડો (જોડકણાં) વાર્તા કહેનારની સાથે સાથે ગાતાં જાય તેમ કરવું.

(૧૨) બાળકોને મન વાર્તા એ કેવળ બનાવો નથી, પણ શબ્દોનાં મોજાં પરની સહેલગાહ છે. વાર્તા કહેનારના અવાજમાં ભાવોચિત આરોહ અવરોહ નિષ્પન્ન થવો જોઇએ.

(૧૩) વાર્તામાં હાવભાવ જરૂરી છે. શબ્દ અને ભાવને સ્પષ્ટ કરવા જરૂરી હાવભાવ કરવો. હાવભાવનો અતિરેક વાર્તારસમાં વિક્ષેપ સર્જે છે. (પછી તો બાળકો વાર્તાનો આસ્વાદ લેવાને બદલે નાટક જોતાં હોય તેવું લાગે છે.)

(૧૪) વાર્તામાં ખોટું લંબાણ ટાળવું. વાર્તાના પ્રસંગમાં ખૂબ મીઠું મરચું ભભરાવવાથી વાર્તાનું પોત પાતળું બને છે.

(૧૫) વાર્તકથનને અસ્ખલિત વહેવા દેવું. વચ્ચે પ્રશ્નો ન પૂછવા, બીનજરૂરી સૂચનાઓ પણ ન આપવી.

(૧૬) વાર્તામાં વિગતની ચોકસાઇ રાખવી. જો ડોશીને એની દીકરીને ઘેર જતાં રસ્તામાં વાઘ, વરૂ અને સિંહ જ મળતા હોય તો વળતાં તેને સિંહ, વરૂ અને વાઘ જ મળવા જોઇએ.

(૧૭) વાર્તાને પતાવી દેવાની કે ઝટ કહી દેવાની ઉતાવળ ન કરવી. વાર્તાની નિરાંતે માંડણી કરવી. વાર્તા એ વેઠ ઉતારવાની વસ્તુ નથી. વાર્તાના રસતત્ત્વ સાથે એકરૂપતા અનુભવતાં-તલ્લીનતાથી વાર્તા કહેવી જોઇએ.

(૧૮) 'હવે શું આવશે ?' - એવો જિજ્ઞાસાભાવ વાર્તા વખતે આકાર પામવો જોઇએ.

(૧૯) વાર્તા કહેવાની કળા તો બાળકોને વાર્તા કહી કહીને જ પ્રાપ્ત થાય છે.

(૨૦) વાર્તા કહેવાની કળા પ્રાપ્ત કરવા માટે કોઇ કુશળ વાર્તાકારને વાર્તા કહેતા સાંભળવા તે સૌથી ઉત્તમ ઉપાય છે.

(૨૧) એક હતી ચકીને ? તે ચણવા ગઇને ? ત્યાં એક ડોશી હતીને ? આવી રીતનું વાર્તાકથન વાર્તાને નિરસ બનાવે છે.

(૨૨) છે ને ? - પછી તો આમ થયું હો ..... ને પછી તો છેને .... આવા પ્રશ્નાર્થો બાળકોને કહે છે.

(૨૩) વાર્તાના કથનનો કાળ ભૂતકાળ હોવો જોઈએ. ભૂતકાળમાં કહેવાતી વાર્તા વર્તમાન કાળમાં સરી ન જાય તેની કાળજી રાખવી જોઈએ.

(૨૪) અતિ કરુણ વાર્તાઓ ન કહેવી. 'આવી વાર્તા તો કોને ગમે ? આમાં તો એકલું રોવાનું આવે છે.' - આવો પ્રતિભાવ કરુણ વાર્તાઓ પ્રત્યે હોય છે. બાળકોને બીક લાગે તેવી વાર્તાઓ પણ ન કહેવી.

વાર્તાકથનની આવી ટેકનીક હાથવગી બને તો વાર્તા ધાર્યું નિશાને પાડી શકે. કહેનાર અને સાંભળનાર બંને રસ તરબોળ બને અને તૃપ્ત થાય અને સાથે નીચે જેવાં કેટલાયે શૈક્ષણિક ફલિતાર્થો અવાંતર (**By Product**) તરીકે નીપજે.

(૧) વાર્તા દ્વારા બાળકોની રૂંધાયેલી લાગણીઓને વહેવાનો માર્ગ મળે છે. વાર્તાનાં પાત્રો કે પ્રસંગો સાથે બાળકો તાદાત્મ્ય જોડતાં હોય છે.

(૨) વાર્તા દ્વારા બાળકોની જન્મજાત વૃત્તિઓને પોષણ મળે છે.

(૩) બાળકોના ચારિત્ર્યઘડતરમાં વાર્તાઓ મહત્વનો ભાગ ભજવે છે.

(૪) વાર્તા દ્વારા બાળકોનો કલ્પના વિકાસ થાય છે અને તેમનું મનોજગત સમૃધ્ધ બને છે.

(૫) વાર્તા દ્વારા બાળકોને દેશ અને દુનિયાનું સામાન્યજ્ઞાન મળે છે. જ્ઞાન-વિજ્ઞાનની નવી નવી માહિતી રોચક રીતે પ્રાપ્ત થાય છે.

(૬) વાર્તા દ્વારા બાળકોની તર્કશક્તિ - વિચારશક્તિ વિકાસ પામે છે.

(૭) વાર્તા દ્વારા ભાવજગત સમૃધ્ધ બને છે. બાળકોની લાગણીઓને ઘડવામાં વાર્તાઓ મહત્વનો ભાગ ભજવે છે. બાળકોના ગુણવિકાસ માટે પણ વાર્તાઓ અકસીર ઈલાજ નીવડે છે.

(૮) વાર્તા દ્વારા પ્રાણીઓ, વનસ્પતિ, દેશદેશના લોકો વગેરે સાથે બાળકોનો આત્મીય ભાવ કેળવાય છે. આ રીતે વિશ્વપ્રેમની એક સુંદર ભૂમિકા ઊભી થઈ શકે છે.

(૯) વાર્તા દ્વારા બાળકોને માનવ સ્વભાવનો સરસ પરિચય થાય છે.

(૧૦) વાર્તા બાળકોને સમાજ જીવનની ઝાંખી પણ કરાવે છે. એ રીતે સમાજ સાથે અનુકુલન પ્રાપ્ત કરવાનો બાળકોને નકશો પ્રાપ્ત થાય છે.

(૧૧) વાર્તા બાળકોમાં સાહસભાવના વિકસાવે છે, મુશ્કેલીઓ તો આવે પણ તેમાંથી રસ્તો પણ કાઢી શકાય છે તેવી શ્રધ્ધા પણ વાર્તા બંધાવે છે.

(૧૨) કુદરતી તેમજ આસુરી સંકટો વચ્ચે પોતાની અક્કલ યા શક્તિ વાપરીને માર્ગ કાઢતા બહાદુર મનુષ્યો જ બાળકોની આદર્શમૂર્તિ બને છે.

(૧૩) વાર્તા વર્ગશિસ્ત આપે છે.

(૧૪) વાર્તા કહેનાર અને સાંભળનાર વચ્ચે આત્મીયતા કેળવાય છે.

(૧૫) વાર્તા દ્વારા શબ્દ પ્રયોગ, રૂઢીપ્રયોગો વગેરેના અર્થ અને ભાવથી બાળકો પરિચિત બને છે.

ઉ.દા. : * ડોશીમા પૈસે ટકે સુખી હતાં, પણ જીવ સાંકડો હતો.

* કોળીને ઘડીકમાં આતમજ્ઞાન થઇ ગયું

* ચકલી નાની પણ ફડકો મોટો

* કોચોટકાકા ભલાભલાને બનાવી જાય એવા, ને કોઇની ઝપટમાં તો આવે જ નહીં, પણ તે ય એકવાર ઝપટમાં આવી ગયા !

* તેઓ તો બે પગ વચ્ચે પૂંછડી ઘાલીને જીવ લઇને ભાગ્યા !

* કોળીના પેટમાં ફાળ પડી !

* ઠગ સોનામહોર કરતાં યે વધુ મેળવીને છુટો પડ્યો.

* મેઘલી રાત : ઘટાટોપ વાદળાં, ત્રમ્ ત્રમ્ તમરાં બોલે છે !

* સોળ કળાનો ચંદ્ર આકાશે ચડ્યો છે, અજવાળાં ઝોકાર છે.

* રાજાની કાયામાં બત્રીસે કોઠે દીવાં થઇ ગયાં.

શબ્દો અને વાક્યોનો આ વૈભવ બાળકોને ભાષાકીય રીતે સમૃધ્ધ કરે છે. આમ તો માત્ર થોડાંક ઉદાહરણો છે. પણ વાર્તાએ વાર્તાએ આવી શબ્દ સમૃધ્ધિ સભર કરી હોય છે અને જાણ્યે અજાણ્યે બાળકો એનો લય માણતાં, ચમત્કૃતિ અનુભવતાં ઘણું પ્રત્યક્ષ કરતાં હોય છે - શીખતાં હોય છે.

આમ બાલવાર્તાઓ ઘણું કહી જાય છે અને બાળકોને ઘણું ઘણું આપી જાય છે. એટલે શૈક્ષણિક રીતે પણ બાળવાર્તાનું મહત્વ ઘણું છે.

## ભલી ઉંદરડી

એક ઉંદરડી ભૂંડી હતી. તેથી સહુ તેની સાથે રિસાયાં હતા. એક દિવસ ઉંદરડી સાથે કોઇ રમવા તૈયાર ન થયું તેથી તે બહાર નીકળી. ઝાડની ડાળે ચકલી બેઠી હતી.ઉંદરડી તેને કહે, 'ચકીબહેન, ચકીબહેન, મારી સાથે રમવા આવો ને !'

ચકલી બોલી : 'ઘી ને ખીચડી ખાઉં છું, રમવા હું ના જાઉં છું.'

ચકલી ન આવી તેથી ભૂંડી ઉંદરડી આગળ ચાલી. ઝાડ પર ખિસકોલી દોડાદોડ કરતી હતી. ઉંદરડી કહે, 'ખિસકોલીબહેન, મારી સાથે રમવા આવો ને !'

ખિસકોલી બોલી : 'તું તો ગાળો બોલે છે. તું તણખલાની તોલે છે. તારા જેવી ભૂંડીની સાથે કોણ રમે ?'

ઉંદરડી આગળ ચાલી. સામેથી સસલાભાઇ આવતા હતા. ઉંદરડી બોલી, 'સસલાભાઇ, મારી સાથે રમશો ને ?'

સસલો કહે, 'ના રે બહેન, વાતવાતમાં લડતી તું, તારી સાથે રમું ન હું.'

ભૂંડી ઉંદરડી તો રડવા જેવી થઇ ગઇ. તેની સાથે કોઇ રમતું ન હતું. ઉંદરડી આગળ ચાલી. નદીકિનારે દેડકાભાઇ ડ્રાંઉ ડ્રાંઉ કરતા હતા. ઉંદરડી કહે,'દેડકાભાઇ, ચાલો ને આપણે રમીએ !'

દેડકાભાઇ કહે, 'ગંદી ગોબરી રહેતી તું, તારી સાથે રમું શું ?'

ઉંદરડી તો ચિડાઇ ગઇ. પટપટ પૂંછડી પટપટાવવા લાગી. પણ કરે શું ? ઉંદરડી ચાલી આગળ. ચાર ગલુડિયાં આંધળોપાટો રમતાં હતાં. ઉંદરડીને આંધળોપાટો રમવાનું ઘણું ગમતું હતું. તે ગલુડિયાં પાસે જઇને બોલી, 'મને રમાડો.... મને રમાડો.'

ઉંદરડીને જોઇ એટલે એક ગલુડિયાએ કહ્યું, 'તને નહિ રમાડીએ. અમારી બાએ તારી સાથે રમવાની ના પાડી છે.'

ભૂંડી ઉંદરડી ઘણું રખડી પણ તેની સાથે રમવા કોઇ તૈયાર ન થયું. છેવટે ઉંદરડી થાકી. ઢીલીઢસ થઇને એક ઝાડના થડ પાસે બેઠી. આંખોમાં આંસુ આવી ગયાં. ડબડબ આંસુ ટપકાવતી ઉંદરડી રડવા લાગી.

ઝાડ ડાળે એક પોપટ બેઠેલો. પોપટ કહે, 'ઉંદરડી રે ઉંદરડી

બેઠાં શાથી વનની વાટે ?

આમ રડો છો શાને માટે ? '

ઉંદરડીએ દુઃખની વાત કરી. પોપટ કહે, 'તમે ભૂંડા છો. વાતવાતમાં ગાળો બોલો છો. રિસાઇ જાઓ છો. ગંદા રહો છો તથા ઝઘડા કરો છો. આ બધું બંધ કરો તો જ બધાં તમારી સાથે રમશે.'

ઉંદરડી સમજી ગઇ. ભૂંડા ગુણ મૂકી દીધા. ભૂંડી ઉંદરડી ભલી ઉંદરડી થઇ ગઇ.

આ વાતની ખબર પડી એટલે બીજા પશુપક્ષીઓ રાજી થયાં. ઉંદરડી પાસે રમવા ચકલી આવી, ખિસકોલી આવી, સસલાભાઇ અને દેડકાભાઇ આવી ગયા. ગલુંડિયાં પણ હવે શું કામ ન આવે ? બધાં ભેગાં થઇને આંધળોપાટો રમતાં હતાં, તે વખતે ઝાડની ડાળે બેઠેલા પોપટભાઇ કહે, 'ઉંદરડીબહેન કઇક ગીત ગાઓ ને !' ઉંદરડી તાનમાં હતી. રમતાં રમતાં તે ગાવા લાગી,

'હવે કદી હું ન રિસાઉં,
સાબુ લઇને રોજ નહાઉં.
ગાળો હું ન બોલું કોઇ,
વાતવાતમાં પડું ન રોઇ.
ભલાઇના હું કરતી કામ,
ભલી ઉંદરડી મારું નામ.'

ગીત સાંભળીને સહુએ તાળીઓ પાડી.

ખાધું પીધું ને રાજ કર્યું !

## વોઇ મા ......

એક હતો મોર.

એક હતી ઢેલ.

જંગલમાં તેમનું ઘર. એક વખત મોરને દૂર દૂર ઊડવાનું મન થયું. ફડ.....ડ......ડ......ડ...... ને જગંલ ગયું. શહેર દેખાયું. ઘણાં બધા મકાનો છતાં કોઇ ને છાપરું નહીં. અગાસી જ અગાસી. મોરને મૂંઝવણ થઇ. પણ થાકને કારણે તે અગાસી ઉપર બેસી ગયો. વાતાવરણ નવું હતું તેથી તેને ડર લાગતો હતો. થોડી વાર અગાસી ઉપર થંભી ફરી

તેણે પાંખો ફફડાવી. હવે તે નગરના છેવાડે આવેલા મકાનની અગાસી ઉપર પૂગી ગયો.

ખૂબ મોટી અગાસી, મેદાન જેવડી. પણ ચકલુંય ફરકે નહીં. જરાય અવાજ નહીં. હવે નિરાંતે આરામ કરવાનું વિચારી મોરે અગાસીમાં ઉતરાણ કરવા પાંખો સંકોરી.

આખીય અગાસીમાં દાણા વેરાયેલાં તેણે જોયા. તેને નવાઇ લાગી. પણ ભૂખ બહુ લાગી હતી તેથી વિચાર કરવા રોકાયા વગર તેણે પટ દઇને દાણો ચાંચમાં લીધો. તેને ચાવવા માટે જેવી ચાંચ દબાવી કે અવાજ સંભળાયો ! 'વોઇ મા ... વોઇ મા...' મોરને નવાઇ લાગી. ઝ ટ દઇ ને તેણે દાણો થૂંકી દીધો. ફરી બીજો દાણો ચાંચમાં લીધો. વળી ફરીથી એજ વોઇ મા... વોઇ મા .... હવે તો તે ભયને કારણે થરથરી ગયો. તેણે ચારે બાજુ નજર કરી પણ કોઇ દેખાયું નહીં. તો પછી આ રડવાનો અવાજ કરે છે કોણ ? તેને સમજાયું નહીં. આ વખતે તેણે વધું સાવચેત રહીને દાણો ચાંચમાં લીધો. દાણાંને દબાવતાં જ વોઇ મા... વોઇ મા... સંભળાયું. ઝટ દઇને દાણો થૂંકીને મોરભાઇએ તો ચાલતી જ પકડી. ફડડડ ફડડડ જંગલની વાટ પકડી.

જંગલમાં જઇ તેણે ઢેલ રાણીને પોતાના કૌતુક (વોઇ મા... વોઇ મા...) ની વાત કરી. ઢેલ હતી ચતુર. તે કહે, ચાલો હું આવું ... ફડડડ ફડડડ .... ને બેઉ નગરને છેવાડે આવેલ મહેલની અગાસી એ પૂગી ગયાં. દાણાં જોઇ ઢેલ કહે, મોર રાજા ! તામારી વાત સાચી. તાજા માજા દાણાં વેરાયેલા છે. ઢેલ પણ એક દાણો પટ દઇને મોઢાંમાં લીધો. ચાંચથી દબાવતાં જ અવાજ સંભળાયો : 'વોઇ મા .... વોઇ મા...' ઢેલે ફટ દઇને થૂંકી દીધો.

ઢેલ ડરી નહીં પણ વિચારમાં પડી ગઇ. તેને થયું કે સામેના ખૂણામાંથી દાણો લઉં. ચાંચમાં લઇ દબાવતાં જ ફરી 'વોઇ મા... વોઇ મા...'

તે કહે : 'મોર રાણા, મોર રાણા !' મોર કહે : 'બોલો મારી ઢેલ રાણી ! શું વિચાર કરો છો ?'

'આપણે શોધવું જોઇએ કે દાણામાંથી આવો રૂદનનો અવાજ શામાટે છે.' ઢેલે આમ કહી નજર ફેરવી તો તેને દાણા મકાનની અંદર સુધી વેરાયેલાં દેખાયા. થોડી વાર વિચાર કરી તેણે મોરને મકાનની અંદર જવાની સલાહ દીધી.

પણ મોર તો ડરી ગયો હતો તેથી એક ડગલું ય આગળ ખસે નહીં. ઢેલ રાણી તેને ટોણો મારતી કહેવા લાગી : 'મારા મોર રાણા ! આમ મરદ થઇને ડરો છો શું ?' મોરથી આ ટોણો જીરવાયો નહીં, ખોંખારો ખાઇને આગળ વધી ગયો. ઉંબરા પાસેજ દાદરો હતો. દાદરા ઉપર પણ દાણા... દાણાને જોતો જોતો મોર દાદર ઊતરતો ગયો. શરૂઆતમાં અંધારું હતું. પણ પાછળથી અજવાળું વધતું ગયું ને છેવટે મોટો રૂમ દેખાયો. રૂમમાં કમળ જેવી કોમળ એક રાજકુમારી નિરાશ વદને બેઠી હતી. તેને જોઇ મોર એકદમ પાછો વળી ગયો. ઢેલ મોરની આતુરતાથી રાહ જોતી હતી.

મોરને હેમખેમ પાછો આવેલો જોઇ ઢેલને નિરાંત થઇ. મોર કહે : 'ચાલો, ચાલો ઢેલ રાણી ! તમને કૌતુક બતાવું.' ઢેલ એકદમ મોરની પાછળ ચાલતી થઇ. ફૂલ જેવી કોમળ રાજકુમારીને બે હાથમાં માથું પકડી બોર બોર જેવા આસુંએ રડતી જોઇ ઢેલ રાણી સમજી ગઇ કે આ રાજકુમારી ઘોર દુઃખમાં છે. વળી તેના આસું જ દાણા બને છે અને તેમાંથી પણ વોઇ મા... વોઇ મા... એવા ડૂસકાંનો અવાજ આવે છે. તેણે તરતજ રાજકુમારીનું દુઃખ ભૂલાડવા નાચવા-ગાવાની મોરને વિનંતી કરી. ઢેલને ઠુમક ઠુમક નાચતી જોઇ, મોરથી કળા થઇ ગઇ. ટેંહુક ટેંહુકનાં ટહુંકારે આખો ઓરડો ગૂંજી ગયો. અચાનક ટહુંકારો સંભળાતા રાજકુમારીએ ઊંચે જોયું. મોર અને ઢેલને ઠુમક ઠુમક નાચતાં જોઇ તેનાથી મલકાઇ ગયું. ઘડીક મોરના ગળાને ઢેલ પંપાળે તો ઘડીક મોર પોતાના પીછાંની કળાનો પંખો કરી ઢેલને હવા નાખે. આ જોઇ રાજકુમારીથી હસાઇ ગયું. તે ખૂબ આનંદમાં આવી ગઇ. ખીલ ખીલાટ... ખીલ ખીલાટ... હસવા લાગી... અને

એના હસવાના અવાજ સાથે જ વેરાયેલાં દાણાં પણ તડ-તડાટ ફૂટતાં ગયાં અને તેમાથી રંગ-બેરંગી ફૂલો ઊઘડતાં ગયા.... ઊઘડતાં ગયા.....

કિલ - કિલાટ, થનગનાટ, તનનનન થૈ;
રંગ-બેરંગી ફૂલ તણી આવી છે મોટી સોગાત ;
તનનનન થૈ.......

## ચતુર કૂકડાભાઈ

એક હતા કૂકડાભાઈ. સવાર પડે ને "કૂકડે કૂક... કૂકડે કૂક" કરતી બાંગ પોકારે. લાલ ચટક સૂરજદાદાને જોઈ ગેલમાં આવી જાય. કૂકડાભાઈને માથે રૂપાળી કલગી ને પાછળ રંગબેરંગી ઝૂલતાં પીછાંવાળી વાંકી પૂંછડી. ઠમક ઠમક કરતા ચાલે ને લાંબી ડોક કરી "કૂકડે કૂક... કૂકડે કૂક" બોલી ગાતા જાય -

'અમે તો સૂરજના છડીદાર
અમે તો પ્રભાતના પોકાર.'

કૂકડાભાઈ તો કોક્......કોક્....કોક્..... કરતાં આખો દિવસ ફર્યા કરે અને ઉકરડામાંથી કાંઈક ખજાનો શોધતા હોય તેમ ખાંખાંખોળા કર્યા કરે.

એક વખત કૂકડાભાઈને થયું, લાવ સામે ગામ મારા કૂકડિયા સગાંસંબંધી રહે છે તેમને મળી આવું. ગામને પાદર પહોંચ્યા ત્યાં તો સામે મળ્યું શિયાળ ! શિયાળ તો ખુશ ખુશ થઈ ગયું. તેને મનમાં થયું કૂકડાભાઈ કેવા જાડા-પાડા ગોળમટોળ છે. લાગ મળે તો હોઈયાં.... કરી જાઉં.

શિયાળે તો કૂકડાભાઈની નજીક જઈ પૂછ્યું :'કૂકડાભાઈ, કૂકડાભાઈ કયાં ચાલ્યા ?' કૂકડાભાઈ કહે : "કૂકડે કૂક... કૂકડે કૂક... કૂકડિયા સગાંસંબંધીને મળવા." શિયાળને થયું, અરે વાહ ! મજા પડી જશે. જો કૂકડાભાઈની સાથે જઉં તો તો ઘણા બધા કૂકડા ઝપટમાં આવી જશે.

શિયાળ તો બોલ્યું : "બહુ સરસ ! બહુ સરસ ! સગાં-સંબંધીઓને તો મળવું જ જોઈએ ને ! તમે મને પણ લઈ જાવ ને ! એકથી બે ભલા મારે પણ નવી ઓળખાણ થશે."

ચતુર કૂકડાભાઈ શિયાળની લુચ્ચાઈ સમજી ગયા. હવે શિયાળથી કઈ રીતે બચવું ? એટલે વિચાર કરી તે બોલ્યા, "ઓહો, એમાં શી મોટી વાત છે ? મને તો મજા જ પડશે. કૂકડે કૂક.... કૂકડે કૂક... પણ હા. આજે તો મારી સાથે મોટો લાલિયો કૂતરો પણ આવવાનો છે. હું તેની જ રાહ જોઉં છું. તે હમણાં જ આવશે. કૂકડે કૂક... કૂકડે કૂક.... પછી આપણે ત્રણે સાથે જઈશું. બેથી ત્રણ ભલા ! આપણને મજા પડશે. કૂકડે કૂક.... કૂકડે કૂક...."

બીકણ શિયાળભાઈ તો કૂતરાની વાત સાંભળતા જ ઢીલા ઢસ થઈ ગયા. એના બાપ-દાદાય કૂતરાથી ડરતા. ઝટપટ વાત ફેરવીને કહે, ઓહ ! આજે કૂતરાભાઈ આવવાના છે ? બહુ સારું.... બહુ સારું.... હું તો મજાકિયો ખરો ને ! ખાલી મજાકમાં કહેતો હતો કે મારે આવવું છે, મારે તો આજે બહુ કામ છે. ફરી કોક દિવસ આવીશ..... એમ કહી શિયાળભાઈ તો હુ....આ.... હુ....આ..., હુ....આ.... હુ.....આ... કરતા ભાગ્યા.

અને કૂકડાભાઈ તો કૂકડે કૂક... કૂકડે કૂક... કરીત ચાલ્યા. કૂકડિયા સગાં-સંબંધીઓને મળ્યા. અને ખાધું પીધું ને રાજ કર્યું.... !

## હું તો ગણેશજીનો ઉંદર

આપણે શંકર ભગવાનના મંદિરે ઘણી વખત જઇએ છીએ. શંકર ભગવાનને એક ગામથી બીજે ગામ જવું હોય તો શાના પર બેસીને જાય - ખબર છે ? શંકર ભગવાન પોઠિયા પર બેસે. શંકર ભગવાનના દીકરા ગણેશજી. ગણેશજીને એક ગામથી બીજે ગામ જવું હોય તો શાના પર બેસીને જાય-જાણો છો ? ગણેશજી ઉંદર પર બેસે. આજે તમને ગણેશજીના ઉંદરની વાત સંભળાવું.

એક વાર ગણેશજીને બહારગામ જવાનું થયું. ઉંદરભાઇને બોલાવીને કરી વાત કે આપણે બહારગામ જવું છે. ઉંદરભાઇ કહે, 'ચાલો મહારાજ. બેસી જાવ મારી ઉપર. અબઘડી તમે કહો તે ગામે પહોંચાડી દઉં.' ગણેશજી તો ઉંદરભાઇ પર બેઠા. ઉંદરભાઇ ચૂંચૂંચૂંચૂં કરતા જાય ને આજુબાજુ જોતા જાય. ઉંદરભાઇએ તો જરા વારમાં ગણેશજીને બીજે ગામ પહોંચાડી દીધા.

ગણેશજીને એ ગામે આખો દિવસ રોકાવું'તું એટલે ઉંદરભાઇ કહે : 'મહારાજ, હું આજુબાજુમાં જરા ફરી આવું. સાંજે પાછો આવી જઇશ. મને ફરવા જવાની રજા આપો ને !'

ગણેશજી કહે : 'ભલે, ખુશીથી ફરી આવો. સાથે આ થેલી લેતા જાવ. એમાં સાત લાડવા છે. તમને કામ લાગશે.' લાડવાની થેલી પીઠે મૂકીને ઉંદરભાઇ તો ઊપડ્યા ફરવા. ચૂંચૂંચૂંચૂં કરતા જાય ને આજુબાજુ જોતા જાય. રસ્તામાં કોઇ ઘર પૂછે : 'કોણ છો તમે ?' તો કહે, 'હું તો ગણેશજીનો ઉંદર ! ચૂંચૂંચૂં.... હું તો ગણેશજીનો ઉંદર !'

ઉંદરભાઇ તો ગામની બહાર આવી ગયા. પાદરમાં એમણે જોયું તો એક ગલૂડિયું માથું હલાવી રડતું હતું. ગલૂડિયું એટલે કૂતરાનું બચ્ચું. ઉંદરભાઇએ એ ગલૂડિયાને પૂછ્યું, 'ગલૂડિયાભાઇ કેમ રડો છો ?' ગલૂડિયું કહે, 'મારી પાસે એક મીઠી પૂરી હતી. એ લઇને હું અહીં નિરાંતે જમવા આવ્યું. મને ખબર નહીં ને કાગડાભાઇ ક્યાંકથી ટપકી પડ્યા ને મારી મીઠી પૂરી લઇ ગયા !'

ઉંદરભાઇ કહે : 'જૂઓ, ગલૂડિયાભાઇ તમે રડશો તોય તમારી મીઠી પૂરી તો પાછી નહીં જ મળે. લો, આ એક લાડવો તમને આપું. લહેરથી જમો.'

ગલૂડિયાભાઇ તો ખુશ. એ કહે : 'તમે કોણ છો એ તો કહો.' એટલે ઉંદરભાઇ કહે, 'હું તો ગણેશજીનો ઉંદર! ચૂંચૂંચૂંચૂં.... હું તો ગણેશજીનો ઉંદર !'

ઉંદરભાઇ આગળ ચાલ્યાં. ચૂંચૂંચૂંચૂં કરતા જાય ને આજુબાજુ જોતા જાય. રસ્તામાં કોઇ ખેતર પૂછે, 'કોણ છો તમે ?' તો કહે, 'હું તો ગણેશજીનો ઉંદર ! ચૂંચૂંચૂં.... હું તો ગણેશજીનો ઉંદર !'

ઉંદરભાઇ તો હવે જંગલ પાસે આવી ગયા. અહીં એમણે જોયું તો ઝાડ નીચે એક બોતડું ઊભું ઊભું રડતું હતું ! બોતડું એટલે ઊંટનું બચ્ચું. બોતડાભાઇ તો પાછલા પગ પછાડતાં જાય ને રડતા જાય. ઉંદરભાઇએ પાસે જઇને પૂછ્યું, 'કેમ રડો છો બોતડાભાઇ ?' બોતડાભાઇ કહે, 'હું આજે એકલું એકલું ચરવા નીકળ્યું હતું. ચરતાં ચરતાં આ ઝાડ પાસે જરા ઊંઘ આવી ગઇ. એટલી વારમાં તો કોઇ મારા આગલા પગ દોરડાથી બાંધી ગયું. હવે હું ચાલું કેમ ?'

ઉંદરભાઇ તો એને પગે બાંધેલ દોરડું કાતરવા માંડ્યા. ત્યાં ઝાડ ઉપરથી અવાજ આવ્યો. 'કોણ છે ? દોરડું કાતરતા નહીં. મે બાંધ્યું છે.' ઉંદરભાઇએ ઉપર જોયું તો વાદરું ! એ કહે, 'મેં જરા મજા કરવા બોતડાના પગ બાંધી દીધા છે. એ છોડશો નહીં. મારે હવે એની પૂંછડીની મજા કરવી છે.' ઉંદરભાઇ કહે - 'કોઇને હેરાન કરીને મજા ન કરાય. હું તો

SMT. HANSA MEHTA LIBRARY

દોરડું કાતરીશ, કાતરીશ ને કાતરીશ.'

વાંદરું કહે : 'કોણ છો તમે ?' 'હું તો ગણેશજીનો ઉંદર ! ચૂંચૂંચૂં !' આમ કહીને ઉંદરભાઈએ તો દોરડું કાપી નાખ્યું. બોતડાભાઈ રાજી થયાં. ઉંદરભાઈએ એને બે લાડવા આપ્યાં. એટલે તો વળી વધારે રાજી થયા. લાડવા જોઈને પેલા વાંદરાના મોંમાં પાણી આવી ગયું. પણ ઉંદરભાઈએ એને કંઈ ન આપ્યું. જે બીજાને પજવે એને કોણ લાડ કરે ? કોઈ ન કરે. વાંદરું તો મોં ચડાવીને બેઠું રહ્યું ને બોતડા ભાઈ તો ભરબપોરે નાચતા-કૂદતા પોતાની મમ્મી પાસે દોડી ગયા.

ઉંદરભાઈ પાસે હવે લાડવા રહ્યા ચાર. એની થેલી લઈને એ આગળ ચાલવા માંડ્યા. ચૂંચૂંચૂંચૂં કરતા જાય ને આજુબાજુ જોતા જાય. રસ્તામાં કોઈ ઝાડ પૂછે, 'કોણ છો તમે ?' તો કહે, 'હું તો ગણેશજીનો ઉંદર ! ચૂંચૂંચૂં.... હું તો ગણેશજીનો ઉંદર !'

ઉંદરભાઈ તો હવે જંગલની વચ્ચોવચ્ચ આવી ગયાં. જોયું તો રસ્તાની વચમાં એક મદનિયું ઊભું ઊભું રડતું હતું. મદનિયું એટલે હાથીનું બચ્ચું. એને ઉંદરભાઈએ પૂછ્યું, 'મદનિયાભાઈ, કેમ રડો છો ?' મદનિયાભાઈ માંડ છાના રહીને કહે - 'હું ખોવાઈ ગયું છું. મમ્મીને કહ્યાં વગર એકલું એકલું ફરવા નીકળ્યું 'તું.' ઉંદરભાઈ કહેઃ 'તો હવે શું કરશો ?'

મદનિયાભાઈ કહે : 'આ રસ્તો નદીએ જવાનો છે. એની મને ખબર છે. મારી મમ્મી સવારે આ રસ્તે આવશે, આવશે ને આવશે.'

ઉંદરભાઈ કહે : 'તો સવાર સુધી અહીં જ રહેજો. જંગલમાં મમ્મીને શોધવા જશો તો અટવાઈ જશો. રાતે બીક નહીં લાગે ને ?'

'મને બીક નથી લાગતી, ભૂખ લાગે છે. હું ખાલી પેટે રાત કેમ કાઢું ?' મદનિયાભાઈએ આમ કહ્યું એટલે ઉંદરભાઈએ પોતાની પીઠ પરની થેલીમાંથી મદનિયાભાઈને ત્રણ લાડવા અપ્યા. મદનિયાભાઈએ એક પછી એક લાડવા સૂંઢમાં લઈને મોમાં પધરાવી દીધા. પછી કહે : 'હોય તો હજુ એક લાડવો આપો ને !'

ઉંદરભાઈએ છેલ્લો સાતમો લાડવો મદનિયાભાઈને આપી દીધો. મદનિયાભાઈ તો ખુશ ખુશઃ એ કહે : 'કોણ છો તમે ? એ તો કહો.' એને જવાબ મળ્યો : 'હું તો ગણેશજીનો ઉંદર ! ચૂંચૂંચૂં .... હું તો ગણેશજીનો ઉંદર !'

હવે તો સાંજ થવા આવી. ગણેશજી પાસે પહોંચી જવાનો સમય થયો. ચાલી ચાલી ને થાકેલા ઉંદરભાઈને હવે તો કકડીને ભૂખ લાગી હતી. લાડવા તો ખલાસ થઈ ગયા હતા. એક ગલૂડિયાને, બે બોતડાને અને ચાર મદનિયાને આપી દીધેલા. ઉંદરભાઈએ બધાની મજા સંભારતા જાય છે ને ચૂંચૂંચૂં.... કરતા જાય છે. ઉંદરભાઈ જંગલ-ખેતરને પાદર વટાવીને આવી ગયા ગામમાં ગણેશજીની પાસે.

ગણેશજી કહે : 'મજામાં ને ? ક્યાં ફરી આવ્યા ઉંદરભાઈ ?'

ઉંદરભાઈએ તો ધીમા અવાજે બધી વાત કરી. એ વાત સાંભળીને ગણેશજી તો ખૂબ જ રાજી થઈ ગયા. તેમણે ઉંદરભાઈને બીજા અગિયાર લાડવા આપ્યા. ઉંદરભાઈ તો એક જ લાડવો ખાઈને તાજામાજા થઈ ગયા. એટલે બાકીના દસ લાડવા એમણે શેરીમાં લઈ જઈને ભૂલકાંને વહેંચવા માંડ્યા. ભૂલકાં હોંશે હોંશે લાડવો લેતાં જાય ને પૂછતાં જાય, 'કોણ છો તમે ?' તો કહે : 'હું તો ગણેશજીનો ઉંદર ! ચૂંચૂંચૂં.... હું તો ગણેશજીનો ઉંદર !'

## ખેતલી

એક હતો વાણિયો ને એક હતી વાણિયણ. વાણિયણ ખાઉકડ અને વાણિયો કજૂંસ. પણ વાણિયણ હતી પાકી. પોતાનો ધણી ઘરમાં હોય ત્યારે થોડું ખાય અને બહાર જાય ત્યારે પોતે સારું સારું ઉડાવે.

એક દિવસ વાણિયાના મનમાં વહેમ પડ્યો. તે કહે, આટ આટલું ઘરમાં લાવું છું ને એકદમ કેમ ખૂટી જાય છે ? લાવ ને, જોઉં તો ખરો કે ઘરનું માણસ તો ખાઇ નથી જતું ? વાણિયણને કહ્યું - 'સાંભળ્યું કે ? મારે પાંચ -સાત દિવસના ગામતરે જવું છે. મને ભાતું કરી આપ.' વાણિયણ તો રાજીના રેડ થઇ ગઇ. ઝટ ઝટ ભાતું કરી દીધું ને વાણિયાને વળાવ્યો. વાણિયો તો પોતાના ભાઇબંધને ત્યાં જઇને આખો દિવસ રહ્યો. સાંજે વાણિયણ દહેરે ગઇ ત્યાં વાણિયો છાનોમાનો ઘરમાં પેસી ગયો, અને ઘરની મોટી કોઠીમાં સંતાઇ બેઠો. રાત પડી. વાણિયણને હરખ કયાંય માતો ન હતો. તે કહે..... હાશ ! હવે પાંચ દહાડા ધરાઇને મીઠું મીઠું ખાઇશ.

વાણિયણ પોતાની પાસે સૂવા માટે પાડોશીની એક છોકરી બોલાવી લાવી. એનું નામ હતું ખેતલી. વાળુ કરી બંને જણી સૂતી. અરધી રાત થઇ ત્યાં વાણિયણ જાગી. ખેતલીને કહે : 'ખેતલી રે ખેતલી ! રાત કેટલી ?'

ખેતલી કહે - 'બા ! હજુ તો બાર વાગ્યા છે.' વાણિયણ કહે : 'મને તો બહુ જ ભૂખ લાગી છે. પેલા ખૂણામાં શેરડીના સાંઠા પડયા છે. તે લાવ, ખાઇએ.' પછી વાણિયણે અને ખેતલીએ સાંઠા ધરાઇને ખાધા તે પછી સૂઇ ગઇ. વાણિયો બેઠો બેઠો કોઠીના કાણામાંથી બધું જોતો હતો. તે કહે, માળુ ! આતો ભારે લુચ્ચી લાગે છે !

વળી જ્યાં બે વાગ્યા ત્યાં વાણિયણ ઊઠીને ખેતલી ને કહે : 'ખેતલી રે ખેતલી ! રાત કેટલી ?'

ખેતલી કહે :'બા હજુ તો બે જ વાગ્યા છે.' વાણિયણ કહે : 'પણ મને તો બહુ જ ભૂખ લાગી છે. છ-સાત સુંવાળી કરી નાખ, તો આપણે નિરાંતે ખાઇએ.' કોઠીમાં બેઠેલો વાણિયો વળી મનમાં ને મનમાં બબડ્યો : 'ઓય ! આ તો ભારે લુચ્ચી !'

ખેતલીએ તો સુંવાળી કરી. સુંવાળી બંને જણીએ ખાધી ને પાછી સૂઇ ગઇ. જ્યાં ચાર વાગ્યા ત્યાં વળી પાછી વાણિયણ જાગીને બોલી : 'ખેતલી રે ખેતલી ! રાત કેટલી ?'

ખેતલી કહે : 'બા ! હજુતો ચાર જ વાગ્યા છે.' વાણિયણ કહે : 'બહેન ! મને તો બહુજ ભૂખ લાગી છે. થોડો શીરો હલાવી નાખને !' છોડીએ તો થોડોક શીરો કર્યો. અંદર ઘી ખૂબ નાખ્યું હતું. પછી બંને જણીએ શીરો ખાધો ને વળી પાછી સુઇ ગઇ. કોઠીમાં બેઠો બેઠો વાણિયો તો દાંત ભીંસવા લાગ્યો.

વળી જ્યાં છ વાગ્યાં, ત્યાં વાણિયણ પાછી જાગી ને કહે : 'ખેતલી રે ખેલતી ! રાત કેટલી ?'

ખેતલી કહેઃ 'બા ! હજુ તો છ જ વાગ્યા છે.' વાણિયણ કહે : 'હું હજુ તો ભૂખીજ છું. થોડી ધાણી ફોડ જોઇએ ! આપણે થોડી ધાણી ખાઇએ ને પાણી પીએ.' ખેતલી એ તો ધાણી ફોડી ને બન્ને જણી એ ખાધી. કોઠીમાં બેઠેલો વાણિયો મનમાં કહે, 'સવારે વાત છે આ વાણિયણની !'

પછી ખેતલી પોતાને ઘેર ગઇ અને વાણિયણ પાણી ભરવા ગઇ. પાછળ થી વાણિયો કોઠીમાંથી બહાર નીકળી ગામમાં ગયો ને થોડીક વાર પછી પોટકું હાથમાં લઇ ને પાછો આવ્યો. વાણિયણ તો ઝાંખી પડી ગઇ. એના મનમાં થયું કે ગમે તેમ હોય પણ વાણિયો વાત જાણી ગયો છે.

વાણિયણે પુછ્યું : 'તમે ચાર -પાંચ દિવસ ગામતરે ગયા હતા ને આમ પાછાં કેમ આવ્યા ? '

વાણિયો કહે : 'મને તો અપશુકન થયા એટલે પાછો આવ્યો.'

વાણિયણ કહે : 'કહો તો ખરાં, એવા તે શા અપશુકન થયા ? '

વાણિયો કહે : 'રસ્તામાં એક મોટો સાપ આડો ઊતર્યો.'

વાણિયણ કહે : 'હાય હાય ! મોટો સાપ તે કેવડો હશે ?'

વાણિયો કહે : 'કેવડો તે કેમ ? શેરડીના સાત સાંઠા જેવડો !'

વાણિયણ કહે : 'પણ, એની ફેણ કેવડી હતી ?'

વાણિયો કહે : 'ફેણ તો મોટી બધી સાત સુંવાળી જેવડી હતી.'

વાણિયણ કહે : 'તે ઇ સાપ ચાલતો'તો કેમ કરીને ?'

વાણિયો કહે : 'કહું ? શીરામાં જેમ ઘી ચાલે તેમ ચાલતો હતો.'

વાણિયણ કહે : 'સાપ ઊડતો'તો કે નહિ ?'

વાણિયો કહે : 'હા, હા, તવીમાં જેમ ધાણી ઊડે એમ ઊડતો હતો!'

વાણિયણને ખાતરી થઇ ગઇ કે જરૂર વાણિયો બધી વાત જાણી ગયો છે. પોતે વીલી પડી ગઇ. વાણિયાને પગે પડી માફી માગવા લાગી. વાણિયાએ તેને તે દિવસે જવા દીધી. પછી બંને સમજી ગયાં. વાણિયો લોભી મટી ગયો ને વાણિયણ ખાઉકડ મટી ગઇ.

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૨૫** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- શૈક્ષણિક રમતો (Educational games)**

**સંબંધિત વિષયોઃ-** ગુજરાતી, ગણિત, પર્યાવરણ અભ્યાસ, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-** અહીં આપેલ શૈક્ષણિક રમતો જે બાળકેન્દ્રી છે. તેમનો અભ્યાસ કરો અને આવી શૈક્ષણિક રમતો વિકસાવો અને તેનું નિર્દશન કરો. રમતમાંથી જ્ઞાન અને ગમ્મત બંને મળી રહે, તે આવી રમતોનો ખાસ હેતુ છે, જે ધ્યાનમાં રાખવું જોઇએ.

**૧. રીતઃ-** વર્ગ/જૂથના તમામ વિદ્યાર્થીઓને ખુલ્લામાં ગોળાકારે બેસાડી વચ્ચે મધ્યમાં એક નાના કુંડાળામાં કોઇ એક ચીજ- વસ્તુ જેવી કે લાકડી મૂકો. હવે પ્રત્યેક વિદ્યાર્થીને કુંડાળાની મધ્યમાં આવી લાકડી ઉપાડી તેના ઉપયોગ વડે કોઇપણ એકશન કરવાં જણાવવું. આ એકશન મૂક અભિનયના સ્વરૂપે અભિવ્યકત કરવાં જણાવવું, જે જોઇને કુંડાળામાં ગોળાકારે બેઠેલા અન્ય વિદ્યાર્થીઓ શાની એકશન કરી છે તે જણાવે. એકશનમાં વૈવિધ્ય આવે તે માટે દરેક વિદ્યાર્થીઓ ને તક આપો. એક રાઉન્ડ પુરો થયા બાદ કુંડાળામાં નવી વસ્તુ મૂકો અને રમતનું પુનરાવર્તન કરો.

**જરૂરી સામગ્રી :-** લાકડી, કપડાંનો લાંબો ટૂકડો, મોટો ગોળ પથ્થર વગેરે......

**૨. રીતઃ-** વર્ગ/જૂથના તમામ વિદ્યાર્થીઆને ખુલ્લામાં ગોળાકારે બેસાડી વચ્ચે મધ્યમાં કુંડાળામાં એક ડબ્બો રાખવો, જેમાં કેટલીક ચિઠ્ઠીઓમાં વિવિધ શબ્દો લખેલાં હોય જેવા કે, પેન, વૃક્ષ, વાદળ, પર્વત, શિક્ષક, દિવેલ, અશોકચક્ર, જોકર વગેરે. હવે વારાફરતી પ્રત્યેક વિદ્યાર્થી મધ્યમાં બંધ ચિઠ્ઠી ઉપાડવા કહેવું અને ચિઠ્ઠીમાં લખેલા શબ્દો/વિષય પર બે મિનિટ સુધી બોલવા કહેવું. તેમના આ મૌખિક વકતવ્યમાં કોઈ વાકય/વાતનું વારંવાર પુનરાવર્તન ના થાય તે અંગે અગાઉથી સૂચિત કરવા. આ રીતે શીઘ્ર વકતવ્યની પ્રવૃતિ દરેક વિદ્યાર્થીઓ પાસે કરાવવી.

**જરૂરી સામગ્રીઃ-** પતરાનો નકામો ડબ્બો, વિવિધ વિષયો દર્શાવેલી ચિઠ્ઠીઓ.

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૨૬** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- જોડકણાં (Couplets)**

**સંબંધિત વિષયોઃ-** ગુજરાતી, ગણિત, પર્યાવરણ અભ્યાસ.

**સૂચના :-** નીચે આપેલાં ઉદાહરણોનો અભ્યાસ કરીને આપણી આસપાસ જોવા મળતાં, પ્રાણીઓ, પંખીઓ, વનસ્પતિઓ, જીવ-જંતુઓ, ફળ-ફૂલ, કુદરતી ઘટકો, તથા અન્ય કોઈપણ ચીજવસ્તુઓની વિશેષતાઓ અથવા સંબંધિત કાલ્પનિક વાતો રજૂ થાય તેવાં શકય તેટલા વધુ જોડકણાંઓની રચના કરો. ઉદાહરણ તરીકે,

(૧) તારલે મઢી રાત રે,
દાદા માંડે વાત રે,
આભે ઊડતી પરી રે,
મજા પડે ભૈ, ખરી રે .... !

(૨) હોંચી હોંચી ગદધુભૈ,
હણ હણ કરતાં ઘોડા,
ઊંટ ભૈ તો બૂટ પહેરી
કરતા દોડંદોડા !

(૩) ત્રણ લીટીના છેડા
જયારે એકબીજાને જોડે,
ત્રણખૂણાનો ધજા - ત્રિકોણ,
મંદિર માથે ઊડે !

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૨૭** **અભિગમ :- કાર્યશાળા**

**શિર્ષક :- આવો કરીએ સર્જન ..... ! (Let us create .... !)**

**સંબંધિત વિષયોઃ-** ગુજરાતી, ગણિત, પર્યાવરણ અભ્યાસ, ચિત્ર, વિજ્ઞાન, ગણિત, અંગ્રેજી, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ, અધ્યયન-અધ્યાપન સામગ્રી નિર્માણ અને ઉપયોગ સંબંધી ક્ષમતાઓ.

**૧. માટીકામ :-**

**સૂચના :-** કાંપવાળી/કાળી ચીકણી માટી લો. ઝીણી ખાંડીને ચાળણીથી ચાળી લો. પાણી વડે પલાળીને માટીને કેળવો. (રોટલીનો લોટ બાંધીએ તે રીતે). જરૂરિયાત મુજબ માટીનો ગુંદો લઇને આપની ઇચ્છા અનુસાર વિવિધ આકારો, સજીવ/નિર્જીવ નમૂનાઓ, અન્ય ચીજ-વસ્તુઓ વગેરેના નમૂનાઓ બનાવો.

તૈયાર થયેલા નમૂનાઓને તાપમાં બરાબર સૂકાવા દો. સૂકાયા બાદ નમૂના ઉપર અનુરૂપ રંગકામ કરો.

**જરૂરી સામગ્રી :-**
- કાંપવાળી/કાળી ચીકણી માટી • પોસ્ટર કલર • પીંછી • મણકા
- ચપ્પું / છરી • પીંછાં • સળી/તાર ના ટૂકડા.

**૨. કાગળકામ :-**

**સૂચના :-** જરૂરિયાત મુજબના કાગળો લઇને તેમાંથી કટીંગ - પેસ્ટીંગ, ગડીકામ વગેરે અનુકુળ પદ્ધતિ વડે તમારી કલ્પનાશક્તિના આધારે વિવિધ નમૂનાઓ બનાવો.

**જરૂરી સામગ્રી :-**
- છાપાના કાગળ • કાતર/કટર • કોરા કાગળ • ગુંદર/ફેવીકોલ
- રંગીન (ઘૂંટેલા) કાગળ • પતંગના કાગળ
- વાંસની સળી

**૩. છાપકામ :-**

**સૂચના :-** પ્રાપ્ય સામગ્રીના આધારે ડ્રોઇંગપેપર પર વિવિધ છાપ ઉપસાવો અને તમારી કલ્પનાશક્તિ વડે છાપને આકર્ષક બનાવો.

(૧) ભીંડાથી છાપકામ :- ભીંડાને વચ્ચેથી કાપીને ઉપયોગમાં લો.

(૨) બટાકાથી છાપકામ :- બટાકામાં જરૂરિયાત મુજબ કટરથી કટીંગ કરીને ઉપયોગ કરવો.

(૩) આંગળી/અંગૂઠાથી મદદથી છાપકામ :- સ્ટેમ્પ પેડ પર આંગળી/અંગૂઠો દબાવી કાગળ પર છાપ પાડી તેમાં જરૂરી વિસ્તરણ કરવું.

(૪) ટુથબ્રશ વડે છાપકામ :- ટુથ બ્રશને રંગમાં બોળી સ્પ્રે કરીને કાગળ ઉપર વિવિધ ભાત ઉપસાવવી.

(૫) વનસ્પતિના પર્ણોની છાપ :- પર્યાવરણમાંથી પ્રાપ્ય વિવિધ આકારના પર્ણો મેળવીને રંગોની મદદથી તેમની છાપ ઉપસાવવી.

(૬) પોસ્ટર કલરના ટીપાં કાર્ડ પર અનિયમિત રેલાવીને વિવિધ છાપ ઉપસાવવી.

(૭) દોરી વડે છાપકામ :- સોય-દોરાની દોરી રંગોમાં બોળીને કાગળના બે પડ વચ્ચે દબાવી ખેંચવી અને આકર્ષક ડિઝાઇન બનાવવી.

(૮) તેલ અબરી :- પાણી લો. તેના પર થોડું ટર્પેન્ટાઇન તેલ રેડો. વિવિધ રંગો છાંટો, કાર્ડ પેપર તેના પર હળવેથી મૂકી ઉઠાવી લો અને સૂકાવા દો.

**જરૂરી સામગ્રી :-**

- ડ્રોઇંગ પેપર
- નકામું ટુથ બ્રશ
- પોસ્ટર કલર
- કટર
- ટર્પેન્ટાઇન તેલ
- પાકા રંગો
- દોરી
- પાણી
- ચાર્ટ પેપર
- નાનું જળપાત્ર
- બટાકા, ભીંડા, વનસ્પતિના પાન
- સ્ટેમ્પ પેડ અને તેની શાહી

**૪. બેસ્ટ આઉટ ઑફ ધ વેસ્ટ :-**

**સૂચના :-** અહીં દર્શાવેલી યાદી અનુસાર કેટલીય નકામી ચીજ-વસ્તુઓની મદદથી અને અન્ય આવશ્યક સામગ્રીના સહયોગથી, તમારી કલ્પના શક્તિના આધારે નવીનતમ ચીજ વસ્તુઓનું નિર્માણ કરો. કઇ ચીજ વસ્તુઓનો ઉપયોગ કેટલી વિવિધ રીતે થઇ શકશે, તેવા વિચારો થકી અવનવી રચનાઓ દા.ત. શૈક્ષણિક રમકડાં, જ્ઞાનવર્ધક રમતો, નમૂનાઓ (ટી.એલ.એમ.) ઇત્યાદિ બનાવો અને સર્જનનો આનંદ મેળવો.

**ચીજ-વસ્તુઓ :-** થર્મોકોલના ટૂકડાં, છાપાના કાગળ, પતંગના રંગીન કાગળો, કાપડના ટૂકડાં (ગાભાં), નોટના પૂઠાં, કેલેન્ડર, સળી (કુલ્ફી, સાવરણા, દિવાસળી..), સ્ટ્રો, સાયકલની ટ્યુબ, ચિચુકા, ચણોઠી, મણકા, ફૂગ્ગા, વિવિધ કદની પ્લાસ્ટીકની બોટલો, ગ્લુકોઝના પ્લાસ્ટીકના બોટલ - નળી સાથે, ખીલી, તારના ટૂકડાં, પ્લાસ્ટીકની કોથળીઓ, પતંગની દોરી, આઇસ્ક્રીમના કપ - ચમચીઓ, બંગડીના કાચ, છીપલાં, રંગીન નાનાં-મોટા પથ્થરો, રેતી, પેન્સીલનો છોલ, ઇંટના ટૂકડા, જૂની લગ્નની કંકોતરીઓ અને દિવાળી કાર્ડઝ, સૂતળી - કાથીના ટૂકડાં, વિવિધ કદનાં ખોખાં (માચિસ, ટુથપેસ્ટ, સાબુ, ગીફ્ટ બોક્સ, ....), ઉડેલાં નાનાં મોટાં બલ્બ, ચોકલેટના કચકડાં, ચળકતા કાગળો (સોનેરી/રૂપેરી), તૂટેલી માટલી/કૂંડા, ચામડું/રેકઝીનના ટૂકડાં, બટન, રૂ, સ્પંજના(વાદળી) ટૂકડા, લખોટીઓ, છરા, ઇલાસ્ટીકના ટૂકડા, કોડીઓ, નળાકાર ખોખાં, ખાલી બોલપેનની રીફીલ, ખાલી ડબ્બો, વનસ્પતિના પાંદડાં, વાંસના ટૂકડા, વપરાયેલાં ચાર્ટ પેપર, હાર્ડબોર્ડના ટૂકડા, જિલેટીન પેપર, ઇંજેકશન (વપરાયેલાં સોય સહિતના), કાચની નાની શીશીઓ, પક્ષીઓના પીછાં, ઘાસ વગેરે.....

**અન્ય ઉપયોગી સામગ્રી :**

- કાતર
- વાલટયૂબ
- સ્કેચપેન
- ગુંદર/ફેવીકલ
- વોટર કલર
- કટર
- હથોડી
- પીંછી
- સ્ક્રૂ ડ્રાઇવર
- મીણબત્તી
- માપપટ્ટી - પેન્સિલ
- છરી
- ખીલી
- રબર બેન્ડ
- હેમરી
- ટાંકણી
- સોય - દોરો
- કરવત
- કાનસ
- પતરું કાપવાની કાતર
- ડ્રીલ મશીન
- પક્કડ

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૨૮** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- ઉખાણાંની રચના (Riddles Writing)**

**સંબંધિત વિષયો:-** ગુજરાતી, પર્યાવરણ અભ્યાસ, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-** નીચે આપેલા ઉદાહરણોનો અભ્યાસ કરીને આપણી આસપાસ જોવા મળતા ફળ, ફૂલ, વનસ્પતિ, પશુ, પક્ષી, જીવ-જંતુ તથા અન્ય કોઈપણ ચીજવસ્તુઓના ચોક્કસ લક્ષણોને ધ્યાનમાં રાખીને શક્ય તેટલા વધુ ઉખાણાંઓની રચના કરો.

**ઉદાહરણ :-**

(૧) રૂપવાન, વેગવાન,
અણિયાળી આંખોવાળું,
ફાળને ફલાંગે જાય,
હાથ આવે નહિ કો'ને,
સીમને જંગલ ફરે,
ડરે વાઘ સિંહ થકી,
આમ ઠમકે તેમ ઠેમકે,
હોય ટોળે ટોળામાં,
વાંકલડી શિંગ એને,
પાતલડા પગ એના,
રૂપવાન - વેગવાન,
અણિયાળી આંખોવાળું.

**(હરણ)**

(૨) ગણ - ગણ - ગણ કરે,
પાંખ ફફડાવી ફરે,
ચટ ચટ ચટકાવી,
તાવને લાવે બોલાવી,
ડિલ આખું રાતું કરે,
રાતે ઊંઘ વેરણ કરે.

**(મચ્છર)**

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૨૯** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- ગીત રચના (Lyric Writing)**

**સંબંધિત વિષયો :-** ગુજરાતી, ગણિત, પર્યાવરણ અભ્યાસ, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ.

**સૂચના :-** નીચે આપેલી પ્રવૃત્તિઓ અંતર્ગત વિગતોને ધ્યાનમાં રાખીને ધો. ૧ થી ૫ ના વિવિધ વિષયોના વિષયાંગને રસપ્રદ રીતે શીખવાડી શકાય તેવા બાળકેન્દ્રી ગીતોની રચના કરો. ગીતોની શબ્દ રચના સરળ, વિષયાંગ પર આધારિત અને લયબદ્ધ રીતે ગાઇ શકાય તેવી હોવી જોઇએ.

૧. નીચે આપેલા ગીતનો અભ્યાસ કરીને, ગુજરાતી મૂળાક્ષરો ક,ખ,ગ,ઘ .... અને તે પરથી બનતા વિવિધ શબ્દો આધારિત ગીતની રચના કરો.

**પાટી, પેન લઈને બેસું**

ક,ખ,ગ,ઘ .... 'ઘ' થી બનતું સુંદર ઘર,

ચ,છ,જ,ઝ .... ઝટપટ છોડું કામ ઝાઝું,

ટ,ઠ,ડ,ઢ .... ઢગલો બોજ હું કેમ લઉં,

ણ,ત,થ,દ .... દફતર લઈ મૂકું દોટ,

ધ,ન,પ,ફ .... ફોરમ મહેંકશે કહું 'હું '.

બ,ભ,મ,ય .... યાદ રાખો સજ્જન સહું,

ર,લ,વ,શ .... શાળા નિત મોકલો સહું,

ષ,સ,હ,ળ.... ફળ મીઠાં મળશે કહું,

ક્ષ,જ્ઞ .... જ્ઞાન બારાક્ષરીનું લાધી લઉં.

૨. ગણિતમાં ક્રમસૂચક સંખ્યાઓ અથવા વિવિધ ગાણિતિક ક્રિયાઓનો ખ્યાલ આપી શકાય તેવા ગીતની રચના કરો.

૩. પર્યાવરણ અભ્યાસના વિવિધ વિષયવસ્તુ જેવાં કે વૃક્ષો, પશુઓ, પક્ષીઓ, ફળ, ફૂલ, તહેવારો વગેરે પૈકી પસંદગીના વિષય ઉપર તેની વિશેષતા અભિવ્યકત થતી હોય તેવા ગીતની રચના કરો.

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૩૦** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- જૂથ બનાવવા (Group Making)**

**સંબંધિત વિષયો :-** પર્યાવરણ અભ્યાસ, વિજ્ઞાન, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-** અહીં કેટલાક જુદા જુદા નામોની યાદી દર્શાવી છે. આ નામોની કેટલીક ચોકકસ વિશેષતા/ ગુણધર્મના આધારે તેમના શકય તેટલા વધુ જૂથ બનાવો. પ્રત્યેક જૂથમાં વધુમાં વધુ ચાર નામોનો સમાવેશ કરવાનો રહેશે.

પીપળો, હોડી, ગરોળી, પતંગ, ફૂગ્ગો, ઘડિયાળ, લાકડું, પક્ષી, પૈડું, ઈંટ, અગ્નિ, નાળિયેર, ચકલી, રેવડી, ઘઉં, મીણબત્તી, પાણી, તુવેર, મમરા, દાડમ, દડો, પથ્થર, બૉલપેન, અરીસો, તેલ, કબૂતર, મગની દાળ, ટામેટું, પેન્સિલ, કેરી, હાથી, મીઠું, જામફળ, કાગળ, વરાળ, ટેબલ, કીડી, લોખંડ, હવા, રેતી, દેડકો, કાંસકો, ચોપડી, મોરથૂથું, રબર, ખીલી, બટન, ટાંકણી, બંગડી, તલ, હળદર, બદામ, પીંછુ, ચોક, પાંદડું, ઇયળ, બકરી, હેલીકોપ્ટર, શર્ટ, સ્કેચપેન, ટ્રક, ૫૦ પૈસાનો સિકકો, બીસ્કીટ, ખુરશી, ફૂલ, વટાણા, કબાટ, સૂરજ, દૂધ, થેલી, પેન્ટ, માખી, માપપટ્ટી, બૂટ, ગોકળગાય, ભેંસ, દાળિયા, મગ, બિલાડી, સફરજન, આદું, વાલ, સાણસી, રૂ, ચૂનો, મૂળ, શાહમૃગ, હાર, મગર, કાર્બન ડાયોકસાઇડ, ચંદ્ર, નદી, કૂતરું, પર્વત, રબરબેન્ડ, ખાંડ, સ્લેટ, ચમચી,

કાન, પંખો, કેરોસીન, હાથ, વૉલીબોલ, વંદો, નાક, પેટ્રોલ, દરિયો, પૌંઆ, ચા, સૂતળી, કાચબો, ડીઝલ, સોય, બિલાડી, વિમાન, પગ, તપેલી, કશનળી, સોનું, દીવો, પોપટ, બટાકા, ચંબુ, ચગડોળ, ગરણી, એંજીન, વાયુપાત્ર, મરચું, મકાન, સફરજન.

**ઉદાહરણ:-**

| **જૂથનું નામ** | **નામોની યાદી** |
|---|---|
| ૧. લેખન સામગ્રી | બૉલપેન, પેન્સિલ, કાગળ, સ્કેચપેન |
| ૨. સફેદ રંગ વાળી વસ્તુઓ | મમરા, પૌંઆ, દુધ, મીઠું |

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૩૧** **અભિગમ :- કાર્યશાળા**

**શિર્ષક :- ડીસ્કવરી (ડેમોન્સ્ટ્રેશન/લેબોરેટરી) લેસન પ્લાન (Discovery Demonstration/ Laboratory Lesson Plan)**

**સંબંધિત વિષયો :-** વિજ્ઞાન, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ, ગણિત

**અન્ય સામગ્રી :-** 'ધો. ૫ પ્રવૃત્તિલક્ષી વિજ્ઞાન' વિડિયો કેસેટ (પ્રાપ્તિ સ્થાન :- રાજ્યના તમામ જિલ્લા શિક્ષણ તાલીમ ભવનોમાં ઉપલબ્ધ)

**સૂચના :-** અહીં આપવામાં આવેલા ડીસ્કવરી ડેમોન્સ્ટ્રેશન/લેબોરેટરી લેસન પ્લાનના સોપાનની સૂચિત રૂપરેખા અને નમૂનાના લેસન પ્લાનનો કાળજીપૂર્વક અભ્યાસ કરો, અને તેના આધારે આપેલી સમસ્યાઓ પૈકી કોઈપણ એક અથવા ધો. ૫,૬,૭ ના વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાંથી પસંદગીની કોઈ એક સમસ્યા માટે આ પ્રકારનો લેશન પ્લાન તૈયાર કરીને તે આધારે વર્ગખંડમાં બાળકોને શિક્ષણ આપો. યોગ્ય સમસ્યાની પસંદગી માટે વિડીયો કેસેટ દ્વારા નિદર્શિત પ્રવૃત્તિઓનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો.

## ડીસ્કવરી ડેમોન્સ્ટ્રેશન/લેબોરેટરી લેશન પ્લાન

**સોપાનો :-**

૧. સમસ્યાનું શિર્ષક
૨. ધોરણ
૩. શીખવવાની સંકલ્પનાઓ/સિધ્ધાંતો
૪. આવશ્યક સામગ્રી
૫. ચર્ચા પ્રશ્નો
૬. વિદ્યાર્થી શોધ - પ્રવૃતિ
૭. સૂક્ષ્મ દષ્ટિ વિચાર પ્રક્રિયા અને વૈજ્ઞાનિક પ્રવિધિ

૮. અપસરિત પ્રશ્નો (ડાયવર્જન્ટ પ્રશ્નો)ની રચના

૯. શિક્ષક નોંધ

ઉપરોક્ત સોપાનોને વિગતવાર નીચે મૂજબ સમજી શકાય.

**૧. સમસ્યાનું શિર્ષક :-**

• ભણાવવાના વૈજ્ઞાનિક સિધ્ધાંતો/ખ્યાલો નક્કી કરો.

• સમસ્યાને શિર્ષક પ્રશ્નના સ્વરૂપે દર્શાવો.

**દા.ત.** "જાર નીચે રાખેલી સળગતી મીણબત્તી કેટલો સમય સળગતી રહેશે, તે શાના આધારે નક્કી કરી શકાય ?"

**૨. ધોરણ :-**

સંબંધિત શાળકીય ધોરણ અથવા જે તે ચોકકસ વયજૂથના બાળકો અંગેનો ઉલ્લેખ કરવો.

**૩. શીખવવાની સંકલ્પનાઓ / સિધ્ધાંતો :-**

વિજ્ઞાનના વિષય વસ્તુ અંતર્ગત આવતા સિધ્ધાંતો કે સંકલ્પનાઓ, કે જે તમે ભણાવવા માગતા હોય અને પસંદ કરેલી સમસ્યા સાથે સંબંધિત હોય તેમની યાદી દર્શાવો.

**૪. આવશ્યક સામગ્રી :-**

અહીં ઉપયોગમાં લેવાની સામગ્રીની યાદી દર્શાવવાની છે. પરંતુ, જ્યાં સુધી 'વિદ્યાર્થી શોધ - પ્રવૃત્તિ' અંતર્ગત કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી આ વિભાગમાં સામગ્રીની યાદી દર્શાવવી નહિ.

**૫. ચર્ચા પ્રશ્નો :-**

• પાઠ/વિષયાંગનું સ્તર નિયત કરે તેવા પશ્નો લખો.

• સામાન્યતઃ સમસ્યાનું શિર્ષક એક પ્રશ્ન સ્વરૂપે અહીં લખવામાં આવે છે.

• અન્ય એક સામાન્ય પ્રશ્ન એવો પણ પૂછવામાં આવે છે કે, તેઓ (વિદ્યાર્થીઓ) પ્રસ્તુત સમસ્યાનું નિરાકરણ મેળવવા શું કરશે ? આ બાબત વિદ્યાર્થીઓને તેમની શોધ પ્રવૃત્તિની કાર્ય રૂપરેખા કેવી રીતે તૈયાર કરવી, તે અંગે વિચારવા પ્રેરે છે.

**૬. વિદ્યાર્થી શોધ- પ્રવૃત્તિઃ-**

• વિચારોનો અમલ કરવા માટે જરૂરી સંદર્ભ સાહિત્ય, અભ્યાસક્રમ/પાઠ્યક્રમનો અભ્યાસ કરી લો. તમે નિર્દેશ કરેલાં સિધ્ધાંતો કે સંકલ્પનાઓ કે જે તમે વિદ્યાર્થીઓને ભણાવવા માગો છો, તેને શોધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ શોધી કાઢે- જે આ વિભાગનો મૂળ ઉદ્દેશ છે. હવે પછીનો ભાગ વિદ્યાર્થીઓને લેખિત સ્વરૂપે વાંચવા આપવો અથવા મૌખિક રીતે સમજાવવો/લખાવવો.

• તમે પસંદ કરેલી પ્રવૃત્તિની રૂપરેખા માટેની વિવિધ રીતો વિચારો કે જેથી વિચાર પ્રક્રિયામાં સામેલ કરવા વિદ્યાર્થીઓને બોલાવી શકાય.

• અહીં પ્રવિધિ અંતર્ગત હાથ ધરવાની ક્રિયાઓનો ઉલ્લેખ કરવો.

• જરૂરી સામગ્રી એકત્રિત કરવા માટે વિદ્યાર્થીઓને જણાવતું વિધાન અહીં લખો. આ પછી, આ સામગ્રીના ઉપયોગ વડે સમસ્યાનું નિરાકરણ શોધવા શું કરશો, તે સંબંધી પ્રશ્ન પણ પૂછી શકાય.

• હવે કોઈ ચોક્કસ પ્રકારની ક્રિયા કરવાથી શું થશે, તે પ્રકારના પ્રશ્નો પૂછવા માટે લખો.

દા.ત. સળગતી મીણબતીને જાર વડે ઢાંકી દેવાથી તે કયાં સુધી સળગતી રહેશે?

• વિદ્યાર્થીઓને તેમની ધારણાઓ ચકાસવા માટે આ પ્રકારની ક્રિયાઓ કરવા તેમજ તેમનું નિરીક્ષણ કરવા જણાવો.

દા.ત. સળગતી મીણબતીને જાર વડે ઢાંકો અને ત્યારબાદ તે કયાં સુધી સળગતી રહી તેનો સમય નોંધો.

• વિદ્યાર્થીઓએ નિરીક્ષણ કરેલી તમામ વિગતો નોંધવા કહો. જરૂરી હોય ત્યાં ગણત્રી અને આલેખન માટે ગણિતનો ઉપયોગ કરવા જણાવો.

• વિદ્યાર્થીઓએ એકત્રિત કરેલી માહિતીના આધારે અર્થઘટન કરી પરિણામ તારવવા કહો.

**૭. સૂક્ષ્મ દષ્ટિ વિચાર પ્રક્રિયા અને વૈજ્ઞાનિક પ્રવિધિ :-**

• વિદ્યાર્થી શોધ - પ્રવૃત્તિ વિભાગના લેખન બાદ તમારાં વિધાનો ફરીથી વાંચો અને નીચે દર્શાવ્યા મુજબની પ્રવિધિની સૂચિ સાથે તેમને સરખાવો.

**(૧) બોધાત્મક સૂક્ષ્મ દષ્ટિ વિચાર પ્રક્રિયા**

- તુલના (Comparing)
- સારાંશ કાઢવો (Summarizing)
- વિવેચન/ટીકા-ટીપ્પણી કરવી (Criticizing)
- અનુમાન કરવું (Assuming)
- કલ્પના કરવી (Imagining)
- નિર્ણય કરવો (Decision Making)
- અમલીકરણ (Applying)

**(૨) વૈજ્ઞાનિક પ્રવિધિ**

(આ પણ એક પ્રકારે બોધાત્મક સૂક્ષ્મ વિચાર પ્રક્રિયા જ છે પરંતુ, વૈજ્ઞાનિક પ્રાયોગિક કાર્ય સાથે તેને વધારે સંબંધ છે.)

- નિરીક્ષણ કરવું (Observing)
- વર્ગીકરણ કરવું (Classifying)

- અર્થઘટન કરવું (Making Interpretation)
- માહિતીનું એકત્રીકરણ અને સંયોજન (Collecting & Organizing Data)
- માપન કરવું (Measuring)
- ધારણા બાંધવી (Hypothesizing or Predicting)
- શોધ અંગેની રૂપરેખા ઘડવી (Designing an investigation)
- વ્યાખ્યાયિત કરવું (Operational Definition)
- નમૂનાનું સ્પષ્ટ નિરૂપણ (Formulating Models)

• વિદ્યાર્થી શોધ પ્રવૃત્તિ વિભાગ અંતર્ગત દર્શાવેલા દરેક પ્રશ્નને અનુરૂપ ઉપર દર્શાવ્યા પૈકીની લાગું પડતી પ્રક્રિયા /પ્રવિધિ, પ્રશ્નની ડાબી બાજુએ દર્શાવો.

• આટલું કાર્ય પૂર્ણ કર્યા બાદ, તમારો લેસન પ્લાન પ્રવિધિઓની યાદી સાથે સરખાવો અને વિચારો કે હજૂ કોઈ નવી પ્રવિધિના સંદર્ભમાં તે ફરીથી લખવાની જરૂર છે કે કેમ. આવશ્યક જણાય તો ફરીથી લખો. આ પ્રકારની તુલનાથી તમારો લેસન પ્લાન વિદ્યાર્થીઓની બોધાત્મક શકિતઓના સંદર્ભમાં કેટલો વ્યવસ્થિત તૈયાર થયો છે તે અંગેનું મૂલ્યાંકન થઈ શકે છે.

## ૮. અપસરિત પ્રશ્નો (ડાયવર્જન્ટ પ્રશ્નો)ની રચના

આ એ પ્રકારના પ્રશ્નો છે કે જે આવશ્યક એવાં પ્રાયોગિક કાર્યની શકયતા સૂચવે છે. આ વિભાગમાં એવા પ્રશ્નો સમાવવા જોઈએ કે જે-

• જો તમારી પ્રવૃત્તિનું પુનરાવર્તન કરવું પડે તો તેમાં સુધારો કઈ રીતે કરવો તે સૂચવે.

• પ્રવૃત્તિ અંતર્ગત પ્રાયોગિક કાર્ય માટે બીજી વધારાની શકયતાઓ સૂચવે.

સામાન્ય રીતે વિદ્યાર્થી શોધ પ્રવૃત્તિ અંતર્ગત વિદ્યાર્થીઓએ કોઈ વસ્તુ કે સજીવ ઉપર એક ઘટક અથવા પરિબળની અસરનો અભ્યાસ કર્યો હોય છે.પરંતુ આ વિભાગમાં તે ઉપરાંત વિદ્યાર્થીઓને તે જ વસ્તુ કે સજીવ પર બીજા અન્ય ઘટકો/પરિબળો ની અસર ચકાસવાના પ્રશ્નો પૂછવામાં આવે છે, જેથી ઘટકો વચ્ચેનો સંબંધ પણ જાણી શકાય.

## ૯. શિક્ષક નોંધ/સ્પષ્ટીકરણ/તકેદારીઓ :-

પુનઃ લેસન પ્લાનનું વાંચન કરી અગાઉ આવશ્યક સામગ્રી દર્શાવી ન હતી, તેની નોંધ કરી લો. આવશ્યક સામગ્રીમાં વસ્તુની સંખ્યા દર્શાવવાની બાબતમાં ચોક્કસ રહો. દા.ત "કેટલીક મીણબત્તીઓ" એમ ન લખતાં, જો ૧૦ મીણબત્તીની જરૂરિયાત હોય તો "૧૦ મીણબત્તી" એમ સ્પષ્ટ દર્શાવો. પ્રવિધિના વિભાગમાં આવશ્યક સામગ્રીની યાદી અંગે ચોકસાઈપૂર્ણ ખાતરી કરી લો.

## ડીસ્કવરી ડેમોન્સ્ટ્રેશન/લેબોરેટરી લેશન પ્લાનનો નમુનો

**સમસ્યા શિર્ષક :-** ધાતુને ગરમ કરવાથી કે ઠંડી પાડવાથી શું થાય છે ?


**ધોરણ :-** ૬

**સંકલ્પનાઓ :-**

- ઉષ્મા એ ઊર્જાનું સ્વરૂપ છે.
- ઉષ્માનું રૂપાંતરણ થઈ શકે છે.
- વસ્તુ ઊર્જા મેળવે/ગુમાવે ત્યારે તેની ભૌતિક સ્થિતમાં ફેરફાર થતો જોવા મળે છે.
- જયારે વસ્તુને ગરમી આપવામાં આવે, ત્યારે તેના અણુઓ ગતિશીલ બને છે અને વિસ્તરણ થાય છે.
- જયારે વસ્તુને ઠંડી પાડવામાં આવે, ત્યારે અણુઓની ગતિ ધીમી પડે છે અને સંકોચન થાય છે.

**આવશ્યક સામગ્રીઃ-** • એક મીણબતી • લોખંડની ખીલી

- ચીપીયો • રીંગવાળો સ્ક્રુ (જેની રીંગનો વ્યાસ ખીલીના ઉપરના ગોળ ભાગ કરતાં વધારે હોય)
- માચીસ • ધાતુનું પાત્ર



**ચર્ચા પ્રશ્નો :-**

- ઉષ્મા એટલે શું ?
- ઊર્જા એટલે શું ?
- અણુઓ એટલે શું ?
- ઉષ્મા આપવાથી અણુઓ પર શી અસર થશે ?
- ખીલી શાની બનેલી હોય છે ?
- ઉષ્માની ધાતુ પર શી અસર થાય છે ? આ જોવા તમે શું કરશો ?

| પ્રવિધિ | વિદ્યાર્થી શોધ- પ્રવૃત્તિ |
| --- | --- |
| | **શિક્ષક નોંધઃ-** આ પ્રવૃત્તિ બે -બે વિદ્યાર્થીઓના જૂથમાં કરાવવી જોઈએ.<br>૧. તમારા સાથી મિત્રની મદદથી મીણબત્તી, માચીસ, ધાતુનું પાત્ર, ચીપીયો, ખીલી, ગોળ રીંગ વાળો સ્ક્રૂ મેળવો.<br>૨. મીણબત્તી સળગાવવી, પીગળતાં મીણના ટીપાં ધાતુના પાત્રમાં પાડીને |

| પ્રવિધિ | વિદ્યાર્થી શોધ- પ્રવૃત્તિ |
|---|---|
| | ધાતુના પાત્રની મધ્યમાં મીણબતીને ઊભી ચોંટાડો. હવે મીણબત્તી ઓલવી નાખો. |
| નિરીક્ષણ | ૩. ગોળરીંગ વાળા સ્ક્રૂની રીંગમાંથી ખીલીને પસાર કરી જુઓ. શું તે પસાર થઇ શકે છે ? |
| નિરીક્ષણ | • ખીલી સ્ક્રૂની રીંગમાંથી કેટલી સહેલાઇથી પસાર થાય છે ? |
| ધારણા બાંધવી | • ખીલીને ગરમ કર્યા બાદ સ્ક્રૂની રીંગમાંથી પસાર કરતાં શું થશે ? તમને લાગે છે કે તે રીંગમાંથી પસાર થઇ શકશે ? |
| | **શિક્ષક નોંધઃ-** ખીલીને ગરમ કર્યા બાદ તે સ્ક્રૂની રીંગમાંથી પસાર થઇ શકશે નહી, કારણ કે ગરમી આપવાથી ખીલીના અણુઓ ગતિશીલ બને છે અને તેનું વિસ્તરણ થાય છે. |
| | ૪. હવે મીણબત્તી સળગાવો. |
| | ૫. ચીપીયાની મદદથી ખીલીને ઉપાડો. |
| | • ખીલીનો ગોળ ભાગ મીણબત્તીની જ્યોતના એવા ભાગ પાસે ધરો કે જ્યાં સૌથી વધારે ગરમી મળી રહે. જો જ્યોતનો આવો ભાગ તમને ખબર ન હોય તો શિક્ષકોને પૂછો. |
| | • ખીલીને બે મિનિટ સુધી ગરમ કરો. |
| | **શિક્ષક નોંધઃ-** મીણબત્તીની જ્યોત બે ભાગની બનેલી છેઃ નીચે ઘેરો ભાગ અને ઉપર તેજસ્વી ભાગ. નીચેના ઘેરા ભાગનો અંતિમ છેડો એ મીણબત્તીની જ્યોતનો સૌથી વધારે ગરમી આપતો ભાગ છે. પદાર્થ/વસ્તુને ગરમ કરતી વખતે આ ભાગ પર જ તેને ધરવું તેમ તમારા વિદ્યાર્થીઓને સૂચવો. તદ્ઉપરાંત ખીલીને ગરમ કરતી વખતે દહન - ક્રિયાથી ખીલી પર ઉત્પન્ન થતા કાર્બન અંગે વિદ્યાર્થીઓ પ્રશ્ન પૂછે તો તે માટે માનસિક રીતે તૈયાર રહો. |
| | ૬. હવે ખીલીને જ્યોત પરથી દૂર ખસેડી લો, અને સ્ક્રૂની રીંગમાંથી પસાર કરી જુઓ. આટલું કર્યા બાદ ખીલી અને સ્ક્રૂને ધાતુના પાત્રમાં મૂકી દો. યાદ રહે કે હજુ પણ ખીલી ગરમ છે. |
| નિરીક્ષણ | • સ્ક્રૂની રીંગમાંથી ખીલી પસાર કરતાં શું જોવા મળ્યું ? |
| હકીકતના આધારે | • આમ શા કારણે બન્યું હશે ? |
| અનુમાન | • ખીલીને ગરમ કરવાથી તેના અણુઓ પર શી અસર પડી હશે ? |
| અનુમાન | • ગરમી આપવાથી અણુઓ વધુ ગતિશીલ બન્યાં હશે કે ધીમાં ? |

| પ્રવિધિ | વિદ્યાર્થી શોધ- પ્રવૃત્તિ |
|---|---|
| અનુમાન | • શું તેમણે ઊર્જા મેળવી હશે કે ગુમાવી હશે ? |
| અનુમાન | • ગરમી આપવાથી ખીલીમાં લોખંડના અણુઓ ગરમી આપતાં પહેલાંની સ્થિતી કરતાં એકબીજાથી નજીક આવ્યાં હશે કે દૂર ગયાં હશે ?<br>• આવું તમે કેવી રીતે કહી શકશો ? |
| સ્પષ્ટીકરણ/સમજૂતિ | અણુઓ, ઊર્જા, અણુ-અણુ વચ્ચેની જગ્યા જેવાં શબ્દોનો ઉપયોગ કરીને, જ્યારે ધાતુ પાત્રને ગરમી આપવામાં આવે ત્યારે શું થશે, તે અંગેની સમજૂતિ આપવાનો પ્રયત્ન કરો. |

**સમસ્યાઓ :-**

૧. હવા કેવો આકાર અને કદ ધારણ કરે છે ?

૨. હવાનું દબાણ વસ્તુને કેવી રીતે ખસેડે છે ?

૩. ઉષ્મા એ શું છે ?

૪. પ્રવાહી અને વાયુ પદાર્થને ગરમી આપવાથી તેમના અણુઓ પર શી અસર પડે છે ?

૫. વસ્તુઓમાંથી અવાજ (ધ્વનિ) શાથી ઉત્પન્ન થાય છે ?

૬. હવાના સ્તરોની લંબાઇ અવાજ (ધ્વનિ) પર શી અસર કરે છે ?

૭. પડઘો શાથી સંભળાય છે ?

૮. પ્રકાશનું પરાવર્તન કઇ રીતે થાય છે ?

૯. ચુંબક એ શું છે ?

૧૦. સ્થિર વિદ્યુત એ શું છે ?

૧૧. સૂર્ય આપણા માટે શું કરે છે ?

૧૨. ધોવાણની પ્રક્રિયા જમીનને શી અસર કરે છે ?

૧૩. માનવી શ્વસનની ક્રિયા કેવી રીતે કરે છે ?

૧૪. પ્રાણવાયુ ($O_2$) ની અછત પ્રાણીઓ પર શી અસર પહોંચાડે છે ?

૧૫. વનસ્પતિના જુદા જુદા ભાગો કયા છે ?

૧૬. બીજ એટલે શું ?

૧૭. પર્યાવરણ જીવનને કઇ રીતે અસર કરે છે ?

૧૮. વરસાદ શાથી પડે છે ?

૧૯. વનસ્પતિ જગતની વિવિધતા કઈ રીતે જાણશું ?

૨૦. પીપળાના પાંદડાનું ક્ષેત્રફળ કેવી રીતે માપી શકાય ?

૨૧. આહાર જાળ એટલે શું ?

૨૨. અંકુરણ એટલે શું ?

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૩૨** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- शब्द निर्माण और मुहावरे (Word Construction and idioms)**

**સંબંધિત વિષયો :-** હિન્દી, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**सूचना :-** निम्न उदाहरण के अनुसार सार्थक शब्दों की रचना कीजिए।

१. शब्दारंभ :-

'न' शब्द से शुरू होने वाले अधिक से अधिक शब्द लिखिए।

उदाहरण :- नमक।

२. शब्दान्त :-

शब्द के अन्त में 'ई' लगाकर अधिक से अधिक शब्द लिखिए।

उदाहरण :- सिलाई।

३. शब्द का मुहावरे में प्रयोग करके वाक्य बनाना :-

सूचना :- नीचे दिये गए शब्द का प्रयोग करके अधिक से अधिक मुहावरे लिख कर इसका वाक्यों में प्रयोग कीजीए।

उदाहरण :- मुँह : मुँह फेरना

वाक्य प्रयोग :- राम के प्रति कैकयी का अन्याय देख कर राजा दशरथ ने उनसे मुँह फेर लिया था।

उपर्युक्त उदाहरण के अनुसार आँख शब्द का प्रयोग करके अधिक से अधिक मुहावरें लिख कर ईसका वाक्यों में प्रयोग करें।

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૩૩** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- चिन्तनात्मक विचार (Reflective Thinking)**

**સંબંધિત વિષયો :-** હિન્દી, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

१. निम्न उदाहरण का अभ्यास करके 'प्रार्थना' शब्द का प्रयोग करके अधिक से अधिक वाक्य बनाइए ।

उदाहरण :– क्षमा

"क्षमा वीरों का आभूषण है ।"

२. निम्न विषय पर अपने विचार प्रस्तुत कीजिए ।

"यदि मैं पेड बनुं तो..."

३. चिंतन–मनन पर आधारित विषय पर विचार प्रस्तुत कीजिए ।

"जान देने की रुत रोज आती नहीं.... ।"

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૩૪** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- संवाद पर आधारित शीर्षक** (Titles to the given dialogues)

**સંબંધિત વિષયો :-** હિન્દી, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**सूचना :–** निम्न संवाद ध्यान से पढकर अपनी सृजनात्मक योग्यता से इसके अधिक से अधिक उचित शीर्षक लिखिए ।

देहाती :– (शिकारी से) तुम्हारा मन कैसे करता है, इतने सुंदर पक्षीपर तीर चलाने का हें ? इस मोर को छोड दो ।

शिकारी :– सुंदर है, इसलिए तो शिकार कर रहा हूँ ।

देहाती :– नहीं, मैं इस निर्दोष की रक्षा करुंगा । (शिकारी के सामने आ खड़ा होता है, शिकारी गोली दाग देता है । घायल देहाती को देख कर भीड़ जमा हो जाती है और शिकारी को मारने लग जाती है । देहाती भीड़ और शिकारी के बीच सरकता हुआ आ जाता है ।)

देहाती :– जब मैं मोर की रक्षा कर सकता हूँ, तो शिकारी को भी क्यों मरने दूँगा ? किसी को भी मारना पाप है ।

शिकारी :– (तीर फेंकते हुए) अब मैं कभी तीर नहीं चलाऊंगा । सदा अहिंसा की राह चलूंगा ।

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૩૫** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- संवाद लेखन** (Dialogue Writing)

**સંબંધિત વિષયો :-** હિન્દી, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**सूचना :-** नीचे एक परिस्थिति दी गई है। इसके आधार पर दो व्यक्तियों के बीच हुआ रोचक संवाद लिखना है।

"आप फौज में भर्ती होना चाहते हैं। आपकी माताजी इस प्रस्ताव से राजी नहीं है। माताजी और आपके बीच का संवाद लिखिऐ।"

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૩૬** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- कहानी लेखन (Story Writing)**

**સંબંધિત વિષયો :-** હિન્દી, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**सूचना :-** नीचे एक कहानी का ढांचा दिया गया है। जिसकी सहायता से कहानी की रचना कीजीए। कहानी के अधिक से अधिक शीर्षक दीजीए।

छुपे वेश में राजा – चौराहे पर तैनात सिपाही – राजा का सिपाही की परीक्षा लेने का विचार – चाय – नाश्ता करवाने का लालच – सिपाही का ड्यूटी पर से हटने से इन्कार – राजा का खुश होना और इनाम देना।

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૩૭** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- शीर्षक एवं शब्द विचार (Titles and words)**

**સંબંધિત વિષયો :-** હિન્દી, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

१ **सूचना :** नीचे दी गई कहानी ध्यान से पढकर इसके अधिक से अधिक शीर्षक दीजीए।

## कहानी

नंद वंश के पतन के बाद मौर्य वंश की शरुआत हुई। राजा चंद्रगुप्त ने अपने राज्य के महागुरु के पद पर बुद्धिशाली चाणक्य की नियुक्ति की।

चंद्रगुप्त राजाने अपने लिए लकडी का नया महल बनवाया। वे महल में जाने के लिए बहुत उत्सुक थे। लेकिन चंद्रगुप्त की यह जल्दबाजी चाणक्य को पसंद न आई। उन्होंने राजा को धीरज रखने के लिए समझाया। कुछ दिनों बाद चंद्रगुप्त फिर से महल देखने के लिए उतावले हो गए। बेसब्री से वे अंदर जाने ही लगे थे की चाणक्य ने उन्हें प्रवेश द्वार पर रोक कर स्वयं ही अंदर गए। महल बहुत आलीशान था। किन्तु अचानक ही उनकी नजर एक कौने में पड़ी। कुछ चींटियां चावल के दाने जमीन में से बाहर ला रही थीं।

चाणक्य को लगा कि यहाँ कोई गुप्त रास्ता है। पता लगाने पर महल के नीचे गुप्त कमरे में से पंद्रह आदमी निकले जो चंद्रगुप्त के शत्रु थे।

इस घटना के बाद राजा चंद्रगुप्तने धीरज से काम लेने और गुरु की बात पर हमेशा ध्यान देने का

निश्चय कीया ।

२ सूचना :- शब्द बनाए ।

| | | |
|---|---|---|
| लकडी | अचानक | गुप्त |
| प्रवेश | निकले | पसंद |
| | मौर्य | |

ये सात शब्द उपर्युक्त कहानी में से लिए गए है । इन शब्दो में प्रयोग की गई मात्रओं की सहायता से अधिक से अधिक शब्द बनाइए ।

**उदाहरण :-** अचानक शब्द में 'च' अक्षर में 'आ' की मात्रा लगी है । इस मात्रा का उपयोग करके आप कोई भी शब्द बना सकते है जैसे - राजा, चाय आदि ।

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૩૮** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- काव्य पूर्ति (Completion of poem)**

**સંબંધિત વિષયો :-** હિન્દી, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**सूचना :-** नीचे कविता की तीन पंक्तियाँ दी गई हैं । अपनी सृजनात्मकता एवं कल्पना के आधार पर काव्यपूर्ति कीजिए ।

मैं यही हूँ, यहीं कहीं हूँ ।
माटी की सुगंध में ढूंढो,
फूलों की महक में ढूंढो,
-------------
-------------

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૩૯** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- काव्य लेखन (चित्र आधारित) (Picture based Poetry Writing)**


**સંબંધિત વિષયો :-** હિન્દી, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**सूचना :-** निचे दीए गए उदाहरण का अभ्यास करके अपनी सृजनात्मकता एवं कल्पना के आधार पर चित्रको देख कर काव्य लेखन कीजिए ।

उदाहरण :-



दूर गगन में उड़ी पतंग,
जा पहुंची बादलों के संग,
आसमान की रानी बनकर,
छेड रही दाव-पेंच का जंग ।



---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૪૦** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- खेल - खेलमें (While Playing)**

**સંબંધિત વિષયો :-** હિન્દી, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

१. शब्द को उलट कर सार्थक शब्द की रचना ।

**सूचना :-** निचे एक शब्द दिया गया है । इसे उलट कर पढने पर भी सार्थक शब्द बनता है । आप भी एसे अन्य शब्द सोच कर लिखिए ।

**उदाहरण :-** लाभ - भला ।

२. उल्टा - सीधा एक समान

**सूचना :-** नीचे एक शब्द दिया गया है, जिसे उलट कर पढने पर भी वही शब्द मिलता है । आप भी इस तरह के अन्य शब्द लिखिए । अधिक से अधिक शब्द बनाने का प्रयास कीजिए ।

**उदाहरण :-** नयन ।

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૪૧** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- સ્પેલીંગ ગેઈમ (Spelling Game)**

**સંબંધિત વિષયો :-** અંગ્રેજી, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-** નીચે આપેલી પ્રવૃત્તિઓ અંતર્ગત વિગતોનો અભ્યાસ કરીને તમારું શબ્દ ભંડોળ વિકસાવવાની ક્રિયા હાથ ધરો. આવી અન્ય પ્રવૃત્તિઓ વિકસાવો.

૧. નીચે આપેલા સ્પેલીંગના મૂળાક્ષરોનો ઉપયોગ કરીને નવા-નવા શક્ય તેટલા વધું શબ્દોના સ્પેલીંગની રચના કરો.

   **(i) CHOCOLATE** **(ii) CARPENTER**

૨. એવા શક્ય તેટલા વધુ શબ્દોના સ્પેલીંગ વિચારો અને લખો, કે જેમના સ્પેલીંગમાંથી માત્ર એક જ મૂળાક્ષર બદલીને નવો મૂળાક્ષર મૂકવાથી નવો અર્થપૂર્ણ શબ્દ (સ્પેલીંગ) બનતો હોય.

   દા.ત. **Map** (મેપ) - નકશો **Mop** (મૉપ) - પોતું

૩. ઉચ્ચારણના પ્રાસ અનુસાર બંધબેસતા હોય તેવા શક્ય તેટલા વધુ અર્થપૂર્ણ સ્પેલીંગ વિચારો અને લખો.

   **દા.ત. Light, Right, Flight**

૪. એવા શક્ય તેટલા વધુ શબ્દોના સ્પેલીંગ વિચારો અને લખો, કે જેમના મૂળાક્ષરોને ઉલ્ટા ક્રમમાં વાંચવાથી પણ અર્થપૂર્ણ સ્પેલીંગ બનતો હોય.

   દા. ત. **Ten** (ટેન) - દસ **Net** (નેટ) - જાળી

૫. કોઈ એક અર્થપૂર્ણ શબ્દનો સ્પેલીંગ લખો કે જેના સ્પેલીંગમાં ચા (**Tea**), કાર (**Car**), અને ટોપી (**Hat**) શબ્દોના સ્પેલીંગ સમાયેલાં હોય. આ બાબતને અનુલક્ષીને આવાં અન્ય શક્ય તેટલા વધારે શબ્દોના સ્પેલીંગ વિચારો અને લખો કે જેમાં વિવિધ વસ્તુઓના નામોનાં સ્પેલીંગ સમાયેલાં હોય.

૬. મૂળાક્ષરોથી બનેલાં અર્થપૂર્ણ શબ્દોના સ્પેલીંગમાં અન્ય મૂળાક્ષર અથવા મૂળાક્ષરો ઉમેરીને નવા અર્થપૂર્ણ શબ્દોના સ્પેલીંગ બનાવો. આવા શક્ય તેટલાં વધુ શબ્દોના સ્પેલીંગોમાંથી નવા અર્થપૂર્ણ શબ્દોના સ્પેલીંગ બનાવો.

   દા.ત. **No** (નો) - ના → **Not** (નોટ) - નથી → **Note** (નોટ) - નોંધવું

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૪૨** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- શાબ્દિક વર્ણન (Verbal Description)**

**સંબંધિત વિષયો :-** અંગ્રેજી, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-** તમારા શહેરમાં આવેલા જાહેર સ્થળો જેવા કે બગીચો, રેલ્વે સ્ટેશન, બસ સ્ટૉપ, પોસ્ટ ઑફીસ, બેન્ક, પુસ્તકાલય વગેરે પૈકી કોઈપણ એક વિષય પર અંગ્રેજીમાં શાબ્દિક વર્ણન કરો.

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૪૩** **અભિગમ :- કાર્યશાળા**

**શિર્ષક :- સ્વર સંયોજન (Compositions)**

**સંબંધિત વિષયો :-** સંગીત, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ, જીવનલક્ષી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સંબંધી ક્ષમતાઓ.

**સૂચના :-** અહીં આપેલાં ગીતોના કેટલાંક પ્રચલિત રાગો ઉપરાંત નવા રાગનું સ્વર સંયોજન (**Composition**) તૈયાર કરવા પ્રયત્ન કરો. આ ઉપરાંત અન્ય કોઈપણ ગીતની પસંદગી કરી તેનું નવું સ્વર સંયોજન (**Composition**) તૈયાર કરો અને પ્રાર્થના સંમેલનમાં રજૂ કરો.

**રાગ :- યમન** **પ્રાર્થના** **તાલ :- કહેરવા**

સ્થાયી : વર દે .... વિણા વાદીની વરદે (૨)

પ્રિય સ્વતંત્ર રવ અમીય મંત્ર નવ (૨)

ભારતમેં ભર દે .... વરદે .... વિણાવાદીની ....

અંતરા : ૧ કાટ અંધ ઉર કે બંધન સ્તર

બહા જનની જ્યોતિર્મય નિર્ઝર ..... (૨)

કલુષ ભેદ તમ ભર પ્રકાશ ભર (૨)

ઝગમગ જગ કર દેં ... વરદે .... વિણા વાદીની ....

૨ નવ ગતિ નવ લય તાલ છંદ નવ

નવલ કંઠ નવ જલદ્ મંદ રવ .... (૨)

નવ નભ કે નવ વિહગ વૃંદ કો (૨)

નવ પર નવ સ્વર દેં .... વરદે ... વિણા વાદીની ....

**રાગ :- તોડી** **પ્રાર્થના** **તાલ :- કહેરવા**

સ્થાયી : નાનકડા અંતરમાં પ્રભુજી આજ કરો અજવાળું (૨)

અંતરા : ૧ સૂરજ ના સોનેરી કિરણે સ્વારી તમારી આવે (૨)

ચાંદાની શીતળતા ઉરમાં ચેતન નવું જગાવે (૨)

તારલિયાના નેણમાં પ્રભુજી આજ તમોને ભાળું (૨)

નાનકડા અંતરમાં ......

૨ વનવગડે ખીલેલા ફૂલમાં રૂપ તમારું ન્યારું (૨)
પ્હાડ કંદરા નદી ઝરણાંને ગાન દીધું છે પ્યારું (૨)
ધરતીની હરિયાળી જેવું <u>અંતર કરો અમારું</u> (૨)
નાનકડા અંતરમાં ......

**રાગ :- જોગ** | **<u>કાવ્ય : "નદી"</u>** | **તાલ :- કહેરવા**

સ્થાયી : કલ કલ કલ કલ ગીત સુનાતી, નદી હમેશા બહતી જાતી (૨)
સબહીકો યહ પાની દેતી, હરી ભરી કરતી હૈ ખેતી (૨)
કલ કલ ......

અંતરા : ૧. ઈસકો દૂર કહીં જાના હૈ, ઈસને કોઈ પ્રણ ઠાના હૈ (૨)
ઈસીલીએ યહ નહીં ઠહરતી, હરદગ આગે કો ડગ ભરતી
સબહીકો યહ પાની દેતી, હરી ભરી કરતી હૈ ખેતી
કલ કલ ......

૨. જબ તક સરિતાકા જીવન હૈ, આગે બઢના ઉસકા ક્રમ હૈ (૨)
યહીં બાત નિત કહેતી જાતી, નદી હંમેશા બહતી જાતી
સબહીકો યહ પાની દેતી, હરી ભરી કરતી હૈ ખેતી
કલ કલ ......

૩. પા ન શકો મંઝીલકો જબતક, નામ ન લો રૂકને કા તબતક (૨)
સદા એક ઉદ્દેશ બનાઓ, ઉસી ઓર કો બઢતે જાઓ
સબહીકો યહ પાની દેતી, હરી ભરી કરતી હૈ ખેતી
કલ કલ ......

**રાગ :- બિલાવલ** | **<u>પ્રેરકગીત/કાવ્ય</u>** | **તાલ :- કહેરવા**

સ્થાયી :- લહેરોંસે ડરકર નૌકા પાર નહીં હોતી (૨)

કોશીષ કરને વાલોંકી હાર નહીં હોતી (૨)

નન્હી ચીંટીં જબ દાના લેકર ચલતી હૈ,

ચઢતી દિવારોં પર, સૌ બાર ફીસલતી હૈ,

અંતરા :- ૧. મનકા વિશ્વાસ રગોંમે સાહસ ભરતા હૈ,

ચઢકર ગીરના, ગીરકર ચઢના ન અખરતા હૈ,

આખિર ઉસકી મહેનત બેકાર નહીં હોતી,

કોશીષ કરને વાલોંકી હાર નહીં હોતી ..... લહેરોં સે .....

૨. ડુબકીયાઁ સિંધુમેં ગોતાખોર લગાતા હૈ,

જા-જાકર ખાલી હાથ લૌટ કર આતા હૈ,

મિલતે ન સહજ હી મોતી ગહરે પાની મેં,

બઢતા દૂના ઉત્સાહ ઈસી હૈરાની મેં,

મુઠ્ઠી ઉસકી ખાલી હર બાર નહીં હોતી,

કોશીષ કરને વાલોંકી હાર નહીં હોતી ..... લહેરોં સે ......

૩. અસફલતા એક ચૂનોતી હૈ સ્વીકાર કરો,

કયા કમી રહ ગઈ, દેખો ઔર સુધાર કરો,

જબતક ન સફલ હો, નિંદ ચૈનકી ત્યાગો તુમ,

સંઘર્ષો કા મૈંદાન છોડ મત ભાગો તુમ,

કુછ કિયે બિના હી જય જયકાર નહીં હોતી,

કોશીપ કરને વાલોંકી હાર નહીં હોતી ..... લહેરોં સે .....

**રાગ :- સારંગ** **અભિનય ગીત** **તાલ :- કહેરવા**

સ્થાયી :- ઢીંગલીનો દેશ ઢીંગલીનો દેશ

રૂડો રઢિયાળો મારો ઢીંગલીનો દેશ ....

ઢીંગલીનો દેશ ....

અંતરા :- ૧. ફરર ફરર ફૂંદડી ફરું, ફૂઁ... ફૂઁ... ફૂકડી કરું (૨)

લટક લટક લટકા કરું, મટક મટક મટકા કરું (૨)

ઢીંગલીનો દેશ .....

૨. પવન સાથે રમતો રમું, ભવન ભવન ભમતો ભમું (૨)

ગગનમાં યે ઘૂમતો ઘૂમું, બાળકોને બહું ગમું (૨)

ઢીંગલીનો દેશ .....

સુગમ સંગીત **ઉત્તરાયણ ગીત** તાલ :- કહેરવા

સ્થાયી :- ઉંચે ઉંચે લાલ્ લાલ ઝોલાં ખાય લીલો

ભૂરિયાને ધોળે પટ્ટે પતંગ મારો પીળો

રંગ જામ્યો રે આજે પેચનો ખેંચાખેંચનો ... રંગ જામ્યો રે ...

ઉંચે ઉચે ......

અંતરા :- ૧. ગુલાબી તો ગોથાં ખાય કાળીયો કપાય ,

લીલા ઉપર લંગર આવ્યું લીલો ઝોલાં ખાય ... (૨)

નાનાં ભૂલકાં પતંગ ઉડાડે ...

રંગ જામ્યો રે .... ઉંચે ઉંચે ....

૨. દોર અમારો લાલ લાલ ને પીળો છે પતંગ,

લીલા સાથે જામ્યો આજે લાલ-પીળોનો જંગ .... (૨)

ચારે દિશામાં પતંગ ઉડે ...

રંગ જામ્યો રે .... ઉંચે ઉંચે ....

૩. શીત સમીરે પતંગ ઉડે પીળો ઉંચે જાય

પૂંછડે બાંધ્યો ધોળીયાનો આજે દોર કપાય .... (૨)

વાદળ સાથે વાતો કરતો ....

રંગ જામ્યો રે .... ઉંચે ઉંચે ....

૪. વિવિધ ભાતના પતંગ ઉડે રંગબેરંગી દોર

આભ સાથે નર્તન કરતા જાણે નાચે મોર .... (૨)

વાદળે ઉડતાં હવાએ રમતાં ....

રંગ જામ્યો રે ..... ઉંચે ઉંચે .....

સુગમ સંગીત | **હાસ્ય ગીત** | તાલ :- કૂચ તાલ

સ્થાયી :- ફાંદાળું પેટ છે પપ્પાનું, ફાંદાળું પેટ છે પપ્પાનું (૨)
એને અડવા ના જોઈએ બ્હાનું બ્હાનું, બા... આ ... નું ...
હે ... હે ... હે .... ફાંદાળું પેટ છે .....

અંતરા :- ૧. પપ્પાના પેટનો મોટો વિસ્તાર છે,
અડધું છે શર્ટમાંને અડધું બહાર છે ..... (૨)
એને જોવા ના જોઈએ બ્હાનું બ્હાનું, બા.... આ.... નું ....
હે ... હે .... હે .... ફાંદાળું પેટ છે ....

૨. પપ્પાનું પેટ જોઈ બોલે છે મમ્મી,
ખાઓ કચુંબર ઉતારો ટમ્મી ... (૨)
તોયે ના માને મારી માનું માનું, મા ... આ... નું ...
હે ... હે .... હે .... ફાંદાળું પેટ છે ....

૩. આખી નિશાળમાં મારું હું ગપ્પાં,
સોટીથી પાતળા છે મારા પપ્પા .... (૨)
પપ્પાને કોણ છે જોવાનું જોવાનું જો... વા ... નું...
હે ... હે .... હે .... ફાંદાળું પેટ છે ....

સુગમ સંગીત | **બાળ ગીત** | તાલ :- કહેરવા

સ્થાયી :- રમકડાં રમકડાં રંગબેરંગી રમકડાં ... (૨)
હાઁ રે હાઁ ભાઈ રમકડાં .... (૨)

અંતરા :- ૧. રમકડાંનો રાજા બન્યો હું નામ છે મારું સસ્સાભાઈ ... (૨)
રાજાજીકી જય હો ...(૨) એક સાથ કૂચ કદમ .... (૨)
હા ... હા... હો... હો... રમકડાં ....

૨. શિયાળભાઈ તો પ્રધાન બનીને ફેર કૂંદરડી ફરે ફરે,
કૂતરાં ભાઈતો સિપાઈ બનીને હાંઉં હાંઉં કર્યા કરે

રાજાજીકી જય હો ...(૨) એક સાથ કૂચ કદમ .... (૨)

હા ... હા... હો... હો... રમકડાં ....

૩. નાના નાના પગ રાજાના કાન છે કેવા અણિયાળાં,

છાની માની ચાલ મજાની પૂંછડી પટપટ થાય

રાજાજીકી જય હો ...(૨) એક સાથ કૂચ કદમ .... (૨)

હા ... હા... હો... હો... રમકડાં ....

૪. હાથી ભાઇ આવ્યાં અને ઊંટભાઇ આવ્યાં,

વાઘ ભાઈ આવ્યાં અને રીંછ ભાઈ આવ્યાં,

રાજાજીને સલામ કરીને રસ્તે ચાલતાં થાય

એક સાથ કૂચ કદમ ... (૨)

હા ... હા... હો... હો... રમકડાં ....

નાના નાના રમકડાં, ચાવી વાળા રમકડાં

રમતાં ભમતાં રમકડાં, આભે ઉડતાં રમકડાં.

સુગમ સંગીત | **દેશ ભક્તિ ગીત** | તાલ :- કૂચ તાલ

સ્થાયી :- મા ભોમ.... મા ભોમ.....

મા ભોમ તારી આઝાદી કાજે, અર્પીશું બલિદાન

તન-મન-ધન સૌ તારાં કાજે, તું જ અમારી શાન

મા ભોમ..... મા ભોમ.... (૨)

અંતરા :- ૧. કોણ હશે જે ધન સંપત્તિને સાચવી ઘરમાં બેસે (૨)

તારી વિપદો જોઇ માતા કોણ ઠરીને રહેશે.... (૨)

દુશ્મન જ્યારે દ્વારે ઉભો...

દુશ્મન જ્યારે દ્વારે ઉભો તોળી બંદુક નાળ

સુખ સપનાને ફંગોળે સૌ બુલંદ કંઠે કહેશે

મા ભોમ..... મા ભોમ.... (૨)

૨. તું જ અમારી મનોકામના તું જ મનોરથ માડી (૨)
કંઇ નરવીરો સંત સુરાએ તારી કોખ ઉજાળી... (૨)
તારી ગૌરવ રક્ષા કાજે.....
તારી ગૌરવ રક્ષા કાજે ઉભા અમે નર-નાર
શેષ આ જીવન ચરણે અર્પી કરશું જય જયકાર
મા ભોમ..... મા ભોમ.....

**સુગમ સંગીત** **શાળા ગીત** **તાલ :- કહેરવા**

સ્થાયી :- રોજ નિશાળે જઇએ અમે રોજ નિશાળે જઇએ
ગાતા રમતાં અક્ષર સાથે ઓળખાણ કરી લઇએ
હો... હો... રોજ નિશાળે જઇએ....

અંતરા :- ૧. સાંભળી બોલી લખી વાંચીને ભઇલા ભાષા ભણીએ
સંખ્યાઓને સમજી સમજી ઝટપટ ગણિત ગણીએ
પવન ઝાડ પુષ્પોની સંગે રમતાં ઘેલાં થઇએ.
રોજ નિશાળે જઇએ....

૨. ભણતરનોના ભાર જરાયે ભણતર બિલકુલ સહેલું
તરંગ અને ઉલ્લાસની સાથે એમાં જ્ઞાન ભરેલું
હોંશે હોંશે ભણતાં ભણતાં ધ્યાન રમતમાં દઇએ.
રોજ નિશાળે જઇએ....

૩. ભારત દેશમાં આપણ સૌએ ભણવાના અધિકારી
ભાઇઓ બહેનો સૌને માટે ખુલ્લી નિશાળ અમારી
નવું નવું નિત જાણી લેવાનો લ્હાવો લૂંટી લઇએ.
રોજ નિશાળે જઇએ.....

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૪૪** **અભિગમ :- કાર્યશાળા**

**શિર્ષક :- ગીત સંગીત દ્વારા યોગ, સ્વાસ્થ્ય અને મૂલ્યલક્ષી શિક્ષણ (Education of yoga, physical education and value based education through music and songs)**

**સંબંધિત વિષયો :-** સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, જીવનલક્ષી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સંબંધી ક્ષમતાઓ.

**સૂચના :-** અહીં દર્શાવેલ લેખિત સાહિત્ય સામગ્રીમાંથી, નિદર્શન કરવામાં આવતા ગીત-સંગીતના માધ્યમ દ્વારા યોગ, સ્વાસ્થ્ય અને મૂલ્યલક્ષી શિક્ષણ અંગે શીખો અને સૂચવ્યા મુજબ ગાવાની સાથે ક્રિયા પણ કરતા જાવ.

૧. **आत्मा परमात्मा का मिलन ही योग है ।**

ચાલો ભાઈ રમતાં, રમતાં શીખીએ.. યોગ શિક્ષણની વાતો..
યોગ શિક્ષણની વાતો... યોગ શિક્ષણની વાતો...
યોગ એટલે શું ? આત્માનું પરમાત્મા સાથે જોડવું
તેનું નામ 'યોગ' ભાઈ તેનું નામ 'યોગ'

૨. **तन + मन का बेलेन्स ही योग है ।**

ચાલો ભાઈ રમતાં, રમતાં શીખીએ.. યોગ શિક્ષણની વાતો..
યોગ શિક્ષણની વાતો... યોગ શિક્ષણની વાતો...
યોગ એટલે શું ? યોગ એટલે બેલેન્સ તનનું અને મનનું ......

૩. **'स्व' का दर्शन, 'स्व' अध्ययन**

**स्व का चेकिंग ही योग है ।**

આ જિંદગીના ચોપડામાં સરવાળો માંડજો ... (૨)
મનને મહેતાજી કરી કામે લગાડજો.... આ જિંદગી....
આજ સુધી જીવ્યા છો ? કેટલું ને કેવું ? કેટલી કમાણી કરી કેટલું છે દેવું
કાઢી સરવૈયું કોઈ સંતને બતાવજો.... આ જિંદગી....
કેટલી સુધારી વૃત્તિ કેટલી બગાડી, ક્યા પાટે ચાલી રહી જિંદગીની ગાડી
પ્રભુ પંથે પામવાને પાટા બદલાવજો... આ જિંદગી....
જમા ને ઉધાર તણો કાઢજો તફાવત, કેટલી પ્રભુના નામે કરી છે બનાવટ
એક એક પાનું ચિંતનથી ચકાસજો... આ જિંદગી.....

૪. **श्वास प्रश्वास में स्थित होना ही योग है ।**

साँसों के तार तार में, प्रभु प्यार को पीरोलो - (२)
शुभ कर्म करके पुन्य का (२) जीवन में बीज बोलो... साँसों के....

जीवन का एक एक पल अनमोल है खजाना
इन में से एक पल भी नहीं लौट के ही आना
आनंद रस से अपना अंतःकरण भिगोलो... साँसों के....

जाने की ये निशानी मीठी सी मीठी बानी
मीठे से बोल में है प्रभुकी झलक सुहानी
बोलो तो मीठे बोल ही अमृत हृदय मे घोलो - (२) साँसों के तार तार में

गीतों का रंग सुनाकर, वो मिट गया अंधेरा
खुलती जहाँ पे आँखे होता वहाँ सवेरा
तेरे द्वार प्रभु पधारे, अंतर के नैंन खोलो - (२)
साँसों के तार तार में प्रभु प्यार को (२) शुभ कर्म करके.....

## ५. खुदा को देख खुद का परविर्तन करना ही 'योग' है

निर्मल हो जीवन अपना हो संकल्प विमल (२)
खुद को हम बदलें ईतना, जग में जाये बदल (२)
आत्म परिवर्तन करले, विश्व परिवर्तन करले
भला करो और जाओ भूल, (२) हो अपना बस वही असूल,
शूल बिछाएँ कोई पथ में , रोज बींछाना हम को फूल (२)
शुभ संकल्पो के मोती सुख के रचे महल (२)
खुद को हम बदलें इतना जग में ये जाय बदल (२)
आत्म परिवर्तन करले, विश्व परिवर्तन करले
हम सुधरे... जग सुधरेगा, हम बदले जग बदलेगा
परिवर्तन के पुन्य कर्म मे सर्वण में सुरज निकलेगा
सुन्दर सुखद सलोना है, राजयोग का फल
खुद को हम बदले इतना जग में जाय बदल (२)
आत्म परिवर्तन करले, विश्व परिवर्तन करले

## ६. संस्कारो का चणतर और घडतर करना ही योग है

છીએ અમે નાનાજી, પણ વિચારો મોટાજી.... (૨)
મોટા થઈને હરિ ભજાય, એ વિચારો ખોટાજી.... (૨)
ખોટાજી ભાઈ ખોટાજી.. (૨) લા..લ..લ..લા.. લા..લ..લ..લા..
અ..આ..આ..અ..અ..

રોજ સવારે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવું... બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવું... (૨)
બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવું, કરવા શુભ વિચાર, (૨) ઊષઃ પાન ન ભુલવું
પછી શૌચ સંચાર... (૨)
રોજ સવારે વહેલાં ઊઠવું... વહેલાં વહેલાં ઊઠવું
રાતે વહેલાં જે સૂવે, વહેલાં ઊઠે વીર, બળ બુદ્ધિ ધન બહુ વધે સુખમાં રહે શરીર.... (૨)
વહેલાં ઊઠીએ, બાને ઊઠાડીએ, બાપુને ઊઠાડીએ, દાદાને ઊઠાડીએ,
વહેલાં ઊઠીએ દાતણ કરીએ આવડ, બાવડ, લીમડાનું દાતણ,
દાતણ કરીએ કોગળા કરી ને... ગુળ..ગુળ..ગુળ.. આ.. ગુળ..ગુળ..ગુળ.. આ..
ઠંડા પાણી સ્નાન કરીએ.. મંદિર જઇએ,, પૂજા કરીએ મસ્જિદ જઇએ નમાજ પઢીએ
ચર્ચમાં જઇ અમે શાંત થઇએ ધ્યાનમાં બેસીએ... યોગાસન કરીએ...
બા.. બાપુજીને પ્રણામ કરીએ
માતૃ દેવો ભવઃ પિતૃ દેવો ભવઃ અતિથિ દેવો ભવઃ આચાર્ય દેવો ભવઃ પરસ્પર દેવો ભવઃ
દફતર લઇને નિશાળે જઇએ નિશાળે જઇ ભણીએજી....
ભણીએજી.... છીએ અમે નાનાજી....

## ૭. पल पल का सद्उपयोग ही योग है ।

જીવનની આ પળ અણમોલ, તારા અંતર પટને ખોલ,
એકવાર તો પ્રેમથી બોલ
હું એક આત્મા, તું એક આત્મા, આત્મા... આત્મા ભાઇ ભાઇ,
આપણા સૌના પરમાત્મા.
રાગ દ્વેષના બંધન છોડ, પુણ્ય તણું ભાથું તું જોડ,
એકવાર તું દિલથી બોલ....
ન્યારી આત્મા, પ્યારી આત્મા, પવિત્ર આત્મા, શુદ્ધ આત્મા,
શાંત આત્મા, સુખી આત્મા,
ભૂલ થયેલી સુધારી લે, એ જ સાચો માનવ છે, હારી બાજી જીતી લે,
એમાં તારું ડહાપણ છે.
એકવાર તું દિલથી બોલ, બુદ્ધમ્ શરણમ્ ગચ્છામી,
સંઘમ્ શરણમ્ ગચ્છામી....
રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતારામ, ઈશ્વર અલ્લા તેરો નામ
સબકો સન્મતિ દે ભગવાન, ભલું કરો ભાઇ ભલું કરો સૌ જનનું ભલું કરો

८. **कर्मेन्द्रियो पर कंट्रोल ही योग है ।**

न देख देख देख बुरा.. किसी का बुरा देखना नहीं उसका नाम 'योग'
न सोच सोच बुरा.. किसी की बुरा सोचना नहीं उसका नाम 'योग'
न बोल बोल बोल बुरा... किसी का बुरा बोलना नहीं उसका नाम 'योग'
न सुन सुन सुन बुरा... किसी का बुरा सुनना नहीं उसका नाम 'योग'
न कर कर कर बुरा... किसी का बुरा करना नहीं उसका नाम 'योग'

**नोंध :-** બાળકોને વિવિધ ધ્યાનના આસનો જેવા કે સુખાસન, વજ્રાસન,સ્વસ્તિકાસન, પદ્માસનમાં બેસાડી ઉપરોક્ત ગીત ગવડાવવું. અનુક્રમે બન્ને હાથ, આંખ, મગજ, મોં, કાન, હાથ પર રાખવા.

૯. **तन मन की पवित्रता ही योग है ।**

पवित्र मन रखो, पवित्र मन रखो (२) पवित्रता मनुष्यता की शान है
जो मन, वचन, कर्म से पवित्र है, वो चरित्रवान ही यहाँ महान है ।
पवित्र मन रखो...... पवित्र तन रखो.... (२)
बडा ही मुल्यवान है, तुम्हारा ये जन्म (२)
जगत की कर्मभूमि में करो भले करम, करो भले करम
अच्छे रखो विचार, उत्तम करो व्यवहार आदर्श व्यक्ति की, यह पहचान है ।
जो मन वचन, कर्म से पवित्र है । वो चरित्रवान ही यहाँ महान है ।
पवित्र मन रखो...... पवित्र तन रखो....
तुम अपनी आँखें में अमृत रखो विमल विमल, सदा विमल विमल (२)
तुम्हारी वाणी में माधुर्य हो सरल सरल, सदा सरल सरल
तुम होके निर्विकार, सबका करो सत्कार (२) ये जन्म तुम्हारा, इम्तेहान है
जो मन, वचन, कर्म से पवित्र है वो चरित्रवान ही यहाँ महान है ।

१०. **भला बोलना, सोचना और करना ही योग है ।**

करते चलो सबका भला,जीवन को जीने की यह है कला (२)
करते चलों, सबका भला ....
कर्म करो, निःस्वार्थ करो, पुण्य करो, परमार्थ करो ।
दिल से प्रभुको प्रेम करो, योगी बनो, पुरुषार्थ करो ।
इसके बिना, जीवन, क्या है भला
जीवन को जीने की यह है कला (२)

करते चलो, सबका भला, जीवन, जीने की, यह है कला (२)
जीवन उनका अनमोल है, शीतल ज़िनके बोल है ।
प्रभु पसन्द, रहे जग में, उनका ही जग में मोल है ।
कर भला तो, होगा भला, जीवन के जीने की यह है कला । (२)
करते चलो, सबका भला..... (२)

**११. बदला नहीं लेना लेकिन बदलके दिखाना ही योग है ।**

बदला नहीं लेना किसी से, बदल के हमको दिखाना है
अवगुण हम-तुम क्यों देखें, सच्चे गुण अपनाना है । बदला नहीं ....

एक पिता-के हैं हम बच्चे, एक ही कुल के भाँती हैं
एक ही है स्वधर्म हमारा एक ही घर के वासी हैं
एकता वाला पाठ हमें औरों को समझाना है । बदला नहीं .....

हम बच्चे हैं प्रेम के सागर, सबको प्रेम सिखायेंगे
अपने कर्मो के द्वारा हम, जग को स्वर्ग बनायेंगे
देवता बनना लक्ष्य हमारा, सबको देव बनाना है । बदला नहीं ....

बनकर के हम ज्ञान का सूरज, दुनिया को चमकायेंगे
चंदा-सा बनके शीतल, शीतलता बरसायेंगे
सर्वगुणों की भरकर झोली सबको गुणी बनाना है । बदला नहीं .....

**१२. ओम् का महीमा करना ही योग है ।**

ओम् है जीवन हमारा, ओम् प्राणाधार है ।
ओम् है कर्ता-विधाता, ओम् पालनहार है ।
ओम् है दुःख का विनाशक, ओम् सर्वानन्द है ।
ओम् है बल-तेजधारी, ओम् करुणाकन्द है ।
ओम् सबका पूज्य है, हम ओम् का पूजन करें ।
ओम् ही के गुरुमन्त्र जपने से रहेगा शुध्ध मन ।
बुध्धि दिन-प्रतिदिन बढेगी धर्म में होगी लगन ।
ओम् के जप से हमारा ज्ञान बढता जाएगा ।
अन्त में यह ओम् हमको मोक्ष तक पहुँचाएगा ।

**१३. भगवान को सच्चा साथी बनाना ही योग है ।**

भगवान हमारा साथी है..... (२) आ... आ... आ... (२)

हम उनके संग संग रहते है..... (२) वो अपने संग संग रहता है.... (२)
जैसे दिपक में बाती है।.... (२) भगवान हमारा साथी है.... (२)

## *ગીત-સંગીત દ્વારા શરીરના પ્રત્યેક અંગોમાં સ્ફૂર્તિનો સંચાર કરીએ*

### આંખની કસરત

ટીન ટીક ટીક. ટીન ટીક ટીક, ટીન ટીક ટીક ટરરા..... (૨)

ટુરર ર રર રરપ.... (૨)

### ગળાની કસરત

નોંધ :- આંખની કસરત જેમ જ.

### ખભાની કસરત

નોંધ :- આંખ તેમજ ગળાની જેમ જ કરવી.

### કોણીની કસરત (ચપટી સાથે)

**કસરત-૧ :** ટીન ટીક.. ટીન... ટીક ટરરરા.. (૨)

ટરરર ટરરર ટરરરા... (૨)

નોંધ : બન્ને હાથ આગળ તરફ સીધા રાખી કોણીને અંદરથી બહાર અને બહારથી અંદર ૧ થી ૮ કાઉન્ટ

**કસરત-૨ :-** ઉપર મુજબ કોણીની કસરતનું સંગીત.

નોંધ : બન્ને હાથ આગળથી સીધા રાખી સ્ક્રૂ ટાઇટ કરતાં હોઇએ તે રીતે કસરત કરવી. જેથી સમગ્ર હાથને કસરત મળે,

**કસરત-૩ :-** ઉપર મુજબ કોણીની કસરતનું સંગીત

નોંધ : બન્ને હાથ પંજા વડે કાંડાથી માંડી ખભા સુધી સમગ્ર હાથને દબાવવા યાને કે એક્યુપ્રેશર આપવું.

### કાંડાની કસરત

**કસરત-૧ :** સંગીત કોણીની કસરત જેમ જ. જેમાં બન્ને હાથને એકમેકમાં ભેરવી કરો અને અનિંદ્રા દૂર કરો.

**કસરત-૨ :-** બન્ને હાથના કાંડાને લુઝ છોડી હલાવવા.

### કાંડાની કસરત

હરિ રે... હરિ ભજલો મનથી ફરીરે ફરી... (૨)

જાય ભજતાં મનડું ઠરીરે ઠરી... (૨) હરિ રે... હરિ

**નોંધ :-** ઉપરનું ગીત ગાતા બન્ને હાથના કાંડાને પ્રથમ લુઝ છોડી હલાવવા. ત્યારબાદ મુઠ્ઠી ખોલવી-બંધ કરવી. ત્યારબાદ પેન પેન્સીલ પકડતા હોય તેમ કરવું. આ બધી ક્રિયા તાલ સાથે ગીત સાથે જ કરવી. અક્ષર સુધારવા માટે બહુ જરૂરી.

### કમરની કસરત

ઘરરર. ઘરરર.. ઘંટુડી ઘરડા બાની ઘંટુડી

કમર સીધી કરતી રે... પેટનો ગેસ દૂર કરતી રે

કેવી મઝાની ઘંટુડી... રોજ ફેરવો ઘંટુડી

ઘરમાં લાવો ઘંટુડી... શ્યામા બેનની ઘંટુડી

અચ્છેર પાશેર દળતા જાઓ... કમર સીધી કરતા જાઓ...

પેટનો ગેસ દુર કરતી રે... ભૂલાઇ ગયેલી ઘંટુડી...

યાદ કરો રે ઘંટુડી... વારસામાં આપો ઘંટુડી...

પ્રેઝન્ટમાં આપો ઘંટુડી... કાશી બાની ઘંટુડી...

**નોંધ :-** ઘંટુડીની કસરત ઘડિયાળની દિશામાં અને વિરૂદ્ધ દિશામાં કરવી અને ગીત ગાતા જવું.

### કમરની કસરત ભાગ-૨

હઇયા ઓ.. હઇયર, હયા હયા હો... (૨)

હોડીવાલા.... હોડી હંકાર, પેટનો ઘટાડ... (૨)

કિનારે... કિનારે... કિનારે... રે... (૨)

નોંધ :- આ ક્રિયા કરતા નૌકા ચલાવતા હઇએ તેવી એકશન કરવી

### સાયકલીંગ

સાયકલ મારી સરરવ જાય.. આગળ પેડલ મારતી જાય...

પાછળ પેડલ મારતી જાય.. પેટ મઝાનું બનાવતી જાય

### અર્ધ-પૂર્ણ બટર ફલાઇ

આવો પંખી, કુદરતી સંગી, બાલુડાના સંગી,

રંગબેરંગી આવો આવો આંગણે....

**નોંધ :-** ક્રિયા કરતાં કરતાં બાળકોને ગીત ગવડાવતાં જાઓ.


**પ્રવૃત્તિ ક્રમાંક :- ૪૫** **અભિગમ :- કાર્યશાળા**

**શિર્ષક :- ભૌમિતિક આકારોનું સંયોજન (Combination of Geometrical shapes)**


**સંબંધિત વિષયો :-** ચિત્ર, ગુજરાતી, પર્યાવરણ અભ્યાસ, ગણિત, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**આવશ્યક સામગ્રી :-** ડ્રોઈંગ પેપર, પેન્સિલ

**૧. સૂચના :-** નીચે દર્શાવેલાં વિવિધ આકારોનું સંયોજન કરીને શક્ય તેટલા વધુ વિવિધ ચિત્રોનું નિર્માણ કરો. કોઈપણ આકારનો જરૂરિયાત અનુસાર જેટલી વાર ઉપયોગ કરવો હોય તેટલી વાર કરો. જરૂરી ન જણાય તો ઉપયોગ કરવાનું ટાળો. ચિત્રમાં આકારો કદમાં નાના મોટા દર્શાવી શકાય. પરંતુ ખાસ યાદ રાખો કે આપેલાં આકારો સિવાય અન્ય કોઈ આકારો ચિત્ર દોરવા માટે ઉપયોગમાં લેવા નહિ.



**દા.ત.**



**૨. સૂચના :-** ઉપર દર્શાવ્યા મુજબના જુદાં જુદાં આકારો પૈકી કોઈપણ એક આકાર પસંદ કરીને તેનું બે, ત્રણ, ચાર કે તેથી વધુ વખત પુનરાવર્તન કરીને સુંદર ચિત્રની રચના કરો. આકારોને ઉલટ-સુલટ કરી શકાશે.

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૪૬** **અભિગમ :- કાર્યશાળા**

**શિર્ષક :- શબ્દો પણ અને ચિત્રો પણ (Words and pictures)**


**સંબંધિત વિષયો :-** ગુજરાતી, પર્યાવરણ અભ્યાસ, ચિત્ર, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ.

**જરૂરી સામગ્રી :-** કોરો કાગળ, પેન્સિલ


**સૂચના :-** અહીં આપેલાં શબ્દ ચિત્રોનું અવલોકન કરીને આ પ્રકારનાં વિવિધતમ શબ્દ ચિત્રોનું નિર્માણ કરો.

**CREATIVITY PROGRAMME**

(૧) ધજા



(૨) લોટો



---


**પ્રવૃત્તિ ક્રમાંક :- ૪૭** **અભિગમ :- કાર્યશાળા**

**શિર્ષક :- કલ્પનાશક્તિની તીવ્રતા (Flow of imaginative power)**

**સંબંધિત વિષયો :-** ચિત્ર, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ


**સૂચના :-** અહીં કેટલાક પ્રતીક ચિત્રો આપ્યાં છે. તે જોઇને તમારા મનમાં કોઇક એક અથવા તેથી વધારે શબ્દો સ્ફૂરે તેવું છે. ચિત્ર દ્વારા જેનું સૂચન થતું લાગતું હોય તે શબ્દ અથવા શક્ય તેટલાં વધારે શબ્દો, ચિત્રનો ક્રમ નંબર એક કાગળ પર લખી તેની સામે લખતાં જાવ. ક્યારેક એક જ શબ્દ એકથી વધારે ચિત્ર સાથે બંધ બેસતો હોય તેમ લાગે તો તેવા શબ્દનું પુનરાવર્તન કરી શકાય.

**દા.ત. પ્રતીક ચિત્ર**



**પ્રતિક ચિત્ર દ્વારા સ્ફૂરેલાં શબ્દો**

દા. ત. ભૂમિતિ, તીક્ષ્ણ, ધજા




પ્રવૃત્તિ ક્રમાંક :- ૪૮ અભિગમ :- કાર્યશાળા

**શિર્ષક :- ચિત્ર વર્કશીટની રચના (Preparation of picture work sheets)**

**સંબંધિત વિષયો :-** ચિત્ર, પર્યાવરણ અભ્યાસ, ગુજરાતી, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ.

**આવશ્યક સામગ્રી :-** ડ્રોઈંગ પેપર, પેન્સિલ, કૉમ્પ્યુટર

**સૂચના :-** અહીં દર્શાવેલી નમૂનાની ચિત્ર વર્કશીટનું અવલોકન કરીને તે મુજબ વિવિધ આકારો જેવાં કે વર્તુળાકાર, ચોરસ, ત્રિકોણ, લંબચોરસ, નળાકાર, શંકુ વગેરેને મુખ્ય આધાર તરીકે લઇને તેમાંથી પ્રાથમિક શાળાના બાળકોને ધ્યાનમાં રાખીને તેમનું હસ્ત કૌશલ્ય વિકસાવી શકાય તે હેતુસર માર્ગદર્શનરૂપ, સોપાન સહિતની અવનવા ચિત્રોનું નિરૂપણ કરતી, શક્ય તેટલી વધુ ચિત્ર વર્કશીટ તૈયાર કરો અને પ્રત્યેક ચિત્રને સંબંધિત શિર્ષક આપો. વર્કશીટની રચના કરવા કૉમ્પ્યુટરનો ઉપયોગ કરવો આવશ્યક છે. ઓછામાં ઓછી એક વર્કશીટ કૉમ્પ્યુટરની મદદથી તૈયાર કરવાની રહેશે.




(પતંગિયું)

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૪૯** **અભિગમ :- કાર્યશાળા**

**શિર્ષક :- ચિત્રાત્મક અભિવ્યક્તિ (Pictorial presentation)**

**સંબંધિત વિષયો :-** ચિત્ર

**(૧)** સૂર્યના ચિત્રને તદ્દન નવા દષ્ટિકોણથી રજૂ કરો. ચિત્ર રજૂ કરતી વેળાએ તમારી આત્મસૂઝ અને કલ્પના શક્તિ નો યોગ્ય ઉપયોગ કરો.

**(૨)** કોઈપણ એક રેખાને કેટલી જુદી જુદી રીતે રજૂ કરી શકાય ? રેખાની ભિન્ન ભિન્ન રજૂઆતો દ્વારા કોઈ આકાર કે ચિત્ર નિર્માણ કરવાનું નથી, પરંતુ રેખાના વૈવિધ્યપૂર્ણ વળાંકો શક્ય તેટલી જુદી જુદી રીતે રજૂ કરવાના છે. પ્રયત્ન કરી જુઓ.

**(૩)** નીચે દર્શાવેલાં શબ્દોના ભાવ મુજબની કોઈ કાલ્પનિક રચના/ચિત્ર રજૂ કરો. ચિત્રમાં રંગો પૂરવાની આવશ્યકતા લાગે તો તેમ પણ કરી શકો.

ભય, શાંતિ, ધ્રુજારી, શક્તિ, ઉગ્રતા, ભયાનકતા, મનોરંજન, તાજગી, ઠંડક, આરામ.

**જરૂરી સામગ્રી :-** • પેન્સિલ • વૉટર કલર • ડ્રોઈંગ પેપર • પીંછી • સ્કેચપેન

**નોંધ :-** ઉપરોક્ત પ્રવૃતિ કોમ્પ્યુટરની મદદથી પણ હાથ ધરી શકો.

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૫૦** **અભિગમ :- કાર્યશાળા**

**શિર્ષક :- ચિત્રો અને સૂત્રો દ્વારા જાગૃતિ (Awareness through Pictures & Sloguns)**

**સંબંધિત વિષયો :-** ચિત્ર,પર્યાવરણ અભ્યાસ, ગુજરાતી, સંકલ્પના સંબંધી ક્ષમતાઓ, જીવનલક્ષી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સંબંધી ક્ષમતાઓ, સંદર્ભમૂલક ક્ષમતાઓ

**સૂચના :-** અહીં આપેલા કેટલાંક વિષયો પૈકી પસંદગીના એક વિષય પર તમારી કલ્પના અને નવિનતમ વિચારોના આધારે એક ચિત્રનું નિર્માણ કરો. ચિત્રમાંથી વિષય આધારિત સંદેશો ફલિત થતો હોય તેવો પ્રયાસ કરો. ચિત્ર દોર્યા બાદ ચિત્રની નીચે પસંદ કરેલાં વિષય પર આધારિત સૂત્રો (**Sloguns**) શક્ય તેટલા વધારે સંખ્યામાં લખો. પ્રસ્તુત પ્રવૃત્તિનો હેતુ ચિત્ર અને સૂત્રો દ્વારા જનજાગૃતિ લાવવાનો હોવાથી તે બાબતને લક્ષમાં રાખવી જરૂરી છે. વધુ વિગત માટે ઉદાહરણનો અભ્યાસ કરો.

**વિષયો :-** • જળ એ જ જીવન • નિરક્ષરતા એક કલંક • વસ્તી વિસ્ફોટ એક સમસ્યા • પ્રદૂષણ એક સમસ્યા • શાળા પ્રવેશોત્સવ • ભાર વિનાનું ભણતર • કન્યા કેળવણી

**આવશ્યક સામગ્રી :-** પેન્સિલ, ડ્રોઈંગ પેપર, વૉટર કલર, પીંછી

**ઉદાહરણ :- વૃક્ષોનું જતન**



**સૂત્રો :-**

- વૃક્ષો વાવો, આબાદી લાવો
- મત કાટો પ્યારે જંગલ, હો જાએગા અમંગલ
- વૃક્ષો વાવો, વરસાદ લાવો
- વન એ જ સાચું ધન

---

**પ્રવૃત્તિ ક્રમાંક :- ૫૧** **અભિગમ :- કાર્યશાળા**


**શિર્ષક :- ચિત્ર વાર્તા (Pictorial Story)**

**સંબંધિત વિષયો :-** ગુજરાતી, પર્યાવરણ અભ્યાસ, ચિત્ર, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-** અહીં દર્શાવેલાં ચાર ચિત્રોના સમૂહને આધારે તમારી કલ્પનાશક્તિનો ઉપયોગ કરીને ટૂંકી વાર્તા લખો અને તેને અનુરૂપ શક્ય તેટલા વધુ શિર્ષક આપો.

આ પ્રવૃત્તિનો આધાર લઈને બાળકોને રસ પડે તેવાં ક્રમિક ચિત્રોની એક ટ્રાન્સપરન્સી તૈયાર કરો, અને તેને અનુરૂપ ટૂંકું લખાણ સરળ શૈલીમાં તૈયાર કરો.

**આવશ્યક સામગ્રી :-** OHP - ટ્રાન્સપરન્સી, OHP - માર્કર પેન.







**પ્રવૃત્તિ ક્રમાંક :- ૫૨** **અભિગમ :- પ્રવૃત્તિલક્ષી**

**શિર્ષક :- ટેનગ્રામ (Tengram)**

**સંબંધિત વિષયો :-** ગુજરાતી,ગણિત, પર્યાવરણ અભ્યાસ, અંગ્રેજી, ચિત્ર, શિક્ષણ વ્યવહાર સંબંધી ક્ષમતાઓ

**સૂચના :-** એક ચોરસ કાર્ડપેપર/પૂઠામાંથી નીચે દર્શાવ્યા મુજબના સાત ટૂકડાંનું કટીંગ કરી, આ સાતેય ટૂકડાઓને જુદી-જુદી રીતે ગોઠવીને શક્ય તેટલી વિવિધ પ્રકારની ભાત અથવા આકારો બનાવો. દરેક નવી ભાત/આકારને કાગળ ઉપર દોરતાં જાવ.

**આવશ્યક સામગ્રી :-** • કાર્ડ પેપર/પૂઠું • કોરા કાગળ • પેન્સિલ • કાતર/કટર

